# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION GRWB/057/BHARUCH/02

# બરકાતે ખ્વાજા برکاتِ خواجہ

(માસિક)


"બરકાતે ખ્વાજા" (માસિક)

૧-જાન્યુઆરી-૨૦૦૫

ઝી કઅદા શરીફ-ઝીલ હજ્જ

હિ.સ. ૧૪૨૫

વર્ષ : ૦૨ અંક : ૦૧, સળંગ અંક : ૧૩

★ સ્થાપક અને પ્રકાશક ★

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા

તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂ. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ ગૌષ કા પ્યારા બરેલ્વી ★

અઝ : આકિબખાન બરકાતી પેટલાદી

બખ્શા હૈ હમ કો ગૌષને ઐસા બરેલ્વી
હમ સુન્નીયોં કા અબ હૈ અકીદા બરેલ્વી

દંદાં શિકન જવાબ અદૂ એ રસૂલ કો
દેને ઉઠા થા કૌન ? અકેલા બરેલ્વી

શેરે રઝા કો દેખા તો નજદી યૂં કેહ ઉઠે
અબ અપની ખૈરીય્યત નહીં આયા બરેલ્વી

મસ્લક કે એતેબાર સે મૈદાને હશ્રમેં
હમ કો પુકારા જાએ ખુદાયા બરેલ્વી

માને ન માને કોઈ મગર બાત સાફ હૈ
સુન્ની કો કેહ રહા હૈ ઝમાના બરેલ્વી

હમ સુન્ની જન્નતી કા શહેન્શાહ કૌન હૈ ?
અહમદ રઝા વો ગૌષ કા પ્યારા બરેલ્વી

બરકાતીય્યત કે ફૈઝ સે આકિબ હૂં માલામાલ
મુઝ કો ભી કેહ રહી હૈ યે દુન્યા બરેલ્વી


નૂરાની આર્ટ, દયાદરા

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧,

મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩



★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


નોંધ : ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) જાન્યુઆરી-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૦૧ ★ સળંગ અંક : ૧૩


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ** : કહેવાતી એકતાની ભયાનક ભીતરમાં ડોકિયું !! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૦ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૧ |
| ૦૫. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૧૩ |
| ૦૬. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૪ |
| ૦૭. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૫ |
| ૦૮. | ઈમામ અહમદ રઝા ઔર એહ્‌તેમામે નમાઝ | **અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | ૧૭ |
| ૦૯. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૨ |
| ૧૦. | હજ્જમાં શરૂથી અંત સુધીનાં કામો | **કાર્યાલય** | ૨૪ |
| ૧૧. | કુર્બાનીના મસાઈલ | **રજૂ.** હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી | ૨૫ |
| ૧૨. | લિબાસે રસૂલ ﷺ | **લેખક** : પ્રોફેસર ડો. મસ્ઊદ અહમદ (પાક.)<br>**અઝ** : મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી (વાગરા) | ૩૦ |
| ૧૩. | સૂતેલાઓની વાતો | **કહેનાર** : હઝરત મૌલાના હસન આદમ કોલવનવી | ૪૦ |
| ૧૪. | ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝોહરા | **મૂળ લેખક** : હઝરત અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતી<br>**ઉર્દૂ અનુવાદક** : હઝરત મૌલાના મુફ્તી અમાનુર્રબ સાહબ<br>**અનુવાદક** : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી–સેગવા | ૪૩ |
| ૧૫. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૫ |
| ૧૬. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |

હે ઈમાનવાળાઓ ! સાવધાન ! ખબરદાર !

# કહેવાતી એકતાની ભયાનક ભીતરમાં ડોકિયું !!

તંત્રી લેખ......

દસ્ત તો દસ્ત હૈ દરયા ભી ન છોળે હમને
બહરે ઝુલ્માત મેં દૌળા દિયે ઘોળે હમને

દી અઝાનેં કભી યૂરપ કે કલીસાઓંમેં
કભી અફ્રીકા કે તપતે હુએ સહરાઓંમેં

શાન આંખોં મેં ન જચતી થી જહાંદારોં કી
કલ્મા પળહતે થે હમ છાઓંમેં તલવારોં કી

વો ઝમાને મેં મોઅઝ્ઝઝ્ થે મુસલમાં હોકર
ઔર હમ ખાર હુએ તારિકે કુર્આં હોકર

એક સમય એવો હતો કે મુસલમાન જ્યાં જ્યાંથી પસાર થતો ત્યાંની દરો દીવારેથી અલ્લાહના એક હોવાના કલમાનો અવાજ આવતો. વરસોથી કુફ્ર શિર્કમાં પડેલા લોકો, વરસોથી આગ તથા પથ્થરની પૂજા કરનારાઓ પળવારમાં એક અલ્લાહની ગવાહી આપવા લાગતા અને ઈસ્લામમાં પ્રવેશી જતા હતા. કોણ નથી જાણતું ! હાલની દુનિયા લાખ જૂઠલાવે પણ ઈતિહાસ સાક્ષી છે કે રસૂલે ખુદા ﷺ ના એક ઈશારા પર કાફિરના હાથમાં કાંકરીઓ કલમો પઢતી હતી, રસ્તે ચાલતાં પહાડ પથ્થર રસૂલે પાક ﷺના વિશે અલ્લાહના રસૂલ હોવાની ગવાહી આપતા હતા, વનસ્પતિ ઝાડો રસૂલે ખુદાના વિશે ગવાહી આપતાં હતાં, મૂર્તિઓ સજદામાં પડી જતી હતી.

અરે ! રસૂલ તો રસૂલ છે, આપના ગુલામોના ગુલામોના કમાલનો એ આલમ હતો કે જે વસ્તીમાં થઈને પસાર થતા બલ્કે ગૈરોના ધાર્મિક સ્થળોએથી પસાર થતા તો તેમના પૂજારીઓને ઈસ્લામની હક્કાનિયત એક પળના ચમત્કારમાં સમજાવી દેતા અને વરસોથી ગૈર ખુદાને ઝુકનારા તૌબા કરીને એક અલ્લાહની ઈબાદતમાં લાગી જતા ! ઉલ્ટાવો ઈતિહાસનાં પાનાંઓ અને જોઈ લો કે મુસલમાનની શું શાન હતી !

એક વાર એવો જ એક મર્દે ખુદા બગદાદની ગલીઓમાંથી પસાર થઈ રહ્યો છે. તેની નજર અગ્નિપૂજકો પર પડી. એ મર્દે હક્કે તે પૂજારીઓને બોલાવ્યા. તેમણે એ મર્દે હક્ક તરફ જોયું તો આપના

ઈમાની પ્રભાવથી તેઓ ભયભીત થઈ ગયા અને આપના કદમોમાં ઝુકી પડયા. આપે પૂછયું, ''નાદાનો ! અગ્નિને શા માટે પૂજો છો અને ખુદા પાકની પૂજા શા માટે નથી કરતા ?'' તે લોકોએ જવાબ આપ્યો, ''અમે દોઝખની આગથી ઘણો જ ભય અનુભવીએ છીએ, એના ડરથી જ અગ્નિને પૂજીએ છીએ.'' તે મર્દે હક્કે કહ્યું, ''આગ તો અલ્લાહની તાબે છે, તેના હુકમ વિના કોઈને બાળી શકતી નથી.'' તેમણે કહ્યું, ''આપ ખુદાની ઈબાદત કરો છો તો શું આગ આપને બાળશે નહીં ?!'' તે મર્દે હક્કે કહ્યું કે, ''ખુદાના હુકમ વગર આગ મને તો શું મારી જુતીઓને પણ બાળી નથી શકતી ! '' આમ કહીને આપે જુતીઓ આગમાં ફેંકી દીધી અને ખુદાના હુકમથી આપની જુતીઓ પર આગની જરાય અસર ન થઈ ! તો આ ચમત્કાર (કરામત) જોઈને અગ્નિપૂજકો તૌબા કરીને મુસલમાન થઈ ગયા. જાણો છો એ બુઝુર્ગ કોણ હતા ? એ હતા સુલતાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ ! (رحمۃ اللہ علیہ) *(મસ્સાલિકુસ્સાલિકીન, ભાગ–૨, પેજ–૨૮૫)*

આવાં અસંખ્ય દષ્ટાંતો ઈસ્લામી ઈતિહાસમાં જોવા મળે છે કે મર્દે મો'મિનની નિગાહો પડતાં જ કુફ્રો શિર્કનાં માળખાં વિખેરાઈને વરસોના શિર્કમાં ખૂપેલા લોકોના દિલોની દુનિયામાં ક્રાંતિ સર્જાઈ જતી હતી અને તેઓ એક અલ્લાહની તથા મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના તેના રસૂલ હોવાની ગવાહી આપવા માંડતા હતા.

અફસોસ ! કે આજે પરિસ્થિતિ તદ્દન વિપરિત થતી જઈ રહી છે. આજે ઈસ્લામનો કલ્મો પઢનારા જ એકતાના નામે ક્યાંક પૂજાવિધિઓમાં ભાગ લેવા માંડયા છે, તો વળી ક્યાંક મૂર્તિનાં સરઘસોનાં સ્વાગત માટે ઉભેલા જોવા મળે છે, મૂર્તિ પૂજકો તેમજ તેમના મઅબૂદોને હારમાળાઓ પહેરાવી તેમનું સન્માન કરી રહ્યા છે, તો ક્યાંક કહેવાતા મુસલમાનો તથા બની બેઠેલા દુનિયવી રીતે એજ્યુકેટેડ પણ કુર્આન હદીષના ઈલ્મથી અજ્ઞાન સજ્જાદાઓ તથા પીરઝાદાઓ ગૈરખુદાની ઈબાદત કરનારાઓનાં ધર્મગુરૂઓને સમૂહ લગ્નોના પ્રોગ્રામોમાં તેમજ અન્ય ધાર્મિક પ્રોગ્રોમોમાં બોલાવીને તેમનું સન્માન કરી તેમના આર્શિવાદ મેળવવાને ગર્વ સમજવા લાગ્યા છે ! ખાનકાહો પર કોઈ એવાનું તથા રાજકરણીનું આગમન તેમના માટે અતિ ગર્વની વાત બની ગઈ છે ! દુનિયાવી લાભ અને લોકોમાં વાહ વાહ પામવાની લાલચમાં જહન્નમની રાહ પકડી બેઠા છે. આવો ! એના અનુસંધાનમાં શરીઅતે ઈસ્લામિયાનો હુકમ જોઈ લો !

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે કોઈ ગૈર મુસ્લિમ ધર્મગુરૂને દીની જલસામાં બોલાવવા, તેમના સન્માન માટે ઉભા થવું કેવું ? તથા એવું કરનારાઓ માટે શરીઅતનો હુકમ શું છે ?

**જવાબ** : હનફી ફિકહની વિ□સપાત્ર કિતાબ ''તબયીનુલ્ હકાઈક, ભાગ–૧, પેજ–૧૩૪ પર છે : قد وجب علیھم اھانته شرعاً એટલે કે ''શરીઅતની રૂએ મુસલમાનો પર ફાસિકે મોઅલિન (ખુલ્લમ ખુલ્લા હરામ કામો કરનાર)ની તૌહીન વાજિબ છે.''

જેથી જ્યારે ફાસિક મુસલમાનની તૌહીન વાજિબ અને તેની તાઝીમ જાઈઝ નથી તો જણાવેલ ગૈર મુસ્લિમ શખ્સને જલસામાં બોલાવવો અને તેનું માન સન્માન કરવું એથી અધિક નાજાઈઝ છે. જે લોકોએ V P]SI ÅTPGF5 Z XZLV TGL~V [TFAF, Fh D KP *(**જવાબ લખનાર** : જલાલુદ્દીન અહમદ અમજદી, દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝગંજ, બસ્તી, યુ.પી. બહવાલા : કન્ઝુલ ઈમાન ઉર્દૂ માસિક, દિલ્હી, જાન્યુઆરી–૨૦૦૫)*

ગૈર કોમોના ધાર્મિક તહેવારોના પ્રસંગે નીકળતા મેળાવડાઓમાં કહેવાતા કોમી એકતાનો ઢોંગ રચનારા તકસાધુઓ અને સ્વાર્થી રાજકરણીઓ તથા અમુક દીની ઈલ્મથી કોરા દુનિયાપરસ્ત પીરઝાદાઓ ગૈરોના મઅબૂદોને તેમજ તેમના ગુરૂઓને હારતોરા પહેરાવી સન્માનતા ફોટાઓ તથા સમાચારો વર્તમાનપત્રોમાં અવાર નવાર જોવા મળતા હોય છે.

એકતાનો મતલબ એ માન્ય છે કે મુસલમાનોએ અન્ય કૌમો સાથે શાંતિપૂર્ણ રીતે અને શરીઅતના વર્તુળમાં રહીને સુમેળભર્યો વહેવાર રાખવો જોઈએ, દુનિયાવી એતબારથી એકબીજાને સહકારી થવું જોઈએ, નાહક ઝઘડાઓથી વેરઝેર ઉભુ ન કરવું જોઈએ, આપણા પ્રિય વતનને ખાતર જાન માલની કુર્બાની માટે તત્પર રહેવું, જેમ કે જંગે આઝાદી વખતે અંગ્રેજો સામે લડવામાં સૌ ખભેખભા મિલાવી લડયા હતા. એ તો દરેક જાણે સમજે છે. પણ ઈસ્લામમાં જે ચીજો જરૂરિયાતે દીનમાંથી છે, એક ઈમાનવાળા માટે જે પાબંદીઓ અને જે હદો છે તેને તોડીને હદ પાર નીકળવાનું કોણે કહ્યું ?! ઈસ્લામી વર્તુળમાંથી નીકળી જઈને ગૈરોમાં ભળી જવાની છૂટ ઈસ્લામમાં કોણે આપી ? એકતાની મિટિંગોમાં સમારંભોમાં મોટાભાગે આ જ વાતો ઉચ્ચારવામાં આવે છે કે, "અલ્લાહ અને ભગવાન, રામ તથા રહીમ એક છે.... વગેરે." પણ યાદ રાખશો ! અલ્લાહ અલ્લાહ છે, તે એક જ છે, તેને ન કોઈ મા બાપ કે ઔલાદ છે, ન તેનું કોઈ સ્વરૂપ કે આકાર છે, ન તેને કોઈએ બનાવ્યો છે બલ્કે સર્વ સૃષ્ટિનો સર્જક એક અલ્લાહ છે. જ્યારે ભગવાનનાં કેટલાંય સ્વરૂપો માનવામાં આવે છે, તેને માં, બાપ, પત્ની, ઔલાદ વગેરે માનવામાં આવે છે, તેની મૂર્તિ માણસ બનાવે છે, ... વગેરે." તો હવે જો કોઈ કહેવાતો મુસલમાન, પીર કે પીરઝાદો કે રાજકરણી કે સત્તાધારી કે પછી ગમે તે કલ્મો પઢનારો ઉપરોક્ત શબ્દો ઉચ્ચારશે તો તે કાફિર થઈ જશે. જેમણે આવુ કર્યું હોય તેઓ જાહેરમાં તૌબા કરે અને કલ્મો પઢે, નિકાહ દોહરાવે અને ખોટા ઢોંગ ત્યજી દે, નહીં તો આખેરતમાં ભયાનક અઝાબના હક્કદાર ઠરશે.

જ્યાં સુધી એ બાબતની જાહેરમાં તૌબા કરી કલ્મો પઢશે નહીં ત્યાં સુધી તેઓ કાફિર જ રહેશે. અને તૌબા વિના મરશે તો યકીનન જહન્નમી બનશે. આ ઈસ્લામી ઉસૂલ છે.

વળી આશ્ચર્યની વાત તો એ છે કે વહાબી દેવબંદીઓ, પોતે તૌહીદના ઠેકેદાર હોવાના ઢોંગી દાવેદારો જ્યારે અલ્લાહના રસૂલ ﷺ માટે કે અલ્લાહના વલી માટે તાઝીમની વાત આવે છે તો શિર્ક ! શિર્ક ! ની બુમો પાડી ઉઠે છે ! તો તેઓ બતાવે કે નીચેના સમાચાર જોતાં શું તેમણે શિર્ક નથી કર્યું ?!

"ગુજરાત ટુ ડે, તા. ૨–૦૩–૦૪ માં તારાપુરના મૌલાના અ.અહદ તથા કુા. એ શોભાયાત્રાનું સ્વાગત કરી ગુરૂને ફૂલહાર પહેરાવ્યા તે વાંચો તેમજ તા. ૧૪–૦૬–૦૪ ના દૈનિક પત્રમાં છત્રીવાળા સિંહાસન પર બેઠેલા એક ગૈર મુસ્લિમ ધર્મ વડાને શાલ ઓઢાડીને જમીયતે ઉલમાએ હિંદના પ્રમુખ મૌલાના અસદ મદની તેમની તાઝીમ કરી રહ્યા છે અને મહામંત્રી મહમૂદ અસદ મદની તાઝીમમાં (સન્માનમાં) બાજુમાં ઉભેલા છે. એનો ફોટો દર્શાવ્યો છે." *(એક સમાચાર)*

થોડા વરસો પર નકલી દાંડીયાત્રા નીકળી હતી ત્યારે દા.ઉ. કંથારીયા (ભરૂચ)વાળાએ તેનું સ્વાગત કરી જ્યોતને હાર પહેરાવ્યો અને બદામનું શરબત તે જુલૂસમાંના યાત્રાળુઓને પીવડાવ્યું. વિચારો ! મીલાદુન્નબી ﷺ નું જુલૂસ બિદઅત ! તથા તેની તાઝીમ શિર્ક ! અને આ કઈ સુન્નતો તેઓ અદા કરી

રહ્યા છે ! છે કોઈ ઈન્સાફ કરનાર ?! શું શરીઅત તેમના ઘરની છે કે મન ફાવે ત્યાં "શિર્ક શિર્ક" કરે અને મન ફાવે ત્યારે પોતે જ "શિર્ક" કરે ! છતાં તેમને કોઈ વાંધો ન પડે !

હવે આ મુલ્લાઓને બની બેઠેલા મુસલમાનોના રહબર કહેવા કે તક સાધુ કહેવા ? તમે જ ઈન્સાફથી ફેંસલો કરી લો. શું ગૈરે ખુદાની તાઝીમમાં આ રીતે કિયામ કરનારાઓએ (તાઝીમમાં ઉભા રહેનારાઓએ) તેમના જ કાયદા હેઠળ શિર્ક કર્યું કે નહીં ?! શું એ સ્વામીનો મર્તબો નબી, વલી કરતાંય તેમની નજીક વધારે છે ?! કે નબી વલીની તાઝીમમાં કિયામ કરો તો શિર્ક થાય અને અહીં જાઈઝ ?!

એ સત્ય હકીકત છે કે દીનમાં કોઈ જબરદસ્તી નથી. કોઈના પર બળ પ્રયોગ કરીને કલ્મો પઢાવવાની ઈજાઝત નથી. પણ કોઈના કુફ્રમાં રાજી રહેવું એ પણ કુફ્ર છે. જેવી રીતે રાત અને દિવસ એક સાથે નથી રહી શક્તાં, એવી જ રીતે કુફ્ર તથા ઈસ્લામનું સંગમ અશક્ય છે. કુફ્ર હશે તો ઈસ્લામ નહીં હોય અને ઈસ્લામ હશે ત્યાં કુફ્ર નહીં રહી શકે. માટે દુનિયવી નામના પામેલી કે કહેવાતી બુધ્ધિજીવી વ્યક્તિના કોઈ નિવેદનથી પણ મુસ્લિમોએ ભરમાવાની કોઈ જરૂરત નથી. જેમ કે કોઈ કહેવાતો મુસ્લિમ હિરો કે ખાનબંધુ કહે કે, "હું મુસ્લિમ છું, મારી પત્ની ગૈર મુસ્લિમ છે અને મારાં બાળકો બંને ધર્મની તા'લીમ મેળવે છે." *(એક સમાચાર)* તો આવાના મુસ્લિમ હોવાના ઈકરારથી તે પોતે જ મુસ્લિમ રહેતો નથી. (વળી મુસ્લિમના ગૈર મુસ્લિમ સાથે નિકાહ થતા જ નથી. જે થશે હરામકારી અને ઔલાદ હરામની થશે.) જો પત્નીના તથા અન્ય હાથ નીચેનાંના કુફ્રી મઝહબથી તે રાજી છે, તો પોતે જ ઈસ્લામી વર્તુળથી એ બહાર થઈ જશે. એ જ પ્રમાણે એક અન્ય હિરો જણાવે છે કે તેના પિતા મુસ્લિમ છે, નમાઝ પઢે છે, કુર્આન વાંચે છે અને માતા ગૈર મુસ્લિમ છે તે એક જ ઘરમાં પૂજાપાઠ કરે છે વગેરે... *(એક સમાચાર)*

આવો ! જુઓ ! ઈસ્લામી શરીઅતનો કાનૂન આ બાબતે શું છે ? ધ્યાનથી વાંચો અને પ્રસંગોની તથા શબ્દોની ગંભીરતાને સમજો :–

**સવાલ** : એક કાફિરે એક આલિમે દીનને કહ્યું કે હું મુસલમાન બનવા માટે આપની પાસે આવ્યો છું, મને ઈસ્લામનો કલ્મો પઢાવી દો. એના જવાબમાં આલિમ સાહબે કહ્યું, જાવ ! ગુસ્લ (સ્નાન) કરીને આવો. તો એના વિશે શરીઅતનો શું હુકમ છે ?

**જવાબ** : દર્શાવેલ સંજોગોમાં તે આલિમ પર તૌબા કરવી, કલ્મો પઢવો અને નિકાહ દોહરાવવો અનિવાર્ય છે. કેમ કે ગુસલ (સ્નાન) કરવાના સમય સુધી તે કુફ્ર પર રાજી રહ્યા કે જે સમયે તે કાફિરે આલિમે દીનને કહ્યું કે મને ઈસ્લામનો કલ્મો પઢાવી દો, તો આલિમ પર ફર્ઝ હતું કે તુરત જ પઢાવી દઈને મુસલમાન બનાવી દેત, પણ તેમણે એવું નથી કર્યું, બલ્કે ગુસલ કરીને આવવાનો હુકમ આપ્યો. જ્યારે કે ઈસ્લામ લાવવા માટે ગુસ્લ જરૂરી નથી.

શરહે ફિકહે અકબર, પેજ–૨૧૮ માં છે :–

کافر قال لمسلم اعرض علی الا سلا م فقال اذهب الی فلان العالم کفر لانه رضی ببقائه فی الکفر الی حین ملازمة العالم ولقائه۔

અને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે :–

ومن المكفرات ايضاً ان يرضى بالكفر ولو ضمنا كان يسأله كافر يريد الاسلام ان يلقنه كلمة الاسلام فلم يفعل اويقول له اصبر حتى افرغ من شغلى او رخطبتى لو كان خطيباً۔

*–(ફતાવા મુસ્તફવિયહ્, ભાગ–૧, પેજ–૨૨)* અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : સમીરુદીન ચિશ્તી મિસ્બાહી *(દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝગંજ, બસ્તી, યુ.પી., બહવાલા : કન્ઝુલ ઈમાન ઉર્દૂ માસિક–દિલ્હી, સપ્ટેમ્બર–૨૦૦૪)*

વિચારો ! જ્યારે ગુસ્લ કરવા જેટલો સમય પણ બલ્કે પળવાર પણ મુસલમાન કોઈના કુફ્રમાં રાજી રહે તો તે પોતે જ ઈસ્લામના વર્તુળથી બહાર ફેંકાઈ જાય છે, તો પછી જીવનભર પત્ની બનીને રહે અને ઘરમાં ગૈર ખુદાની પૂજામાં રહે તો એના પર રાજી રહેનાર વ્યક્તિ કઈ રીતે મુસલમાન ગણાશે ? માટે કહેવાતા રાજકરણી મુસ્લિમ લીડરો તથા પીરઝાદા કહેવાતા માણસો મૂર્તિઓની પૂજા તથા પ્રાણ પ્રતિષ્ઠાની તથા ભૂમિ પૂજનના તથા અન્ય શિર્કમય સરઘસોની વિધિમાં હાજરી આપી લોકોની વાહ ! વાહ ! તો કમાઈ શકે છે પણ ઈસ્લામથી દૂર ફેંકાઈ જશે એ નિશ્ચિત વાત છે.

ઈસ્લામી કાનૂન છે કે કોઈ દેખાવ પૂરતો, નાટક પૂરતો કે રોલ ભજવવા પૂરતો પણ કુફ્રી વાણી બોલે અથવા ઉપર જણાવ્યાં તેવાં કામો કરે અથવા કાફિરો જેમ ટીલક, જનોઈ વગેરે મઝહબી લિબાસ કાફિરોનો પહેરે તો એ પણ ઈસ્લામના વર્તુળથી નીકળી જાય છે તેની સર્વ મુસ્લિમોએ નોંધ લેવી જોઈએ. તેમજ કોઈ મુસલમાન કોઈ ગૈરના મૃત્યુ પર તેને "સ્વર્ગસ્થ, વૈકુંઠવાસી કે જન્નતી વગેરે" કહી શ્રધ્ધાંજલી આપે તેમજ અલ્લાહ સિવાય કોઈના માટે **"પૂજ્ય"** શબ્દ વાપરે જેનો અર્થ છે **"પૂજાને લાયક"** તો એણે પણ તૌબા જાહેર કરવી અનિવાર્ય છે કારણ કે ઈસ્લામમાં ખુદા સિવાય કોઈ પૂજા (ઈબાદત)ને પાત્ર નથી. અને જેમણે એવાં કૃત્યો કર્યા હોય તેમણે સત્વરે તૌબા કરી લઈ પોતાની આખેરત સંવારી લેવી જોઈએ.

મુસલમાનો પર સૌ કામોથી અવ્વલ ફર્ઝ એ છે કે જરૂરિયાતે દીનમાં કઈ કઈ વાતો છે તેને શીખે, સમજે. કેમ કે જરૂરિયાતે દીનનો મુન્કિર તથા તેને ત્યજનાર ઈસ્લામના વર્તુળથી બહાર થઈ જાય છે. અને જો ઈમાન જ નહીં હોય તો પછી સર્વ અમલો બેકાર જશે અને જહન્નમ ઠેકાણુ થશે. (અલ્લાહની પનાહ !) *–સંપૂર્ણ*


## "બરકાતે ખ્વાજા"નો ઈસ્લામ અને સ્ત્રી વિશેષાંક મંગાવો !

"બરકાતે ખ્વાજા" માસિક ડિસેમ્બર–૦૪ નો અંક **''સ્ત્રી વિશેષાંક''** રૂપે બહાર પાડયો છે. જેમાં સ્ત્રી આઝાદીના માટે ગીતો ગાતા ઢોંગી અય્યાશ યૂરોપી અમેરિકીઓ તથા ઈસ્લામ વિરોધી પરિબળોએ જે ગલત શોર મચાવ્યો છે કે, 'ઈસ્લામમાં સ્ત્રીને હક્કો નથી મળ્યા ! સ્ત્રી પર જુલ્મ થયો છે ! તેણીને બંદી બનાવી છે !!' તેનો પર્દો ચાક કરીને ઈસ્લામે સ્ત્રીને શું ઈજ્જત આપી છે ? શું હક્કો આપ્યા છે ? તથા કેટલો માન મર્તબો આપ્યો છે તેના બયાનની સુંદર સામગ્રી રજૂ કરવામાં આવી છે. મદ્રસાઓ, દારુલ ઉલૂમો તેમજ લાયબ્રેરીઓમાં મર્હૂમોના સવાબ અર્થે જથ્થાબંધ ખરીદીને પહોંચાડો અને દીને ઈસ્લામની બોલબાલામાં લાગી જાવ ! **નંગ દીઠ રૂા. ૧૦/–** (**નોંધ** : ૧૦ કોપી મંગાવનારને ૨ કોપી ફ્રીમાં મોકલવામાં આવશે.) ***–તંત્રી : બરકાતે ખ્વાજા***

# તફસીરે ઝિયાઉલ કુર્આન ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)



## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

فَإِمَّا يَأْتِيَنَّكُم مِّنِّي هُدًى فَمَن تَبِعَ هُدَايَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ
وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٣٨﴾ وَالَّذِينَ كَفَرُوا وَكَذَّبُوا بِآيَاتِنَا أُولَٰئِكَ أَصْحَابُ
النَّارِ هُمْ فِيهَا خَالِدُونَ ﴿٣٩﴾ يَا بَنِي إِسْرَائِيلَ اذْكُرُوا نِعْمَتِيَ الَّتِي
أَنْعَمْتُ عَلَيْكُمْ وَأَوْفُوا بِعَهْدِي أُوفِ بِعَهْدِكُمْ وَإِيَّايَ
فَارْهَبُونِ ﴿٤٠﴾ وَآمِنُوا بِمَا أَنزَلْتُ مُصَدِّقًا لِّمَا مَعَكُمْ وَلَا تَكُونُوا أَوَّلَ
كَافِرٍ بِهِ وَلَا تَشْتَرُوا بِآيَاتِي ثَمَنًا قَلِيلًا وَإِيَّايَ فَاتَّقُونِ ﴿٤١﴾ وَلَا تَلْبِسُوا
الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَأَنتُمْ تَعْلَمُونَ ﴿٤٢﴾

**તર્જુમો** : "પછી જો આવે તમારી પાસે મારા તરફથી હિદાયતનો (પૈગામ) તો જેણે પયરવી કરી મારી હિદાયતની તેમને ન તો કોઈ ખૌફ હશે અને ન તેઓ ગમગીન થશે. અને જેમણે કુફ્ર કર્યું અને અમારી આયતોને જૂઠાડી (તો) તેઓ દોઝખી થશે, તેઓ તેમાં હમેશાં રહેશે. હે યા'કૂબની ઔલાદ[૫૪] યાદ કરો મારું તે એહસાન જે કર્યું મેં તમારા પર,[૫૫] અને પૂરો કરો તમે મારી (સાથે કરેલા) વાયદાને, હું પૂરો કરીશ તમારી (સાથે કરેલા) વાયદાને.[૫૬] અને કેવળ મારાથી ડરતા રહો[૫૭] અને ઈમાન લાવો એ (કિતાબ) પર જે નાઝિલ કરી છે મેં, એ સત્ય સાબિત કરનારી છે તેને જે તમારી પાસે છે[૫૮] અને ન બની જાવ તમે સૌ પ્રથમ ઈન્કાર કરનારા તેના, અને ન ખરીદો તમે મારી આયતોને થોડીક કિંમતના બદલામાં[૫૯]. અને કેવળ મારાથી ડર્યા કરો અને હક્કને બાતિલથી ન મિલાવ્યા કરો[૬૦] અને ન છુપાવો હક્કને જ્યારે તમે તેને જાણો છો.

## ★ તફસીર ★

**૫૪.** ત્રીજા રુકૂઅમાં આદમની તમામ ઔલાદને ઈસ્લામની દા'વત આપવામાં આવી અને તૌહીદ તથા રિસાલતની દલીલો પેશ કરવામાં આવી. ચોથા રુકૂઅમાં ઈન્સાનની પેદાઈશ, તેને ઈલ્મના ઘરેણાથી શણગારવા અને ખિલાફતના હોદ્દે બિરાજમાન કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. અને હવે અહીંથી સતત કેટલાયે રુકૂઓ સુધી બની ઈસ્રાઈલની ઈસ્લાહ તથા હિદાયતની કોશિશ કરવામાં આવી રહી છે. યહૂદીને ખાસ સંબોધન કરવામાં એ મસ્લેહત હતી કે વિ□ની તમામ કૌમો ખાસ કરીને અરબ દ્વીપના રહેવાસીઓમાં યહૂદીઓને એક મહત્વનું સ્થાન પ્રાપ્ત હતું. ચાર હજાર વરસો સુધી નબુવ્વતનો ક્રમ એમનામાં ચાલુ રહ્યો. હજારો નબી એમનામાં પેદા થયા જેના લીધે ઈલ્મ તથા હિકમતમાં કોઈ કૌમ તેમની બરાબરીનો દાવો કરી શક્તી ન હતી. તેમની આસપાસ રહેનારા કબીલાઓ તેમની ઈલ્મી ઉચ્ચતાથી ઘણા પ્રભાવિત હતા. એટલે સુધી કે અમુક લોકો ઈસ્લામ કબૂલ કરવા માટે એ શર્ત લગાડી રાખી હતી કે જો યહૂદીએ (જેઓ એહલે ઈલ્મ તથા અહલે કિતાબ છે) ઈસ્લામ કબૂલ કર્યો તો તેઓ પણ કબૂલ કરી લેશે. એટલા માટે કુર્આન હકીમે યહૂદને ખાસ રીતે

ઈસ્લામની પ્રતિ બોલાવ્યા જેથી એમના ઈસ્લામ સ્વીકારથી અન્ય લોકો માટે ઈસ્લામ સ્વીકારનો માર્ગ સરળ થઈ જાય. અને જો તેઓ ઈસ્લામને ન સ્વીકારે તો તેમની હઠધર્મીનો પર્દો ચીરાઈ જાય અને દુનિયાને ખબર થઈ જાય કે એઓ કેવળ દુનિયાવી સત્તા તથા ધનસંપત્તિના માટે ઈસ્લામનો વિરોધ કરી રહ્યા છે. સ્પષ્ટતાની એક હિકમત એ પણ હોઈ શકે છે કે ઈસ્લામી મિલ્લતને બોધપાઠ આપવામાં આવી શકે કે બની ઈસ્રાઈલની તરક્કીની તથા અધોગતિની દાસ્તાન તમારી સમક્ષ જ છે. જો અલ્લાહ તઆલા અને તેના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈતાઅત (આજ્ઞાપાલન) કરતા રહેશો તો ઈજ્જત તથા હિકમત તમારા ઘરની લોંડી બનશે. અને જો નાફર્માની અપનાવી તો તમારી બદઅમલીઓ કોઈ બદ્‌બખ્તનો લિબાસ પહેરીને જાહેર થશે અને તમને અસ્તિત્વની દુનિયામાંથી ગલત હર્ફની જેમ મિટાવીને રાખી દેશે.

**૫૫.** હઝરત સૈયેદના ઈબ્રાહીમ (૧૯૮૫ થી ૧૨૬૦)ના ફરઝંદ ઈસ્હાક જે હઝરત સારાહ ઈરાકિયાના પેટથી હતા. તેમના ફરઝંદ હઝરત યાકૂબ علیہم السلام નો લકબ ઈસ્રાઈલ છે, એનો અર્થ છે અબ્દુલ્લાહ એટલે અલ્લાહના બંદા.

**૫૬.** આ અહદ (વાયદા)ની તફસીલ આ જ પારાના દસમા રુકૂઅમાં (અને અન્ય સ્થાનોએ) વર્ણન થયેલ છે. તૌરાતના શબ્દો પણ એનું સમર્થન કરે છે. "તેં આજના દિવસે ઈકરાર કર્યો છે કે ખુદાવંદ તારો ખુદા છે અને તું એના માર્ગોએ ચાલીશ અને તેના નિયમો અને ફર્માન તથા હુકમોને માનવા લાગીશ અને તેની વાત સાંભળીશ." *(ઈસ્તષ્ના, ૧૭ : ૨૬)*

**૫૭.** બની ઈસ્રાઈલના આલિમોના ઈસ્લામ સ્વીકારના માર્ગમાં એક મહાન રુકાવટ એ પણ હતી કે તેઓ એ વાતથી ભયભીત હતા કે જો તેમણે પોતાના પૂરાણા ધર્મને ત્યજી દીધો અને આ નવા ધર્મને અપનાવી લીધો તો તેમના અકીદતમંદોની આ ભીડ વિખેરાઈ જશે અને આર્થિક લાભ જે તેમને તેમના માનવાવાળાઓ તરફથી મળી રહેલ છે તે બંધ થઈ જશે. અલ્લાહ તઆલા તેમને સાવચેત કરે છે કે એવી વાતોની લાલચમાં ન પડો, ડરવું હોય તો અલ્લાહથી ડરો જેની કુદરતના કબ્જામાં રોજીના ખજાના છે અને જેને ચાહે છે જેટલુ ચાહે છે અતા ફર્માવે છે.

**૫૮.** કુર્આને હકીમ તો તમારી કિતાબનું સમર્થન કરે છે, તમારા દીનની હક્કાનિયતનું ઝંડાધારી છે, તમારા અંબિયાની શાન બુલંદ કરે છે, તો પછી તમે એનાથી શા માટે ભડકો છો !

**૫૯.** એનો એ અર્થ નથી કે અલ્લાહ તઆલાની આયતોને ઓછી કિંમતે ન વેચો અને જો મોં માગ્યા ભાવ મળે તો વેચી દો, બલ્કે મકસદ એ છે કે કોઈ કિંમતે હક્કને ન વેચો કેમ કે આખા વિ□ના ખજાના પણ તેની સરખામણીમાં સૌથી તુચ્છ બદલો છે.

**૬૦.** તૌરાતના પાનાંઓ નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કમાલો તથા ખૂબીઓના વર્ણનથી ભરેલાં હતાં. બની ઈસ્રાઈલના આલિમો એને છુપાવવાની કોશિશમાં લાગેલા રહેતા જેથી લોકો તેનાથી માહિતગાર થઈને હુઝૂર પર ઈમાન ન લઈ આવે. અને જો કોઈની નજરેથી એવી કોઈ આયત ગુજરી જતી તો તેઓ તેની એવી તાવીલો ઘડીને તેને સમજાવતા કે તે બીચારો જાત જાતની ગલતફહમીઓમાં સપડાઈ જતો. અલ્લાહ તઆલા તેમને આ નીચ હરકતથી મના ફર્માવે છે. لبس ના બે અર્થો છે : ઢાંકી લેવું અને ભેળસેળ કરી લેવું. એનાથી દરેક રીતના શાબ્દિક હોય તથા અર્થને લગતા હોય ફેરફારથી દૂર રહેવાનો હુકમ આપવામાં આવી રહ્યો છે. આ હુકમ કેવળ બની ઈસ્રાઈલના આલિમોની સાથે જ ખાસ નથી બલ્કે ઈસ્લામી મિલ્લત. સાથે નિસ્બત રાખનારા આલિમોને પણ છે. *(ક્રમશઃ)*

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة

(કાર્યાલય)

## ★ હદીષ : ૨૨ ★

હઝરત અબૂઝર[1] رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે હું હુઝૂર صلى الله عليه وسلم ની ખિદમતમાં હાજર થયો[2]. હુઝૂર પર સફેદ કપડુ હતું અને સૂઈ રહ્યા હતા. કેટલીકવાર પછી ફરી આવ્યો તો આપ જાગી ચૂક્યા હતા. ફર્માવ્યું કે નથી કોઈ બંદો જે **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહે[3], પછી તેના પર મરી જાય પણ જન્નતમાં જશે[4]. મેં અર્ઝ કરી, જો ઝિના અને ચોરી કરી લે ?! ફર્માવ્યું, ભલે ઝિના અને ચોરી કરી લે[5]. મેં કહ્યું, જો ઝિના અને ચોરી કરી લે ?![6] ફર્માવ્યું, ભલે ઝિના અને ચોરી કરે. અબૂઝરની નાક રગડાય જાય છતાં[7]. અબૂઝર જયારે પણ આ હદીષ બયાન કરતા તો કહેતા હતા કે ભલે અબૂઝરની નાક રગડાય જાય[8]. *(મુસ્લિમ, બુખારી)*

## ★ સમજૂતી ★

**૧.** આપનું નામ જુન્દુબ જનાદા છે. કુન્નિયત અબૂઝર છે. આપ બની ગફ્ફાર કબીલાથી છે. આપ પાંચમા મુસલમાન છે, મક્કા મોઅઝ્ઝમામાં આવીને મુસલમાન થયા અને હુઝૂર صلى الله عليه وسلم ના હુકમથી પોતાની કૌમમાં ચાલ્યા ગયા. પછી ગઝવએ ખંદક પછી મદીના મુનવ્વરામાં હાજર થયા અને હુઝૂરની સાથે રહ્યા. હિ.સ. ૩૨ માં ખિલાફતે ઉષ્માનાયિમાં વફાત પામ્યા. આપ ઘણા જ ઝાહિદ, આબિદ સહાબી છે. માલ ભેગો કરવાના ઘણા વિરોધી હતા. ઈસ્લામથી પહેલાં પણ અલ્લાહની ઈબાદત કરતા હતા.

**૨.** ઈમાન લાવવાના માટે હઝરત અલી મુર્તઝાની સાથે આપના ઈમાન લાવવાનો અજીબો ગરીબ પ્રસંગ છે જે કોઈ અન્ય પ્રસંગે વર્ણન કરવામાં આવશે. અહીં કોઈ અન્ય હાજરી મુરાદ છે. બીજો કયાસ અધિક કવી (મજબૂત) છે.

**૩.** એનાથી મુરાદ સર્વ ઈસ્લામી અકીદાઓને માની લેવું છે. જેમ કે કહેવામાં આવે છે કે નમાઝમાં "અલ્હમ્દુ" પઢવી વાજિબ છે એટલે કે આખી સૂરત, અથવા તે વખતે કલ્મો પઢવું જ મો'મિનની નિશાની હતી. અથવા મતલબ એ છે કે જે કાફિર મૃત્યુ વેળા કલ્મો પઢીને મુસલમાન થઈ જાય.

**૪.** અથવા પ્રથમથી જ ગુનાહોની કાંઈક સજા પામીને અથવા શફાઅતના પાણીથી સ્વચ્છ થઈને. કેમ કે મુસલમાનના માટે હમેશાંની દોઝખ નથી.

**૫.** એટલે તેને હરામ સમજીને પોતાને ગુનેહગાર સમજીને. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા, એક એ કે કબીરા ગુનાહ માણસને ઈસ્લામથી નથી કાઢતા. બીજું કબીરા ગુનાહથી નેકીઓ નષ્ટ થતી નથી, પણ કુફ્રથી થઈ જાય છે. ત્રીજું એ કે જેનો ખાત્મો ઈમાન પર થઈ જાય તે યકીનન જન્નતી છે, ચાહે પહેલેથી અથવા અમુક સમય બાદ.

**૬.** આશ્ચર્ય વ્યક્ત કરતાં કે શું આટલા મોટા ગુનાહ છતાં પણ તે જન્નતી રહેશે ! હઝરત અબૂઝરને આશ્ચર્ય થયું કે ગુનાહોથી ખરડાયેલ વ્યક્તિ પાક તથા સાફ જન્નતમાં કઈ રીતે કદમ રાખશે ! એ ખબર ન હતી કે શફાઅત તથા રહમતનું પાણી ગંદાઓને સ્વચ્છ કરી દે છે.

**૭.** "રગમ" એ "રગામ"થી બનેલ છે અર્થ માટી અથવા ખાક. અરબમાં આ શબ્દ નાપસંદીદગીના અર્થમાં વપરાય છે એટલે કે જો તમે નાપસંદીદગીના લીધે સવાલ કરતાં કરતાં જમીન પર નાક ભારપૂર્વક રગડો તો પણ એ જ હુકમ રહેશે.

**૮.** જેથી હદીષના શબ્દો પૂર્ણપણે નકલ થાય અથવા ઈશ્કના તકાઝા હેઠળ કે મહબૂબનું ધમકીમય સંબોધન પણ આશિકને પ્યારું લાગે છે. વારંવાર એને યાદ કરીને નવો લુત્ફ પ્રાપ્ત કરે છે. યાદ રાખશો કે ફાસિક મો'મિન અંતે જન્નતી છે અને બેદીન તથા બદ્મઝહબ પર જન્નત હરામ છે, તેના માટે હમેશાંની દોઝખ છે. *(ક્રમશઃ)*

"ઈમાનની જાન રસૂલે પાક صلی اللہ علیہ وسلم ની
શાન પ્રદર્શિત
કરતો સંગ્રહ"
એટલે

# શિફા શરીફ
# شفا شریف


**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**

★ ઉર્દૂ અનુવાદક ★ — મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★ — ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*


*(વિભાગ-૮)*

## હુઝૂર صلی اللہ علیہ وسلم મુસીબત દૂર કરનાર અને રહમતનો વરસાદ છે

આ વિશે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ

**અર્થ** : ''અને અલ્લાહ (ની રહમત)નું (એ) કામ નથી કે તેમને અઝાબ કરે, જ્યાં સુધી અય DCA]A ¦ TD[TDGFDFIAZFH[ FKMc *(સૂરએ અન્ફાલ)*

જ્યારે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم મક્કા મુકર્રમાથી હિજરત કરી ગયા અને અમુક મુસલમાનો ત્યાં પાછળ રહી ગયા તો રબ્બુલ ઈઝઝતે તેમના સાંત્વન માટે આ આયત નાઝિલ કરી :–

وَمَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُوْنَ

**અર્થ** : ''અને જ્યાં સુધી તેઓ માફી માંગી રહ્યા છે ત્યાં સુધી અલ્લાહ તઆલા તેમને અઝાબ કરશે નહીં.'' *(સૂરએ અન્ફાલ, આયત–૩૩)*

આ આયતે કરીમા આ બારી તઆલાના ઈર્શાદ પ્રમાણે છે :–

لَوْ تَزَيَّلُوْا لَعَذَّبْنَا الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ عَذَابًا اَلِيْمًا

**અર્થ** :''જો તેઓ અલગ થઈ જાત તો અમે જરૂર તેમની અંદરના કાફિરોને દુ:ખદાયક અઝાબ આપત.'' *(સૂરએ ફત્હ, આયત–૨૫)*

અને આ ફર્માને ખુદાવંદી પણ આ જ સમુદાયથી છે :–

وَلَوْلَا رِجَالٌ مُّؤْمِنُوْنَ وَنِسَآءٌ مُّؤْمِنٰتٌ لَّمْ تَعْلَمُوْهُمْ اَنْ تَطَـُٔوْهُمْ فَتُصِيْبَكُمْ مِّنْهُمْ مَّعَرَّةٌ بِغَيْرِ عِلْمٍ

**અર્થ** : ''અને જો એવું ન હોત કે અમુક મુસલમાન પુરૂષો અને અમુક મુસલમાન સ્ત્રીઓ જેમની તમને ખબર નથી કે ક્યાંક તમો તેમને ચગદી કાઢો, તેમના તરફથી અજાણતામાં કંઈક અણગમતુ તમને પહોંચત.'' *(સૂરએ ફત્હ, આયત–૨૫)*

જ્યારે તમામ મુસલમાનો મક્કા મુકર્રમાથી હિજરત કરી ગયા તો અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી :–

وَمَا لَهُمْ اَلَّا يُعَذِّبَهُمُ اللّٰهُ وَهُمْ يَصُدُّوْنَ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ وَمَا كَانُوْا اَوْلِيَآءَهٗ اِنْ اَوْلِيَآؤُهٗٓ اِلَّا الْمُتَّقُوْنَ

**અર્થ** : ''અને તેમને શું છે કે, અલ્લાહ તેમને અઝાબ ન આપે ?! તેઓ તો મસ્જિદે હરામથી રોકી રહ્યા છે અને તેઓ એના અધિકારી નથી, એના વાલી તો પરહેઝગારો જ છે.'' *(અર્થાત : અન્ફાલ, આયત–૩૪)*

આ આયત નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહાન

પ્રતિષ્ઠા અને બરકતને જાહેર કરી રહી છે અને તેનાથી આ બાબત સાફ અને સ્પષ્ટ થઈ જાય છે કે અલ્લાહ عزوجل એ આપની મુબારક ઉપસ્થિતિ કાફિરો માટે અઝાબ દૂર કરવા માટે બનાવી હતી અને જ્યારે આપ મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કરી ગયા તો બારી તઆલાએ મુસ્તફાના ગુલામોની બરકતથી કાફિરો પર અઝાબ ન મોકલ્યો. પરંતુ જ્યારે સહાબાએ કિરામની પણ મક્કા મુકર્રમામાં ઉપસ્થિતિ ન રહી અને તમામ હિજરત કરી ગયા તો અલ્લાહ તઆલાએ મક્કાના કાફિરો પર અઝાબ ઉતાર્યો અને મુસલમાનોને તેમના પર મુકર્રર કરી દીધા. પછી તલવારને તેમના વચ્ચે ફેંસલો કરવાવાળી નક્કી કરી. મુસલમાનોને તેમની જમીનો, ઘરો અને માલમત્તાના વારસદાર બનાવી દીધા.

આ આયતની તફસીરમાં એક બીજું કથન પણ છે. જેવું કે અમારાથી કાઝી શહીદ અબૂ અલી رحمۃ اللہ علیہ પોતાની સનદના સાથે હદીષ બયાન કરી છે. તેઓ ફર્માવે છે કે, અમારાથી હદીષ બયાન કરી અબુલ ફઝ્લ બિન ખયરવન અને અબુલ હસન સયર્ફીએ તે બંનેથી અબૂ યઅ્લા બિન હર્રાઅ, તેમનાથી અબૂ અલી સજીએ, તેમનાથી મુહમ્મદ બિન મહબૂબ મર્વઝીએ, તેમનાથી હાફિઝ અબૂ ઈસાએ, તેમનાથી સુફયાન બિન વકીઅએ, તેમનાથી ઈબ્ને નુમૈરે, તેમણે ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ બિન મુહાજિરથી સાંભળ્યું. તેમણે અબાદ બિન યૂસુફથી, તેમણે અબી બુરદા ઈબ્ને અબી મૂસાથી, તેમણે પોતાના પિતાથી. તેઓ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, અલ્લાહ તઆલાએ મારી ઉમ્મતના માટે મારા પર બે આયતો અમાન (શાંતિ) વાળી ઉતારી છે. (૧)

وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ وَمَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُوْنَ ○

"જ્યારે હું ઉમ્મતથી પડદો ફર્માવી લઈશ ત્યારે તેમના માટે ઈસ્તિગફાર છોડી જઈશ." અને આવી જ ખુશખબરી આ આયતે કરીમામાં સંભળાવી છે :–

وَمَا اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ○

**અર્થ** : "અને તમને ન મોકલ્યા પણ રહમત બધાય જગતો માટે." *(સૂ. અંબિયા, આ. ૧૦૭)*

નબી કરીમ "અમાને આ'ઝમ" છે. વિસાલ પછી આપના નુકૂશે કદમ એટલે સુન્નતે રસૂલ જગતની સુધારણાની જામીન છે અને આપના ઉસ્વએ હસ્ના (આદર્શ નેક નમૂનો) છે. આજ્ઞાનું ઉલ્લંઘન કરવું ફિત્નાને દા'વત (આમંત્રણ) આપવી છે. નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રતિષ્ઠાઓને પ્રગટ કરનાર આ આયતે કરીમા પણ છે :–

اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ ؕ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا ○

**અર્થ** : "બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તાઓ દુરૂદ મોકલે છે આ ગૈબ કહેનાર (નબી) પર, હે ઈમાનવાળાઓ ! એમના પર દુરૂદ અને ખૂબ સલામ મોકલો." *(સૂ. અહઝાબ, આ. ૫૬)*

આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ પોતાના દુરૂદ સલામ અને ફરિશ્તાઓના દુરૂદ સલામના સાથે પોતાના હબીબની ખાસ ફઝીલત (પ્રતિષ્ઠા) જાહેર કરી છે અને તેના સાથે જ પોતાના બંદાઓને આપ પર દુરૂદ અને સલામ મોકલવાનો મુત્લક (સ્વતંત્ર) હુકમ આપ્યો, અબૂબક્ર બિન ફૌરક رحمۃ اللہ علیہ એ અમુક ઉલમાથી રિવાયત બયાન કરી છે કે, ફર્માને રિસાલત جُعِلَتْ قُرَّةُ عَيْنِيْ فِي الصَّلٰوةِ (મારા માટે આંખોની ઠંડક નમાઝમાં રાખવામાં આવી છે.)ના જવાબમાં અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા આપ પર સલામત (દુરૂદ) મોકલે છે અને ઉમ્મતે મુહમ્મદિયાને પણ હુકમ આપવામાં આવ્યો છે કે તેઓ કિયામત સુધી ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહે આલીમાં દુરૂદો સલામના ફૂલોના ગુચ્છાઓ સજાવી રજૂ કરતા રહો. ફરિશ્તાઓની સાથે આપણી "સલાત" એક પ્રકારની

દુઆ છે અને અલ્લાહ તઆલાનું "સલાત" મોકલવું પોતાના હબીબ પર ખાસ રહમતની વર્ષા છે. કેટલાક હઝરાતનું આ પણ કથન છે કે, શબ્દ **યુસલ્લુન**થી **યુબારિકૂન** મુરાદ છે.

(આ દુરુસ્ત જણાતું નથી કેમ કે) નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુરૂદ શરીફ શિખવાડતા વખતે શબ્દ "સલાત" અને "બરકત"ના વચ્ચે ફર્ક કર્યો છે અને દુરૂદો સલામ મોકલવાના હુકમની અમે આગળ ચર્ચા કરીશું. (ઈન્શાઅલ્લાહ તઆલા !)

કેટલાક મુતકલ્લિમીન હઝરાત کھیٰعٓصٓ ની તફસીરમાં ચર્ચા કરી છે કે આમાં અક્ષર "કાફ" કિફાયત (પ્રર્યાપ્ત)થી છે. જેવું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :–

اَلَیْسَ اللّٰہُ بِکَافٍ عَبْدَہٗ **અર્થ** : શું અલ્લાહ પોતાના બંદાના માટે પૂરતો નથી ? *(સૂ. ઝમર, આયત–૩૬)* "હા"થી હિદાયત મુરાદ છે. જેવો કે બારી તઆલાનો ઈર્શાદ છે :–

وَیَھْدِیَکَ صِرَاطًا مُّسْتَقِیْمًا ۝ **અર્થ** : "અને તમને સીધો માર્ગ દેખાડી દે." *(સૂ. ફત્હ, આયત–૨)* અને "યા" તાકીદ કરી છે. જેવું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : اَیَّدَکَ بِنَصْرِہٖ **અર્થ** : "અને તમને જોર આપ્યું પોતાની મદદનું." અને "એન" ઈસ્મત (પવિત્રતા)ની છે જેના વિશે અલ્લાહ عزوجل એ ફર્માવ્યું :–

وَاللّٰہُ یَعْصِمُکَ مِنَ النَّاسِ ۝ **અર્થ** : "અને અલ્લાહ લોકોથી તમારી દેખભાળ રાખશે." *(સૂ. માઈદહ, આ. ૬૮)* અને "સ્વાદ"થી તેની સલાત મુરાદ છે. જેના સંબંધી ખુદાનો ફર્માન છે :– اِنَّ اللّٰہَ وَمَلٰٓئِکَتَہٗ یُصَلُّوْنَ عَلَی النَّبِیِّ ط મુસ્તફાની વિશિષ્ટતાઓમાં આ પણ ઈર્શાદ છે :–

اِنْ تَظٰھَرَا عَلَیْہِ فَاِنَّ اللّٰہَ ھُوَ مَوْلٰىہُ وَجِبْرِیْلُ وَصَالِحُ الْمُؤْمِنِیْنَ وَالْمَلٰٓئِکَۃُ بَعْدَ ذٰلِکَ ظَھِیْرٌ ۝ **અર્થ** : "અને જો એમની ઉપર જોર નાંખો તો બેશક ! અલ્લાહ એમનો મદદગાર છે અને જિબ્રઈલ અને નેક ઈમાનવાળાઓ અને ત્યાર પછી ફરિશ્તાઓ સહાય માટે છે." *(સૂ. તહરીમ, આયત–૪)*

શબ્દ મૌલાથી વલી મુરાદ છે અને صَالِحُ الْمُؤْمِنِیْنَ થી કેટલાક અંબિયાએ કિરામ મુરાદ લીધા છે. કેટલાકના નજીક ફરિશ્તા મુરાદ છે. કેટલાકનું કથન છે કે, તેનાથી હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما મુરાદ છે. કેટલાક કહે છે કે, આના સંબંધે અહલે ઈમાન (ઈમાનવાળા) મુરાદ છે. જેવું કે સાધારણતાથી જાહેર થઈ રહ્યું છે. *(ક્રમશઃ)*

## બાળકોનો તર્બિયતી ગુલશન –કાર્યાલય

## પુરૂષના હાથમાં સોનાની વિંટી એટલે આગનો અંગારો !

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એક વ્યકિતના હાથમાં સોનાની અંગૂઠી (વિંટી) જોઈ તો આપે એને કાઢીને ફેંકી દીધી. અને ફર્માવ્યું કે શું તમારામાંથી કોઈ ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં રાખે ?! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તશરીફ લઈ ગયા પછી એ વ્યકિતને બધાએ કહ્યું કે, તું તારી અંગૂઠી ઉઠાવી લે અને વેચીને એનાથી ફાયદો મેળવ ! તે શખ્સે જવાબ આપ્યો, **નહીં ! અલ્લાહની કસમ ! એને કદી પણ હાથ નહીં લગાડુ જેને રસૂલે ખુદા صلی اللہ علیہ وسلم એ ફેંકી દીધી છે ! હું એને કદી પણ નહીં લઉં !** *(મિશ્કાત બહવાલા સહીહ મુસ્લિમ)*

**ફાયદો** : પ્યારાં બાળકો ! આ પરથી જાણવા મળ્યું પુરૂષોએ સોનાની અંગૂઠી પહેરવી ન જોઈએ. તમો પણ જીવનમાં આ બોધપાઠ જરૂર યાદ રાખશો.




# ગૈર આલિમે પોતે તફસીર લખવા (બોલવા) વિશે હુકમ

★ **અઝ** : જલાલતુલ્ ઈલ્મ, હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા અબ્દુલઅઝીઝ મુહદ્દિષ મુરાદાબાદી رحمۃ اللہ علیہ

**-કાર્યાલય**

શું ફર્માવે છે ઓલમાએ દીન અને મુફ્તિયાને શરએ મતીન આ મસ્અલા બાબત કે એક માણસ હાજી મુહમ્મદ નામનો જે મામૂલી ફારસી તથા ઉર્દૂ જાણે છે અને અરબી જ્ઞાનથી સાવ કોરો છે એટલે સુધી કે મીઝાન તથા મુન્શઈબ પણ નથી જાણી શક્તો. તેની જેહાલત એટલી હદે છે કે હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના ફત્વા જેમ કે કરન્સી નોટના મસાઈલ, હુક્કો પીવો, ખુત્બાની બીજી અઝાન વગેરેની તેહકીકને માત્ર પોતાની અજ્ઞાનતાના કારણે અસત્ય બતાવે છે. તેની હઠધર્મી એટલી હદે પહોંચેલી છે કે ફત્વો આપવામાં આવેલ મસ્અલો કે મુસાફિર લાંબા અંતરને ઝડપી સવારીથી પાર કરી લે છતાં પણ મુસાફર જ છે, આ મસઅલાનો ઈન્કાર કરે છે અને પોતાના ખયાલ તથા ઈજતેહાદને માન્ય રાખે છે. તો શું આટલો અજ્ઞાન અને કોરો માણસ કુર્આન શરીફની તફસીર ઉર્દૂ ભાષામાં લખી શકે છે ? અને તેનો આ ઈરાદો દુરુસ્ત છે ? અને સામાન્ય લોકો માટે તેની તફસીર જોવી અને મદદ પેટે તેને તફસીર લખવા માટે રૂપિયા, પૈસા આપવા યોગ્ય છે ?

**અલ્ જવાબ** : આ'લા હઝરતના ફતવા શરઈ મજબૂત દલીલોથી ચકચકીત છે જેને અસત્ય બતાવવા દુશ્મની, ફસાદ અને અજ્ઞાનતા ભર્યું છે. શરઈ મસાઈલનો ઈન્કાર પોતાની અજ્ઞાનતાનો ઈકરાર છે. અને અલ્લામા ઈબ્ને અબ્દુલ વહહાબ શઅરાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ પોતાની કિતાબ મીઝાનુશ્શરઈય્યતુલ કુબરામાં ફર્માવે છે કે જે માણસે ઉલમાએ કિરામના કથનને રદ કર્યું અને તેને શરીઅતથી બહાર કર્યું તો સમજો કે તે પોતે પોતાની અજ્ઞાનતાની ગવાહી આપી રહ્યો છે.

માટે હાજી મુહમ્મદનું શરીઅતના મસ્અલાને ખોટા તથા અસત્ય બતાવવું પોતાની જેહાલતને કબૂલ કરવું છે. **એવો માણસ જે શરઈ જ્ઞાન તથા અરબીથી અભણ હોય અને છતાં કુર્આન મજીદની તફસીર લખવાનો ઈરાદો કરે તો આ તેની જેહાલતનો નશો અને અજ્ઞાનતાનું ઉદ્ધતપણું છે.** કારણ કે કુર્આને મજીદની તફસીર લખવું ઘણુ જ મહત્વનું અને મુશ્કેલ કામ છે જેના માટે પુષ્કળ ઈલ્મોની જરૂર હોય છે. અને મોટા મોટા ફાઝિલો એના પ્રત્યે પોતાની આજીજીનો સ્વીકાર કરે છે. અને આ મેદાનમાં કલમ ઉઠાવવા માટે ખૌફ કરતા રહ્યા છે. અલ્લામા કાઝી બૈઝાવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ જેવી જલીલુલ કદ્ર હસ્તીઓએ પોતાની તાકાત બહાર વિચાર્યુ. કુર્આન મજીદ ઈલ્મનો સમુદ્ર છે જે અસીમ છે જે માણસ ધાર્મિક જ્ઞાન અને અરબી જ્ઞાનથી અભણ છે તે કુર્આનનો મતલબ સમજી જ નથી શક્તો તો તફસીર લખવાની વાત દૂર જ રહી. આવા માણસ માટે કુર્આનની તફસીર લખવી સદંતર જાઈઝ નથી અને સામાન્ય લોકોએ આ કામ માટે તેની મદદ કરવી દુરુસ્ત નથી.

*-(બહવાલા : માહનામા અશ્રફિયા, મુબારકપુર, જાન્યુ-૦૪)*

**નોંધ** : ઉપરોક્ત ફત્વામાં મહાન આલિમો તફસીર લખવા બાબતે આજીજી દર્શાવે છે તો પછી **કોઈ જાહિલ માણસ આયત પઢીને પોતાના દિમાગથી તેની તફસીર બયાન કરે તે પણ એ જ પ્રમાણે નાજાઈઝ તથા ગુમરાહી છે.** મૌલા તઆલા દરેકને સાચી સમજ આપે. *(સંપૂર્ણ)*

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફ્તી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## પહાડો તોડીને સડકોની બાંધણી

એ જ બનાવોમાંથી પહાડોનું સવારીઓના માટે જે તેમના પર ચાલે છે પોતાની જગાએથી દૂર થઈ જવું છે એટલે કે મોટરો અને ગાડીઓના માટે માર્ગો બની જવા, સડકી અને શહેરના વિસ્તારોનું વિશાળ થઈ જવું અને એના સિવાય અન્ય ચીજો જે અનુભવોના આધારે આજે જમીનમાં પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

واذالجبال سيّرت ''અને જ્યારે પહાડો ચલાવવામાં આવશે.'' *(પારા–૩૦, સૂ. તકવીર, આ. ૩)*

અમે પહેલાં દર્શાવ્યું કે આ નિશાની કિયામતના કાયમ થતા પહેલાં દુનિયામાં જાહેર થશે. **તયસર**નો અર્થ પોતાના સ્થાનેથી હટી જવું.

ઈમામ અહમદ પોતાની મુસ્નદમાં સમુરહ ઈબ્ને જુન્દુબથી રિવાયત કરે છે. તેમણે સલાતુ કુસૂફમાં આ હદીષને રિવાયત કરી અને તેના પછી તેનો ખુત્બો છે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કૌલ છે :–

وايـم الله لقد رايت منذ قمت اصلى ماانتم لاقون فى امـردينكم وآخرتكم وانه والله لا تقوم الساعة حتى يخرج ثلا ثون كذابا وآخرهم الا عورالدجال۔

''ખુદાની કસમ ! મેં નમાઝ પઢવાની હાલતમાં તે ચીજ જોઈ છે જેને તમે તમારા દીન તથા આખેરતની બાબતમાં પામશો અને તે એ છે કે ખુદાની કસમ ! કિયામત કાઈમ થતા પહેલાં ત્રીસ જૂઠા પૈદા થશે અને તેમાં આખરી કાણો દજ્જાલ થશે. *(મુસ્નદે અહમદ)*

પછી આપે મુસલમાનો અને યહૂદીઓની પેલેસ્ટાઈનની જંગનો ઉલ્લેખ કર્યો અને ફર્માવ્યો :–

ولـن يـكـون ذالك حتى ترونٔ امورايتفاقم شانها فى انـفسكـم ستسـأولون بينكم هل كان نبيكم ذكرلكم منهاذكرا، وحتى تزول الجبال عن عوا تبها۔

''એવું તે વખતે થશે જ્યારે કે તમે એવા બનાવો જોશો જેમની શાન તમારા માટે ઘણી બુલંદ હશે અને તમે આપસમાં પૂછશો કે શું નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના બારામાં કાંઈ ફર્માવ્યું હતું ? અને જ્યારે પહાડ પોતાના સ્થાનેથી ખત્મ થઈ જશે. *(મુસ્નદે અહમદ)*

બઝ્ઝાર અને તિબ્રાનીએ આ શબ્દોમાં રિવાયત કરી :–

لاتـقـوم السـاعة حتـى تـرواأموراعظا مالم تكونوا ترونها وحتى تزول الجبال عن اما كنها۔

''કિયામત કાયમ થતાં પહેલાં તમે એવા મહાન બનાવો જોશો જે તમે કદી નહીં જોયા હોય અને પહાડ પોતાના સ્થાનેથી ખત્મ થઈ જશે. *(તિબ્રાની)*

ઈમામ અહમદે કિયામતની નિશાનીઓના

બયાનમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી એક હદીષ રિવાયત કરી જે લૈલતુલ અસ્રારમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ના બારામાં છે. છેવટ હદીષમાં આ પ્રમાણે છે :–

ثم تنسف الجبال وتمدالارض مدالا ويم۔

"પછી પહાડ પાડી નાખવામાં આવશે અને જમીન ચામડાની જેમ ફેલાવી દેવામાં આવશે. *(મુસ્નદે અહમદ, જુઝઉલ અવ્વલ, પેજ–૩૭૫)*

પછી ફર્માવ્યું કે એ રાતમાં મારા રબે મને જિમ્મેદાર બનાવ્યો હતો કે એવું ત્યારે થશે જ્યારે કે આવું આવું થશે કેમ કે કિયામતનું દષ્ટાંત તે સગર્ભા ઊંટની જેમ છે જે બાળ જન્મની નજીક હોય અને તેના માલિકને ખબર નથી કે દિવસ અથવા રાતમાં એ ક્યા સમયે બચ્ચુ જણશે."

આ "નસ્ફ" તે "નસ્ફ"થી અલગ છે કે જે કુર્આને કરીમની આ આયતમાં છે :–

ويسئلونك عن الجبال فقل ينسفهاربى نسفا


"અને તમારાથી પહાડો વિશે પૂછે છે, તમે ફર્માવો તેને મારો રબ રજકણ રજકણ કરી નાખશે." કેમ કે એ "નસ્ફ" કયામત કાયમ થયા બાદ થશે જ્યારે કે પહાડ પીંજેલા ઉનની જેમ થઈ જશે. અને આ "નસ્ફ" (જે હદીષમાં છે તે) કિયામત કાયમ થતાં પહેલાં થશે બલ્કે એ તો કિયામતની તે અલામતો તથા નિશાનીઓમાંથી છે જે કિયામતની નજદીકીની દલીલો પૂરી પાડે છે. આ "નસ્ફ"નું સમર્થન એ વાતથી થાય છે કે દુનિયામાં દરરોજ ક્યાંક પહાડને ડાયનામેટ વડે ઉડાડવામાં આવી રહ્યો છે ક્યાંક યંત્રો વડે ખોદકામ કરીને, અને આ રીતે પહાડી જમીનને ચામડાની જેમ ફેલાવવામાં આવી રહી છે ત્યાં સુધી કે જ્યારે હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ઉતરાણ કરશે તો તે તમામ ચીજોને એ હાલતમાં પામશે.

## વીજળી અને તેની રોશની

એ જ બનાવોમાંથી વીજળી છે કે આજે ઘરોમાં, માર્ગોમાં, કારો અને ગાડીઓની સફરમાં તેના થકી રોશની મેળવવામાં આવે છે. અલ્લાહ બેહતર જાણે છે કે આ કૌલથી એની મુરાદ શું છે. واذالنجوم انكدرت "અને જ્યારે તારાઓ મંદ પડી જાય." *(સૂ. તકવીર, આ. ર)*

પાછલા પૃષ્ઠોમાં અમે સહાબાએ કિરામ અને અન્ય તાબઈનથી નકલ કર્યું છે કે આ આયત એ નિશાનીઓમાંથી છે જે કિયામતની સ્થાપ્ના પહેલાં દુનિયામાં જોવા મળશે. انكدارالنجم નો અર્થ છે તારાઓની રોશનીનું મંદ પડી જવું અથવા વીજળીની રોશનીની મૌજૂદગીમાં તેમની રોશનીનું તદ્દન ખત્મ થઈ જવું, માર્ગો તથા મુસાફરી દરમ્યાન તારાઓની રોશનીથી બેપરવા થઈ જવું, અંધારી રાતોમાં માર્ગ ઓળખવા માટે તેમનાથી મદદ ન લેવું, કેમ કે વીજળીના પ્રકાશથી પહેલાં અંધારી રાતોમાં કેવળ તારાઓની મદદથી જ માર્ગની પેહચાન કરતા હતા, જ્યારે વીજળીની શોધ (ટોમ્સ એડીસન અમેરિકીએ ઈ.સ. ૧૮૯૨ માં કરી) થઈ ગઈ તો તારાઓની રોશની મંદ પડી ગઈ અને લોકો તેનાથી બેપરવા થઈ ગયા અને તેમણે ઊંટ પર સફર કરવાનું છોડી આપ્યું અને તેને અલ્લાહ તઆલાએ પોતાના કલામમાં આ રીતે ફર્માવ્યું : واذالعشارعطّلت "જ્યારે યુવાન ઊંટડીઓ છૂટી ફરે." એનું વર્ણન પાછલાં પૃષ્ઠોમાં આવી ગયું છે.

એનું અધિક સમર્થન તથા ખુલાસો એ વાત પરથી પણ થાય છે કે અલ્લાહ તઆલાએ સૂરજને ઈન્કેદાર (રોશનીનું જવું)થી તા'બીર નથી કર્યું બલ્કે તકવ્વિર (લપેટી દેવામાં આવ્યું)થી તા'બીર કર્યું. હા ! એથી ઉલ્ટુ થાય છે કે સૂરજ વીજળીની રોશની પર અસર કરે છે, જેથી તારાઓથી ઉલ્ટુ સૂરજની સમક્ષ વીજળીની કોઈ હકીકત નથી. *(ક્રમશઃ)*



# ઈમામ અહમદ રઝા ઔર એહ્તેમામે નમાઝ

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી-મુંબઈ
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

## આ'લા હઝરત ઔર જમાઅત કો મસ્જિદમેં હાઝરી !

આ'લા હઝરત અઝીમુલ બરકત સૈયેદેના ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી قدس سرہٗ ને જમાઅત કી પાબંદી ઔર મસ્જિદ કી હાઝરી કી તરફ ઝબાની ઔર તહરીરી તાકીદ હી નહીં ફર્માઈ હૈ બલ્કે ઉસ પર સખ્તી કે સાથ અમલપેરા થે. અગર આપકી ઝિંદગીએ પાક કા જાએઝા લીજિએ તો ઉસમેં નુમાયાં તૌર પર (દેખીતી રીતે જ) સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین કી હયાતે તૈયેબહ કા (પાક ઝિંદગીયોં કા) અકસે જમીલ (નૂરાની પ્રતિબિંબ) ઝલકતા હુવા નઝર આએગા. ઔર આપ મહસૂસ કરેંગે કે આ'લા હઝરત علیہ رحمۃ الرحمٰن ને ઝિંદગીભર માહે રિસાલત صلی اللہ تعالٰی علیہ وسلم ઔર ઉનકે નુજૂમે હિદાયત (હિદાયતના તારાઓ) સે જો કસબે નૂર કિયા થા (નૂર પામ્યું હતું) વો નૂર ખૂદ ઉનકી ઝાતે અન્વરમેં ઝગમગા રહા હૈ. બુળ્હાપે કા ઝમાના હૈ કષરતે કાર, હુજૂમે અફકાર વ શિદતે અમરાઝ કે બાઈષ આપકે કવા (અતિશય કામનો બોજ, ચિંતાઓ તથા બિમારીઓના લીધે આપની તાકાત) સાથ છોળતે જા રહે હૈં, નકાહત ઔર કમઝોરી હદ દરજા કો પહુંચ ચુકી હૈ, ચંદ કદમ ચલનેકી ભી બદનમેં તાકત નહીં રહ ગઈ, મગર ઈસ મર્દે બાખુદા કે હોસલા કી બલંદી કા અજબ હાલ હૈ કે વો તમામ દુશ્વારિયોં, મજબૂરિયોં ઔર મઅઝૂરિયોં કે બાવજૂદ કુર્બે મૌલા કે શૌકમેં જાનિબે મંઝિલ યૂં રવાં દવાં હૈ કે :–

ઝોઅફ માના મગર ઐ ઝાલિમ દિલ
ઉનકે રસ્તેમેં તૂ થકા ન કરે

વો મંઝિલે મસ્જિદ હૈ જહાં ઈત્તેબાએ રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم કા જઝબાએ સાદિક ઉન્હેં કશાં કશાં લિએ જા રહા થા. આપ ભી ઉસ્કા એક મન્ઝર મુલાહેઝા કીજીએ, ફર્માતે હૈં :–

અજલ નઝદીક ઔર અમલ રકીક (એટલે કે મૌત નજીક છે અને અમલો તુચ્છ છે.)

"ચાર દિન કમ પાંચ મહીને હુએ આંખ દુઃખને આઈ ઔર ઈસ પર ઈતવાર મુખ્તલિફા વારિદ હુએ. (એમાં વિવિધ વાતો ઉમેરાઈ) ઝોઅફ (કમઝોરી) કાઈમ હો ગયા, સિયાહ (કાળા વલયો) નઝર આતે હૈં, આંખેં હમા વક્ત નમ (સતત પાણીથી તર) રહતી હૈં, અવ્વલ તો મહીનોં કુછ લિખ પળ્હ હી ન સકા, અબ યે હાલ હૈ (કે) ચંદ મિનટ નિગાહ નીચી કરનેસે આંખ ભારી પળ જાતી હૈ, કમઝોરી બળ્હ જાતી હૈ. પાંચ મહીનેસે મસાઈલો રસાઈલ અઝ ઝબાની બતાકર લિખ્ખે જાતે હૈં. બારહવીં રબીઉલ અવ્વલ કી શામસે એક ઐસા મર્ઝ

લાહિક હુવા (બીમારી લાગુ પડી) કે ઉમ્રભર ન હુવા થા, ન અલ્લાહ કિસી કો ઉસમે મુબ્તેલા કરે. પછ્ત્તર (૭૫) ઘંટે મુકમ્મલ ઈજાબત ન હુઈ (છુટકારો ન થયો), પેશાબ ભી બંદ હો ગયા. મૌલા તઆલાને ફઝ્લ ફર્માયા મગર ઝોઅફ બદરજા ગાયત (અતિશય કમજોરી) હૈ, નવવાં રોઝ હૈ, બુખાર કા દૌરા (તાવ શરૂ થયો) હુવા. ઝોઅફ કો ઔર કુવ્વત મિલી. (ઔર કમજોરી વધી !) રોઝ તજર્બા કિયા (અનુભવ કર્યો) મસ્જિદ તક જાને આને કે તઅબસે (થાકથી) ફૌરન બુખાર (તાવ) આ જાતા હૈ. મજબૂરાના કઈ રોઝસે યે હૈં કે કુર્સી પર બિઠાકર ચાર આદમી લે જાતે હૈં ઔર લાતે હૈં. મૈં ઝોહર કો જાતા ઔર મગરિબ પઢકર આતા હૂં, તાલિબે દૂઆ હૂં.''

આપ કે ખુતૂત કે મુતાલેઆસે અયાં હોતા હૈ (આપના પત્રોના અભ્યાસ પરથી જાહેર થાય છે) કે આપ કો ઈત્તેબાએ સુન્નત (સુન્નતની પાબંદી) કા કિસ કદર શૌક થા કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم કે એક એક કૌલો ફેઅલ (વાણી, વર્તન) પર અમલ કે લિએ દીવાનાવાર મચલ રહે હૈં. બદનમેં તાકત નહીં લેકિન જમાઅતમેં શિર્કત (હાજરી) કે લિએ બેચૈન હૈં કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم કો કિસી ભી હાલમેં વુસ્અત કે બાવજૂદ જમાઅતસે ગૈરહાજરી ગવારા ન થી, લેહાઝા લોગોં કે સહારે કુર્સી પર બૈઠકર મસ્જિદમેં હાઝિર હો રહે હૈં ઔર હાલત યે હૈ કે આમદો રફ્ત (આવ જા) ભી આપકે લિએ કુલ્ફત વ મશક્કત કી બાઈષ (તકલીફનો સબબ) હૈ, યે સબ ઉસ જઝ્બએ શૌકમેં થા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કે સહાબા ભી બીમારો નાતવાનાઈ (બીમારી તથા કમજોરીની) હાલતમેં દો આદમિયોં કે બીચમેં ચલકર જમાઅતમેં શરીક હુવા કરતે થે. ઔર એક દફા ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ભી ઈસી અંદાઝસે મસ્જિદમેં તશરીફ લાએ થે. બિલા શુબ્હા ! આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કા યે મિષાલી કિરદાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઔર સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین કી વો અદા જો આપ દો આદમિયોં કે બીચમેં ચલકર જાનેમેં થી કુર્સી પર જાનેમેં અદા નહીં હોતી, ઈસ લિએ કભી કભાર આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان દો આદમિયોં કે બીચમેં ચલકર ભી મસ્જિદ તશરીફ લે ગયે તા કે મહબૂબ કી વો અદા ભી અદા હો જાએ ! એક આશિક કે લિએ અદાએ મહબૂબમેં મુશાબેહત કા જો લુત્ફ હૈ વો સિર્ફ મુતાબઅતમેં કહાં ! (મહબૂબના જેવી જ અદા કરવામાં જે મજા છે તે કેવળ ફર્માંબરદારીમાં ક્યાં ! એટલે કે ગમે તે રીતે નમાઝ પઢીને ફર્માંબરદારી તો થઈ જ જાય પણ જે રીતે હુઝૂર બે સહાબા વચ્ચે આવીને પઢયા એવી જ રીતે પઢવામાં આવે !)

૨૫–સફર હિ.સ. ૧૩૪૦ કો વિસાલ હોતા હૈ. મર્ઝ (બીમારી) મહીનોંસે થા ઔર ઐસા કે ચલને ફિરને કી તાકત નહીં, શરીઅત ઈજાઝત દેતી હૈ કે ઐસા મરીઝ (બીમાર) ઘરમેં નમાઝ પઢ લે. મગર ઈમામ અહમદ રઝા علیہ الرحمۃ والرضوان જમાઅત કી પાબંદી કરતે ઔર ચાર આદમી કુર્સી પર બિઠાકર મસ્જિદ તક પહુંચાતે. જબ તક ઈસ તરહ હાઝરી કી કુદરત થી જમાઅતમેં શરીક હોતે રહે. *(ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ, સફા–૫૬)*

**અલ્લાહુ અકબર !** ક્યા શૌકે જમાઅત થા ઈમામ અહમદ રઝા કા ! યકીનન ! રહમતે ખુદાવંદીઓ કરમે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم કો દઅ્વત દેને કે લિએ ઔર અપની તરફ માઈલ કરને કે લિએ હુકમે ખુદાવંદીઓ ફર્માને મુસ્તફવી પર અમલ બેહદ ઝુરૂરી હૈ.

હઝરત અલ્લામહ્ મુહમ્મદ અહમદ મિસ્બાહી دام ظلہ العالی ફર્માતે હૈં, મૈંને ''જમલુન્નૂર ફી નેહિન્નસાએ અન્ ઝિયારતિલ્ કુબૂર'' કે હાશિયામેં અપને ઉસ્તાદે મોહતરમ હુઝૂર હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલઅઝીઝ

સાહબ મુરાદાબાદી (હિ.સ. ૧૩૬૯–૧૩૧૨) કી રિવાયતસે લિખ્ખા હૈ :–

"આ'લા હઝરત ઈમામ રઝા علیہ الرحمۃ والرضوان કો એક બાર મસ્જિદ લે જાનેવાલા કોઈ ન થા, જમાઅત કા વક્ત હો ગયા, તબીઅત પરેશાન ! નાચાર **ખૂદ હી કિસી તરહ ઘસીટતે હુએ હાઝિરે મસ્જિદ હુએ ઔર બાજમાઅત નમાઝ અદા કી.** આજ સેહતો તાકત ઔર તમામતર સહૂલત કે બાવજૂદ તર્કે નમાઝ ઔર તર્કે જમાઅત કે માહોલમેં યે વાકેઅહ્ એક અઝીમ દર્સે ઈબ્રત હૈ. *(ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ, સફા–૫૬)*

ઈમામ અહમદ રઝા علیہ الرحمۃ والرضوان અગર ચાહતે તો ઘરમેં શાગિર્દો કે સાથ જમાઅત કાઈમ કર લેતે, લેકિન ! મુસ્તફા જાને રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم કા ખયાલ કરતે હુએ અપને વજૂદકી ઔર અપની તકલીફકી પરવા કિએ બગૈર મસ્જિદ કી તરફ તશરીફ લે ગયે, ઈસ લિએ કે મહબ્બત કુર્બાની ચાહતી હૈ, દલીલ ચાહતી હૈ, મહબૂબ કી ખુશી ચાહતી હૈ. અય ઈમામ અહમદ રઝા ! આપકી અઝમતોં પર કુર્બાન ! આપને ઈશ્કે મુસ્તફા જાને રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم કી ઐસી દલીલ પેશ કી કે કહીંસે કોઈ એતરાઝ કી ગુંઝાઈશ બાકી નહીં રહતી. અગર આજ હમ ભી અપની ઝિંદગી કો ઉન્હી ખુતૂત (ચીલે) પર ગુઝારના શુરૂઅ કર દેં જિન ખુતૂત (ચીલે) પર આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان ને ગુઝારને કી તા'લીમ દી હૈ. તો મૈં પૂરે દઅ્વે કે સાથ કેહતા હૂં કે ઈન્શાઅલ્લાહ ! જુમલા ફિર્કાહાએ બાતિલાકો શિકસ્તે ફાશ (તમામ બાતિલ ફિર્કાવાળાઓને સખત હાર) ઔર અહલે સુન્નત કો ઉરૂજ (પ્રગતિ) નસીબ હોગા.

અલ્લાહ عزوجل જલ્દ અઝ જલ્દ રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم કે સદકાઓ તુફૈલ હમ સબકો મઅ્મૂલાતે આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કી પાબંદી કી તૌફીક નસીબ ફર્માએ. આમીન.

## ઈમામ અહમદ રઝા ઔર તઅ્દીલે અરકાને નમાઝ

**આયત શરીફ :–**

اِنَّ الصَّلٰوۃَ تَنْھٰی عَنِ الْفَحْشَاءِ وَالْمُنْکَرُ ط

**તર્જુમા** : "બેશક ! નમાઝ બેહયાઈ ઔર બુરી બાતોંસે રોકતી હૈ."

નમાઝ કી ઈફાદિયત (લાભકારકતા) કુર્આન મુકદસમેં ખાલિકે કાયનાત عزوجل ને વાઝેહ (સ્પષ્ટ) ફર્માઈ કે નમાઝ બેહયાઈ ઔર બુરી બાતોંસે રોકતી હૈ. લેકિન ! આજ હમ દેખતે હૈં કે બેશુમાર નમાઝી ઐસે ભી હૈં જો નમાઝેં ભી પઢતે હૈં, જૂઠ ભી બોલતે હૈં, અમાનતમેં ખયાનત ભી કરતે હૈં, વા'દા ખિલાફી ભી કરતે હૈં, ગાલી ગલોચ ભી કરતે હૈં, ગાને–બાજે–તમાશેમેં ભી મસરૂફ નઝર આતે હૈં. ઈલ્લા માશાઅલ્લાહ !

આખિર કૌનસી ઐસી કમી હૈ નમાઝીમેં, જિસકે સબબસે નમાઝ કે ફાઈદેસે મહરૂમ નઝર આતે હૈં ? આઈયે ! રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم કે મુકદસ ફર્માન કી રોશનીમેં ઉન ખામિયોં કો તલાશ કરેં.

## નમાઝમેં ચોરી કરનેવાલે કા અંજામ !

**હદીષ** : "વો નમાઝ નાકિસ (અપૂર્ણ) હૈ જિસમેં નમાઝ પઢનેવાલેને રુકૂઅ ઔર સજદેમેં અપની પીઠ સીધી ન રખ્ખી હો." *(તિર્મિઝી)*

એક બાર તાજદારે કાયનાત صلی اللہ تعالیٰ علیہ وسلم ને લોગોંસે પૂછા કે શરાબી, ઝાની ઔર ચોર કો તુમ લોગ કૈસા સમજતે હો ? લોગોંને જવાબ દિયા, અલ્લાહ વ રસૂલ બેહતર જાનતે હૈં ! (અઝ્ઝ વ જલ્લ વ સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) તાજદારે કાયનાત صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા :–

**તર્જુમા** : યે સબ ખુલે બળે ગુનાહ હૈં ઔર સઝાકે મુજિબ (લાયક) હૈં ઔર ચોરિયોંમેં બદ્તરીન, નમાઝ કી ચોરી હૈ. દર્યાફ્ત કિયા ગયા, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ નમાઝ કી ચોરી કૈસે કરતા હૈ ?! ઈર્શાદ હુવા કે, "રુકૂઅ ઔર સજદે મુકમ્મલ ન કરે." ઈસ તરહ કી નમાઝ અદા કરનેવાલોં કે અંજામ કે મુતઅલ્લિક તાજદારે કાયનાત صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા, **"અલ્લાહ عزوجل ઉસ શખ્સ કી નમાઝ કી તરફ નઝર નહીં ફર્માતા જો રુકૂઅ ઔર સજદે કે દરમ્યાન અપની પીઠ કો સીધી નહીં કરતા."** *(મિશ્કાત શરીફ)*

હઝરતે હુઝૈફહ્ رضی اللہ عنہ ને એક શખ્સકો દેખા કે વો રુકૂઅ ઔર સજદે પૂરી તરહ નહીં કર રહા હૈ. જબ વો નમાઝ પળ્હ ચૂકા તો હઝરત હુઝૈફહ્ رضی اللہ عنہ ને ઉસસે ફર્માયા :–

"તુમને નમાઝ નહીં પળ્હી ઔર અગર તુમ ઈસી હાલતમેં મર ગએ તો તુમ્હારી મૌત ઉસ મિલ્લત પર ન હોગી જિસે અલ્લાહ عزوجل ને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કો અતા ફર્માયા હૈ."

એક મકામ પર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માતે હૈં :

"જિસને નમાઝોં કે લિએ અચ્છી તરહ વુઝૂ કિયા ઔર ઉન્હેં વક્ત પર પળ્હા ઔર ઉનકે રુકૂઅ ઔર સજદે પૂરે પૂરે અદા કિએ, અલ્લાહ عزوجل કા વા'દા હૈ કે ઉસે બખ્શ દેગા. લેકિન ! જો ઐસા ન કરેગા ઉસકે લિએ અલ્લાહ عزوجل કા કોઈ વા'દા નહીં હૈ, ચાહેગા તો બખ્શ દેગા ઔર ચાહેગા તો અઝાબમેં ડાલ દેગા." *(મિશ્કાત શરીફ)*

તકમીલે નમાઝ કે લિએ ઔર કુબૂલિયતે નમાઝ કે લિએ હમ જાન ચૂકે કે ક્યા ક્યા બાતેં ઝુરૂરી હૈં. ઔર જબ તક ઉન ચીઝોં કી તકમીલ ન હોગી ષમરાતે નમાઝસે (નમાઝના ફાયદાથી) મહરૂમ રહોગે, ઈફાદાતે નમાઝ સે (નમાઝના લાભોથી) મહરૂમ રહોગે.

આઈયે ! અબ હમ દેખેં કે ઈમામે ઈશ્કો મહબ્બત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષ علیہ الرحمۃ والرضوان જુઝઈય્યાતે નમાઝકા કિતના એહતેમામ ફર્માતે.

આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان નમાઝમેં ઈસ કદર એહતેયાત ઔર જુઝઈય્યાતે મસાઈલ કા ઐસા ખયાલ ફર્માતે થે કે આમ લોગ નહીં બઅઝ ઉલમા ભી ઈસકે સમઝનેસે કાસિર (લાચાર) હૈં. હઝરત મૌલાના શાહ ખ્વાજા મુહમ્મદ હુસૈન સાહબ ચિશ્તી નિઝામી મેરઠી ષુમ્મ અલ્ અજમેરી ફર્માતે હૈં :–

૨૦ રમઝાન શરીફસે આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કી મસ્જિદમેં મોઅ્તકિફ હુવા, આપને ભી એઅ્તેકાફ ફર્માયા. એક દિન કબ્લ એ'તેકાફ અસ્ર કે વક્ત આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان તશરીફ લાએ ઔર નમાઝ પળ્હકર તશરીફ લે ગએ, મૈં મસ્જિદકે અપને કોનેમેં ચલા ગયા. થોળી દરમેં મુઝસે એક સાહબને ફર્માયા, આપને અભી અસ્ર કી નમાઝ નહીં પળ્હી ? મૈંને કહા, મૈંને હઝરત કે પીછે નમાઝ પળ્હી લી. ઉન્હોં ને કહા, હઝરત તો અબ પળ્હ રહે હૈં ! મુઝે ઈસ વજહસે યકીન નહીં આયા. ઔર કિસી વજહસે નમાઝ નહીં હૂઈ થી તો હઝરત કા હાફિઝહ્ (યાદશક્તિ) ઐસા નહીં કે મુઝે ભૂલ જાતે ઔર મત્લઅ ન ફર્માતે (જાણ ન કરે.) ઉન્હોંને મુઝસે ફિર કહા, દેખ લીજિએ ! વો પળ્હ રહે હૈં ! મૈંને બળ્હકર દેખા તો વાકઈ (સાચે જ) પળ્હ રહે થે ! મુઝે બેહદ હૈરત હુઈ ઔર આગે બળ્હકર ખળા રહા. સલામ ફેરને પર અર્ઝ કિયા, હુઝૂર ! મૈં સમઝ નહીં સકા ! આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان ને ફર્માયા, કાએદાએ આખિરામેં બાદ તશહ્હૂદ (અત્તહિય્યાત પછી) સાંસ કી હરકતસે મેરે

અંગરખે કા બંદ ટૂટ ગયા. ચૂં કે નમાઝ તશહ્હુદ પર ખત્મ હો જાતી હૈ, ઈસ વજહસે મૈંને આપસે નહીં કહા, ઔર ઘર જાકર બંદ દુરુસ્ત કરાકર અપની નમાઝ પળ્હ લી.

યે ઐસા વાકેઅહ્ હૈ જો અકષર સાહેબાનકી સમઝમેં નહીં આતા. સિર્ફ એક બુઝુર્ગને મુઝસે સુનકર બળી અઝમત કી. વો બુઝુર્ગ શૈખુલ અસ્ફિયા **હઝરત ખ્વાજા શાહ પીર અબ્દુલ હમીદ સાહબ બગદાદી** હૈં. બળોદામેં તશરીફ લાએ ઔર જામેઅ મસ્જિદમેં એક દિન મગરિબકી નમાઝ પળ્હાઈ. મૈંને ઐસા અષર કભી કુર્આન શરીફ પળ્હનેકા નહીં દેખા. બઅ્દહૂ માલૂમ કિયા કે યે કૌન બુઝુર્ગ થે ? તબ ઉનસે મિલને કે લિએ ઉનકી કિયામગાહ પર ગયા. એઅ્જાઝે કુર્આન કે સિલસિલેમેં ઉનકા યે વાકેઆ કાબિલે ઝિક્ર હૈ. શાહ સાહબને ફર્માયા :–

મૈં એક મર્તબા ઈરાન ગયા, વહાં આતિશ પરસ્તોં (અગ્નિપૂજક) કા એક આતિશકદા બહુત પુરાના હૈ. ઉસકી પરસ્તિશ (પૂજા) કરતે હૈં. ઉનસે મુબાહેષા કે લિએ લોગોંને મેરા નામ લે દિયા. મૈંને કહા, યે લોગ જિસે પૂજતે હૈં ઉસીસે પૂછ લો ! યા'ની આતિશકદેમેં (અગીયારીમેં) જાકર આગસે પૂછ લો, વો કિસકી રિઆયત કરતી હૈ ? (કોની આમાન્યા રાખે છે ?!) લોગોંને મહઝ ધમકાના સમઝા ઔર લોગોંને મેરા ઔર વહાં કે એક પૂજારીકા નામ મુકર્રર કર કે એક તારીખ, વક્ત મુઅય્યન (નક્કી) કર કે મુનાઝરે કા એલાન કર દિયા. વક્તે મુકર્રરા પર તમામ શહર કી મખ્લૂક કષરતસે મૌજૂદ થી. ઉસ વક્ત મૈંને ઉસ પૂજારીસે કહા, ચલીએ ! અબ વો ગભરાયા ઔર રુકા ! તો મૈંને ખયાલ કિયા કે અગર મૈં ભી રુકા તો લોગ મહઝ ધમકી સમઝેંગે. ઈસ વજહસે તનહા આતિશકદેમેં ચલા ગયા ઔર પૂરે ૨૦ મિનટ આગમેં ખળા રહા. બઅ્દહૂ નિકલ આયા, તો યે દેખકર બહુતસે આતિશ પરસ્ત મુસલમાન હો ગએ. ઔર ફર્માયાં, મૈં કુર્આન મજીદ લેકર ઔર યે સમઝકર આગમેં ચલા ગયા કે જબ હમકો કુર્આને અઝીમ નારે જહન્નમસે બચાએગા તો ઈસ મામૂલી આગસે ક્યૂં નહીં બચાએગા. તો વાકેઅહ્સે ઔર ઉન્કી કરામતસે હઝરાતે નાઝેરીન ઈન બગદાદી શાહ સાહબ કી બુઝુર્ગી ઔર કુવ્વતે ઈમાની કા અંદાઝા લગાએં. ઉસ બુઝુર્ગને મુઝસે આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કા યે વાકેઅહ્ અસ્રકી નમાઝ કા સુના, દુસ્રે દિન ઉનસે મુલાકાત હુઈ તો ઉસ બગદાદી શાહ સાહબને ફર્માયા, ''કલ સારી રાત રોતે ગુઝારી ! યહી કહતા રહા, ખુદાવંદ ! તેરે ઐસે ઐસે મકબૂલ આજ ભી હૈં જો ઈસ એહતેયાતસે નમાઝ પળ્હતે હૈં !'' *(હયાતે આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان, સફા–૧૮૩)*

સુબ્હાનલ્લાહ ! આ'લા હઝરત ઈમામ અહમદ علیہ الرحمۃ والرضوان જૈસા નમાઝસે મહબ્બત ઔર એહતેમામે નમાઝ કરનેવાલા માઝી કરીબ (નજીકના ભૂતકાળ) મેં તો કોઈ નઝર નહીં આતા. સચ હૈ ! મહબ્બત સચ્ચી હો તો આદમી અપની તકલીફ કો નહીં દેખતા, બલ્કે અપને મહબૂબ કી ખૂશી કો દેખતા હૈ. ઈમામ અહમદ રઝા علیہ الرحمۃ والرضوان એક સચ્ચે આશિકે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થે. ઈસ લિએ વો જાનતે થે કે નમાઝસે મેરે આકા صلی اللہ تعالیٰ علیہ وسلم કી આંખોં કો ઠંડક પહુંચતી હૈ.

લેહાઝા ઈમામ અહમદ રઝા علیہ الرحمۃ والرضوان હર તકલીફ કો બર્દાશ્ત કરતે હુએ નમાઝ કી પાબંદી, જમાઅત કી પાબંદી કરતે થે. કાશ ! અલ્લાહ عزوجل હમકો ભી ઈમામ અહમદ રઝા علیہ الرحمۃ والرضوان કે નક્શે કદમ પર ચલને કી તૌફીક અતા ફર્માએ, આમીન. બિજાહિન્નબી કરીમ અલૈહિ અફઝલુસ્સલાતુ વત્તસ્લીમ.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક :** મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ★ ટીકા ટીપ્પણનો ઈલાજ ★

તો વાત ચાલી રહી હતી પ્રશંસા પસંદીની. હવે મઝમ્મત (ટીકા ટીપ્પણ)નો ઈલાજ પણ જુઓ. યાદ રાખો કે કોઈ પણ વાત કહેવાવાળો કંઈક કહે છે તો તેના ત્રણ પ્રકાર જરૂર હોય છે : **(૧)** જો કોઈએ સાચુ કહ્યું અને શફકત (નરમી)થી કહ્યું તો આપણે તેના એહસાનમંદ તથા શુક્રગુઝાર થવું જોઈએ, કે તેણે આપણને આપણી ખામી (ભૂલ)થી સાવચેત કર્યા. તો આપણે તેનાથી મોઢું ફેરવવાના બદલે ભૂલની ઈસ્લાહ તરફ ધ્યાન આપવું જોઈએ, ન કે તેનું બુરું માનીએ. અને જો ખામી દીન વિશે હોય તે તો સાપની જેમ છે કારણ કે તે આખિરતમાં હલાકીનું કારણ (સબબ) બનશે. અને ઘણીવાર આ દુનિયામાં પણ આપણી ખામીઓથી સાવચેતી આપણા ભલા માટે જ હોય છે. **(૨)** જો આપણી ખામી કાઢવાવાળાએ જૂઠ કહ્યું અને તે ખામી તમારામાં નથી તો પણ ગુસ્સામાં આવવાના બદલે વિચારવું જોઈએ કે હું ખામીઓથી (જેનો આરોપ લગાડવામાં આવ્યો છે) તેનાથી પાક છું તો શું થયું ? આ સિવાયના ઘણાયે ઐબો અને ખામીઓ મારામાં છે જે તેને (સાવચેત કરનારને) ખબર નથી. માટે આ સંજોગોમાં પણ અલ્લાહનો શુક્ર અદા કરવો જોઈએ કે તેણે તે ખામીઓ પર પર્દો ઢાંકેલો છે અને તેને તારા એબોથી આગાહ ન કર્યો. અને એ પણ તો છે કે તે માણસે તારી ઐબ જોઈ કરી (ખામીઓ શોધી) પોતાની તમામ નેકીઓ તને ભેટમાં આપી દીધી ! કારણ કે હદીષ શરીફમાં છે કે (લોકોની) ખામીઓ શોધનારની નેકીઓ તે માણસના હિસાબમાં લખી દેવામાં આવે છે જેના તે ઐબ (ખામીઓ) શોધતો હતો. અને આ વાત પણ યાદ રાખવી જોઈએ કે જો તે માણસ તારી જૂઠી ટીકાના બદલે જૂઠી પ્રશંસા કરત તો તે તારા કત્લ (ખૂન) કરવા બરાબર હોત. તો પછી શું તને તારા કત્લ પર ખુશી થાય ? અને મફતમાં બીજાની નેકીઓ તને મળે તેનાથી તું નાખુશ થાય ? આવી વાત તો ફક્ત તે જ માણસ કરી શકે છે જે માત્ર આમાલના જાહેરને જ નિહાળતો હોય અને હકીકત તથા બદલાથી તેને કોઈ તાલ્લુક ન હોય અને આ જ વિચારવાની તે કળા છે જે અકલમંદ માણસને બેવકૂફથી અલગ કરી દે છે તથા આ જ તો ફરક છે જેના કારણે બેવકૂફ તથા અક્કલવાળાનો તફાવત જાણવા મળે છે. કારણ કે અક્લમંદ તો દરેક વસ્તુની હકીકત સમજવાની કોશિશ કરે છે અને જાહેરી (ઉપરી) શકલની તેને કોઈ ફિકર નથી હોતી. ટૂંકમાં ખુલાસો એ કે જ્યાં સુધી લાલચની ઉમ્મીદ લોકોથી તોડી નાખવામાં ન આવે ત્યાં સુધી આ બીમારીનું દિલથી દૂર થવું શક્ય નથી.

## ★ બેસબરી (અધીરાઈ) તથા તેના પર કંટ્રોલ ★

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો અને વહાલા વાંચકો ! આ દુનિયામાં તકલીફ તથા રાહત, ખુશી તથા નાખુશીનો ચોલી દામનની જેમ સાથ છે. આ દુનિયામાં દરેક માણસનો તકલીફ તથા આરામ બંને સાથે જરૂર પાલો પડશે. માટે માણસ પર જરૂરી છે કે કોઈ નેઅમત તથા રાહત મળે તો અલ્લાહનો શુક્ર અદા કરે અને જ્યારે તકલીફ તથા રંજ પહોંચે તો સબર કરે. સબરની આદત ઘણી જ સારી છે. કહેવત જાણીતી છે કે સબરનું ફળ હમેશાં મીઠુ હોય છે. માટે દરેક સ્ત્રી તથા પુરૂષ પર જરૂરી છે કે સબરનું દામન કોઈ પણ સંજોગોમાં ન છોડે. કોઈ તકલીફ અને કોઈ મુશ્કેલી પહોંચે તો જબાનથી તેના શિકવા શિકાયત ન કરે અને ન તો મુશ્કેલીથી ગભરાઈને આમ તેમ

ભટકતો, નાસતો ફરે કે આમ કરવું બેસબરી છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત છે કે જે માણસ પર કોઈ મુસીબત આવે અને તે સંપૂર્ણપણે સબર કરે તો તે જરૂર જન્નતમાં દાખલ થશે. કોઈએ પૂછયું કે સબ્રે જમીલ શું છે ? તો ફર્માવ્યું કે સખત ગમના કારણે આંખો ખુલી રહી જાય અને અલ્લાહના ખૌફના કારણે મોઢું (જબાન) બંધ રહે. *(તઝકેરતુલ્ વાઈઝીન)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما ફર્માવે છે કે સબરના ચાર પ્રકાર છે : **(૧)** ઈબાદત (બંદગી)ના સમયે સબર કરવી **(૨)** ગુનાહથી દૂર રહેવામાં સબર કરવી **(૩)** મુસીબત ઉતરવા પર સબર કરવી **(૪)** બલા પર સબર કરવી. *(તઝકેરતુલ્ વાઈઝીન)*

પ્યારા વાંચકો ! આજે આપણી હાલત કેટલી બદ્‌થી બદતર થઈ રહી છે. આપણે તો બિલકુલ મામૂલી તકલીફ પણ બર્દાશ્ત કરવાની કોશિશ નથી કરતા. એટલે કે આસાનીથી સવાબ મળી રહ્યો હોય તો પણ તેને છોડી દઈએ છીએ. આપણને કદમ કદમ પર સબરનો સવાબ કમાવવાનો મોકો મળે છે. દા.ત. **(૧)** રસ્તામાં પડેલ કેળાની છાલના કારણે પગ લપસી પડયો અથવા ઠોકર લાગી ગઈ તો શિકવા કરવા તથા બીજાને સંભળાવવાના બદલે સબર કરે તો સવાબ મળશે. જાહેર છે કે એલફેલ બકવાથી ન તો ઝખમ સાજુ થશે અને ન તો સવાબ મળશે બલ્કે નુકસાન જ નુકસાન થશે. **(૨)** રસ્તે ચાલતાં કોઈનો ધક્કો લાગી ગયો તો તેનાથી ઉલઝવાના બદલે સબર કરી લેવામાં આવે. **(૩)** કોઈ ગાડીથી ટકરાઈ ગઈ **(૪)** ગાડી ચલાવનારે કોઈ ઉલ્ટી સીધી વાત કહી દીધી **(૫)** આપણે રસ્તે ચાલી રહ્યા હતા, સડક પર ટ્રાફિક જામ થઈ ગઈ, સખત ગરમી પણ છે, હોર્નની અવાજથી કાન ફાટી રહ્યા છે તો આવા સમયે લોકો ખૂબ બબડે છે, ગાળો ભાંડે છે, જ્યારે કે આમ કરવાથી ટ્રાફિક ખાલી નથી થઈ જતી. જો આવા સમયે આપણે ખામોશ (ચૂપ) રહીએ તો સબર કરવાનો સવાબ મળી જાય છે. **(૬)** કોઈએ બુમો પાડી **(૭)** પથ્થર માર્યો **(૮)** કટાક્ષ કર્યો **(૯)** ઘરમાં પણ ભાઈ બહેનોએ મજાક ઉડાવ્યો **(૧૦)** પડોશીએ સારું વર્તન ન કર્યું અથવા કોઈ જુલ્મ કર્યો **(૧૧)** મસ્જિદમાં પગરખાં ચોરી થઈ ગયાં **(૧૨)** ખીસ્સુ કપાઈ ગયું **(૧૩)** કોઈએ કચરુ નાખી દીધું **(૧૪)** કોઈએ (વાત દરમ્યાન) આપણી વાત કાપી નાખી **(૧૫)** આપે અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન બયાન કર્યા તો કોઈએ તેના પર વગર કામના વાંધા ઉઠાવ્યા અને બયાનની કળાની મજાક ઉડાવી **(૧૬)** કોઈને ત્યાં મેહમાન ગયા અને તેણે ચાય પાણીનું ન પૂછયું **(૧૭)** સુન્નત તરીકા મુજબ ખાય પી રહ્યા હતા અને કોઈએ કટાક્ષ કર્યો. **(૧૮)** ઘરમાં હતા અને લાઈટ ચાલી ગઈ **(૧૯)** પાણી બંધ થઈ ગયું **(૨૦)** મકાનના માલિકે ભાડામાં વધારો કર્યો. **(૨૧)** બસ વગેરેની ભીડ ભાડમાં કોઈએ આપના પગ પર પગ રાખી દીધો. **(૨૨)** કોઈ સીગરેટ પી રહ્યું હતું અથવા કોઈ પ્રકારની દુર્ગંધથી તકલીફ પહોંચી **(૨૩)** પોતાની ગાડી વગેરેમાં કોઈ નુકસાન થઈ ગયું. **(૨૪)** કોઈ વસ્તુ તૂટી ગઈ **(૨૫)** રસ્તામાં કાદવ વગેરેના કારણે મુશ્કેલીમાં પડી ગયા **(૨૬)** ખાવા વગેરેમાં મીઠુ, મરચું વધારે થઈ ગયું **(૨૭)** કોઈ કડવી વસ્તુ મોઢામાં આવી ગઈ **(૨૮)** ખાવા ગરમ ન મળ્યું જ્યારે ગરમ ખાવાની ઈચ્છા હતી **(૨૯)** ઠંડુ પાણી પીવાની ઈચ્છા હતી પણ સાદુ પાણી મળ્યું **(૩૦)** ચાય, પાન, વગેરેની ઈચ્છા હતી પણ ન મળ્યું જેના કારણે તબિયત બેચેન થઈ **(૩૧)** ખરીદ વેચાણ દરમ્યાન અગમ્ય બનાવ બન્યો **(૩૨)** કારોબાર ઓછો થયો **(૩૩)** કોઈએ દગો કર્યો **(૩૪)** કોઈ થૂક્યું અને તે આપણી ઉપર આવી ગયું **(૩૫)** કોઈએ અજાણતામાં સખત વાતો કહી દીધી વગેરે.... આ પ્રકારના બનાવો રોજિંદા જીવનમાં આવતા રહે છે. આવા પ્રસંગે બે સબરા લોકો બબડતા રહે છે, ગાળો બકે છે પણ તેનાથી શું ફાયદો ?! જે થવાનું હતું તે થઈ ગયું ! બબડવા તથા બેસબરી જાહેર કરવાથી તકલીફ તથા મુશ્કેલી તો દૂર નથી થવાની. તો પછી સબર કરી બદલામાં નેકીઓનો ખજાનો કેમ ન મેળવી લેવામાં આવે ? *(ક્રમશઃ)*

# હજ્જમાં શરૂથી અંત સુધીનાં કામો

૧

**એહરામ** : પોતાના દેશના એરપોર્ટથી જ એહરામ બાંધી લેવો જોઈએ. વગર સીવેલી બે ચાદર (રા–રા મિટરની) એક લૂંગી તરીકે બીજી મોઢા માથા સિવાય ઓઢવાની. સ્ત્રીઓ માટે તેમનાં સાદાં કપડાં જ એહરામ ગણાશે પણ મોઢાને કપડુ સ્પર્શે એ રીતે મોઢું ન ઢાંકવું. પગમાં દરેકે સ્લીપર પહેરવા જેથી હાડકી ખુલ્લી દેખાય, વાળ, નખ, મેલ તથા જૂ દૂર ન કરવી, સંભોગ ન કરવો, ન ખૂશ્બુ લગાડવી, ગાળ ગલોચ, ઝઘડો ન કરવો. લુંગીને ગાંઠ કે દોરી ન બાંધવી. બેલ્ટ બાંધી શકાય. જિદ્દાથી મક્કા પહોંચી પ્રથમ ઉમરો કરી લો.

૨

**૮ મી ઝીલ હજ્જ : હજ્જ શરૂ** : સવારમાં ગુસ્લ કરી એહરામ બાંધી હરમ શરીફમાં જઈ બે રકાત નફ્લ પઢી નિયત કરવી. પછી તલબિયા (ત્રણવાર પઢી દુઆ કરવી). તવાફે ઝિયારત વખતે સઈ ન કરવી પડે માટે ચાહો તો નફ્લ તવાફ સાથે સઈ કરી લો જેથી હજ્જ પછી ફક્ત તવાફે ઝિયારત જ બાકી રહેશે. હવે મિના જવા નીકળો. ત્યાં ઝહોરથી બીજા દિવસની ફજર સુધી નમાઝો પઢવી.

૩

**૯ મી ઝીલ હજ્જ : બીજો દિવસ** : હવે અરફાત જવા નીકળો. મસ્જિદે નમરહમાં પઢો તો ઝોહર તથા અસ્ર એક સાથે પઢવી. નહીં તો અલગ પઢનારે કે તંબુમાં અલગ જમાઅતો કરનારે ઝોહર તથા અસ્ર દરેકના સમયે જ અલગ અલગ પઢવી. મગરિબના સમયે મગરિબની નમાઝ પઢયા વિના મુઝદલ્ફા જવા રવાના થવું. ઈશાના સમયે ત્યાં મગરિબ તથા ઈશા બંને નમાઝો સાથે પઢી લેવી. શૈતાનને મારવા ૭૦–૭૫ કાંકરીઓ ત્યાંથી વીણી લેવી.

૪

**૧૦ મી ઝીલ હજ્જ : ત્રીજો દિવસ** : મુઝદલ્ફાથી ફજર પઢી મિના જવા રવાના થવું. ઝવાલથી પહેલાં મોટા શૈતાનને સાત કંકારીઓ મારવી, પછી કુર્બાની કરી માથું મુંડાવવું પછી મક્કા જઈ તવાફે ઝિયારત કરી મિના પાછા ફરવું. રાત મિનામાં રોકાવું.

૫

**૧૧ મી ઝીલ હજ્જ : ચોથો દિવસ** : મિનામાં રમી કરવી ઝવાલથી મગરિબ સુધી (કમજોરો, ઔરતો, બીમારો, મગરિબ બાદ પણ મારી શકશે) ત્રણેય શૈતાનને પ્રથમ નાના ને પછી વચલાને પછી મોટા શૈતાનને ૭–૭ કાંકરીઓ મારવી. પ્રથમ બેને માર્યા બાદ દુઆ કરવી છેલ્લાને માર્યા બાદ દુઆ કર્યા વિના ચાલતા રહેવું. રાત્રે મિનામાં રોકાવું.

૬

**૧૨ મી ઝીલ હજ્જ : પાંચમો દિવસ** : ઝવાલથી મગરિબ સુધીમાં ૧૧ મી જેમ રમી કરો. અગર કુર્બાની કે તવાફે ઝિયારત બાકી હોય તો આજે કરી લો. અસર મિનામાં પઢી મગરિબ પહેલાં મક્કા ચાલ્યા જાવ. નહીં તો ૧૩ મી એ પણ કાંકરી મારવી વાજિબ થશે.

**ચેતવણી** : વહાબી પાછળ દુનિયાના કોઈ ખૂણામાં નમાઝ થતી નથી ભલેને હરમમાં હોય ! તો તમારી નમાઝો તેમની પાછળ પઢીને બર્બાદ ન કરશો. તેઓ મહાન ગુસ્તાખે રસૂલ છે તેમની પાછળ નમાઝ થશે નહીં, જેથી હરમ શરીફમાં રહીને એક નમાઝ તેમની પાછળ પઢી તો નમાઝ થશે નહીં જેથી એક લાખ નમાઝ છોડવાનો ગુનોહ તેમજ વહાબી ઈમામને મુસલમાન સમજીને જો પઢશે તો હજ્જના સવાબને બદલે કુફ્રમાં સપડાશે ! એ પ્રમાણે મદીનામાં વહાબી પાછળ નમાઝ ન પઢે. સુન્ની ઈમામનો બંદોબસ્ત થઈ શકે તો ઠીક નહીં તો એકલા જ પઢવી. મિનામાં કે અરફાતમાં દરેક જગાએ તમારી સાથે સુન્ની ઈમામ હોય તો ઠીક નહીં તો એકલા પઢો. કેટલાક વહાબી દેવબંદીઓના સાથે ગ્રૂપમાં આવેલા હોવાથી, વહાબી સગાનો સંગાથ (કે જે હરામ છે) હોવાથી દેવબંદી ઈમામ પાછળ નમાઝ પઢી લે છે, તો તેની પણ નમાઝ થશે નહીં. જુમ્આના દહાડે ઝોહર પઢે પણ વહાબી પાછળ નમાઝ કદી ન પઢે. *-તંત્રી*

# કુર્બાનીના મસાઈલ

રજૂકર્તા

हज़रत मौलाना मोहसिन मक्की

मिस्बाही सेगवावाळा (हाल : लंडन)

ઈસ્લામ એક મુકમ્મલ જિંદગીનો કાનૂન અને ઈન્સાનોની હિદાયત તથા રહનુમાઈનો ચિરાગ છે. ઈસ્લામ ઈશ્ક, ત્યાગવૃત્તિ તથા કુર્બાનીના જઝબાને ઈચ્છે છે. જેનો દર્સ આપણને હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ عَلٰی نَبِیِّنَا وَ عَلَیْہِ الصَّلٰوۃُ وَالسَّلَامُ એ પોતાના અમલથી આપ્યો. એની યાદગારના તૌર પર અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદીને કુર્બાની કરવાનો હુકમ આપ્યો. એટલે બેહતર છે કે કુર્બાનીના અમુક મસાઈલ બયાન કરવામાં આવે.

કુર્બાની એટલે અમુક ખાસ દિવસમાં અમુક ખાસ જાનવરને સવાબની નિય્યતથી અલ્લાહના નામ પર ઝબહ કરવું. કુર્બાની હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم ની સુન્નત છે અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ વિશે હુકમ આપવામાં આવ્યો છે. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : ''પોતાના રબ માટે નમાઝ પઢો અને કુર્બાની કરો.'' *(પા. ૩૦)*

## કુર્બાનીની ફઝીલત હદીષની રોશનીમાં

**૧.** હઝરત ઝૈદ ઈબ્ને અરકમ رضی اللہ عنہ થી રિવાયત છે. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ કુર્બાનીઓ શું છે ? ફર્માવ્યું, તમારા બાપ ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم ની સુન્નત છે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારા માટે આમાં શું સવાબ છે ?! ફર્માવ્યું, દરેક બાલના બદલામાં નેકી છે. અર્ઝ કરી, ઉનનો હુકમ શું છે ? ફર્માવ્યું, ઉનના દરેક વાળના બદલામાં નેકી છે. *(ઈબ્ને માજહ)*

**૨.** અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ઈદના દિવસે કુર્બાનીમાં જે પૈસા ખર્ચ કરવામાં આવ્યા તેનાથી પ્યારા બીજા કોઈ પૈસા રૂપિયા નથી. *(તિબ્રાની)*

**૩.** હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઘેટાને ઝબહ કર્યો પછી ફર્માવ્યું, ઈલાહી ! તું એને મુહમ્મદ તરફથી કબૂલ ફર્માવ અને મારી આલ તથા મારી ઉમ્મત તરફથી કુબૂલ ફર્માવ. *(મુસ્લિમ શરીફ)*

**૪.** હઝરત ઈમામ હસન ઈબ્ને અલી رضی اللہ عنہ થી રિવાયત છે : તાજદારે મદીનાએ ઈર્શાદ ફર્માવ્યો, ''જેણે ખુશીથી સવાબની તલબ રાખી કુર્બાની કરી તે જહન્નમની આગથી આડ થઈ જશે. *(તિબ્રાની)*

**૫.** હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કુર્બાનીના ઈદના દિવસે અલ્લાહ તઆલાની નઝદીક આદમની ઔલાદનો કોઈ પણ અમલ કુર્બાનીથી વધારે પસંદ નથી. અને તે જાનવર કયામતના દિવસે પોતાના વાળ, શિંગડાં, ખરીઓ સાથે આવશે. અને કુર્બાનીના લોહીને ધરતી પર પડતા પહેલાં અલ્લાહ عزوجل ની બારગાહમાં કબૂલ થઈ જાય છે. એટલે કુર્બાની ખુશીથી કરો. *(અબૂ દાઊદ, તિર્મિઝી)*

## કુર્બાની ન કરનારાઓને ચેતવણી !

એક હદીષમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યું, જેની હૈસિયત કુર્બાની કરવાની હોય અને કુર્બાની ન કરે તે અમારી ઈદગાહના નજીક ન આવે ! *(ઈબ્ને માજહ્)*

અલ્લાહુ અકબર ! કેટલી સખત ચેતવણી છે એ કમનસીબો વિશે જે હૈસિયત અને તાકત રાખવા છતાં અલ્લાહની રાહમાં એક જાનવર પણ કુર્બાન ન કરે. આવા લોકોને હઝરત ઈબ્રાહીમ علیه السلام થી કુર્બાનીના જઝબાનો સબક લેવો જોઈએ જેમ કે અલ્લાહના હુકમને પૂરો કરવા માટે પોતાના લાડલાને પણ ઝબહ કરવા માટે તૈયાર થઈ ગયા.

પ્યારા ઈસ્લામી ભાઈઓ તથા બહેનો ! આજે આપણુ ઈમાન એટલુ બધુ કમજોર થઈ ગયું છે કે **રૂપિયા બચાવવા માટે બહાનાંઓ બનાવીએ છીએ અને અલ્લાહના હુકમની થોડી પણ લાજ નથી રાખતા !** આપણો ફર્ઝ બને છે કે આપણે અલ્લાહનો શુક્ર અદા કરીએ કે અલ્લાહ તઆલાએ આપણા ઉપર પોતાનો ફઝ્લ ફર્માવ્યો છે અને આપણને માલ તથા દૌલતથી નવાજ્યા છે. એટલે એ જ દૌલતનો થોડો ભાગ કુર્બાનીની સૂરતમાં અલ્લાહની રાહમાં ખર્ચ કરવો જોઈએ. પરંતુ આપણી સોચ તથા આપણા વિચારો બદલાઈ ગયા છે. અલ્લાહની નેઅમત પર શુક્ર અદા કરવાના બદલે નાશુક્રી કરીએ છીએ. વિચારવું જોઈએ કે આપણી પાસે જે માલ દૌલત છે તે અલ્લાહની આપેલી છે.

પ્યારા ઈસ્લામી ભાઈઓ તથા બહેનો ! ઈતિહાસ એ વાતના પર ગવાહ છે કે દુનિયાનો મોટામાં મોટો દૌલતવાળો પોતાની દૌલત પોતાની સાથે નથી લઈ જઈ શકતો, બધું જ અહીંયા છોડી દેવું પડશે. કારૂનનો દાખલો તમારી સમક્ષ જ છે કે તેને અલ્લાહ તઆલાએ ઘણી દૌલત આપી હતી પરંતુ શું થયું ?! કોણ છે જે તેના અંજામને નથી જાણતો ?! એની દૌલત એના સાથે જ દફન થઈ. વિચારો એવી દૌલતથી શું ફાયદો જેનાથી આપણે પોતાની આખેરત બેહતર બનાવી ન શકીએ. કેટલાક ઈસ્લામી ભાઈઓ એવા પણ છે જેઓ કુર્બાની તો કરે છે પરંતુ પોતાની શોહરત માટે પોતાની પ્રશંસા માટે અને અમુક કેવળ ગોશ્ત હાંસલ કરવા કુર્બાની કરે છે, અને અમુક એવા પણ છે જે તદ્દન કુર્બાની કરતા નથી. જો કુર્બાની કરવાની એમને નસીહત કરવામાં આવે તો કહે છે કે શું કરું ?! મારા દોસ્તો રિશ્તેદારો વધારે છે, એક બકરી અથવા પાડાના એક હિસ્સામાં કોને કોને આપું ?!

એનો મતલબ છે કે કુર્બાની અલ્લાહની ખુશ્નુદી તથા રઝા હાંસલ કરવા માટે નથી કરતા બલ્કે દોસ્તો તથા રિશ્તેદારોની રઝા ખુશ્નુદી હાંસલ કરવા માટે કરે છે ! કુર્બાની કેવળ અલ્લાહ તઆલાની ઈબાદત અને તેની રઝાની નિય્યતથી કરવી જોઈએ. જો કેવળ ગોશ્ત હાંસલ કરવાની અથવા શોહરત તથા દેખાવાની નિય્યતથી કુર્બાની કરી તો એ કુર્બાની બિલકુલ બેકાર છે એનો કોઈ પણ સવાબ મળશે નહીં.

અલ્લાહ તઆલા કુર્આને મુકદ્દસમાં ફર્માવે છે : (તર્જુમો) : અલ્લાહને કદી ન એમનો ગોશ્ત પહોંચે છે અને ન ખૂન પહોંચે છે. હા ! તમારી પરહેઝગારી એના સુધી પહોંચે છે. *(સૂ. હજ્જ)*

એટલે કુર્બાની કરો અને સાચી નિય્યતથી કરો જેથી તે કુર્બાની અલ્લાહની બારગાહમાં પહોંચે અને જે ઈબાદતો કેવળ દેખાડવા માટે તથા પ્રશંસા માટે કરવામાં આવે તે ઈબાદત અલ્લાહની બારગાહમાં મકબૂલ નથી. એક હદીષમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی الله عنه થી રિવાયત છે. આકા صلی الله تعالیٰ علیه وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ તમારી સૂરતો તથા તમારા માલો તરફ નઝર નથી કરતો, એ તમારા દિલ તથા આમાલ તરફ નઝર ફર્માવે છે. *(મુસ્લિમ શરીફ)*

એક બીજી હદીષમાં હઝરત મહમૂદ ઈબ્ને લબીબથી રિવાયત છે. આકા صلی الله تعالیٰ علیه وسلم એ ફર્માવ્યું, જે વસ્તુનો મને વધારે ખૌફ છે તે નાનુ શિર્ક છે. લોકોએ અર્ઝ કરી, નાનું શિર્ક શું છે ? ઈર્શાદ ફર્માવ્યો, રિયા (દેખાવો) છે. બૈહકીએ આ હદીષમાં આટલો વધારે કર્યો છે : "જે દિવસે બંદાઓને તેમના

અમલોનો બદલો દેવામાં આવશે. તો રિયા (દેખાવો) કરનારથી અલ્લાહ તઆલા ફર્માવશે, એમની પાસે જાવ જેમને દેખાડવા માટે અમલ કરતા હતા. જઈને જુઓ તમને ત્યાં કોઈ બદલો તથા ભલાઈ મળે છે ?" *(ઈમામ અહમદ)*

## કુર્બાની વિશે અમુક જરૂરી મસાઈલ

કુર્બાની મુસલમાન પર વાજિબ છે એટલે ગૈર મુસ્લિમ પર વાજિબ નથી. કુર્બાની વાજિબ થવા માટે નિસાબનો માલિક હોવું જરૂરી છે. પોતાની જરૂરત સિવાય સાડા બાવન તોલા ચાંદી અથવા સાડા સાત તોલા સોનું અથવા બેમાંથી કોઈ એકના જેટલા રૂપિયાનો માલિક બને. કુર્બાની માટે આ વસ્તુ પર એક વર્ષ પૂરું થવું જરૂરી નથી. એટલે કુર્બાનીના દિવસો દરમ્યાન પણ આટલા માલનો માલિક થઈ જાય (એટલે કે થોડુ સોનુ, થોડી ચાંદી, બાકી રકમ મેળવતાં સાડા બાવન તોલા ચાંદીના હિસાબે **"લગભગ ૪૦૦૦રૂા."** જેના પાસે થાય અને કરજ વગેરે બાદ કરતાં એટલી રકમ હાથ પર કે બેંકમાં કે માલિકીમાં હોય) તો તેના પર કુર્બાની વાજિબ છે. પુરૂષ હોવું શર્ત નથી, સ્ત્રીઓ પર પણ કુર્બાની વાજિબ છે જેવી રીતે પુરૂષો પર વાજિબ છે. મુકીમ હોવું શર્ત છે એટલે મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. હા ! મુસાફિર નફ્લના તરીકે કરે તો કરી શકે છે, સવાબ મળશે. (બહારે શરીઅત) મુર્દા પર કુર્બાની વાજિબ નથી પરંતુ જો કોઈએ પોતાના માબાપ અથવા રિશ્તેદારોના નામથી કુર્બાની ઈસાલે સવાબની નિય્યતે કરી તો એ જાઈઝ છે અને મુર્દાને જરૂર એનો સવાબ મળશે. કોઈ શખ્સ પાસે કર્ઝ હોઈ અને તેના માલથી કર્ઝ જેટલા રૂપિયા કાઢયા બાદ નિસાબ બાકી રહે તો તેના પર કુર્બાની વાજિબ છે, જો નિસાબ બાકી ન રહે તો કુર્બાની વાજિબ નથી. અને જો માલ તેના પાસે મૌજૂદ નથી અને કુર્બાનીના દિવસો પૂરા થયા બાદ રૂપિયા મળ્યા તો પણ કુર્બાની વાજિબ નથી. બાલિગ બાળકો અને બીવી તરફથી કુર્બાની કરવા ચાહે છે તો પહેલાં એમની ઈજાઝત લઈ લે અને જો ઈજાઝત વિના કુર્બાની કરી આપી તો એમના તરફથી વાજિબ અદા થશે નહીં. અને નાબાલિગના તરફથી પણ કુર્બાની નથી પરંતુ કરી દેવી બેહતર છે. *(આલમગીરી, બહારે શરીઅત)*

કુર્બાનીના સમયે જ કુર્બાની કરવી લાઝિમ તથા જરૂરી છે કોઈ બીજી વસ્તુ તેના બદલામાં આવશે નહીં. દા.ત. કુર્બાનીના બદલે એક બકરી અથવા તેની કિંમત સદકો કરી આપે તો એ પૂરતુ નથી. *(આલમગીરી, બહારે શરીઅત)*

## કુર્બાનીનું જાનવર

કુર્બાનીનાં જાનવર ત્રણ પ્રકારનાં છે : ઊંટ, ગાય, બકરી વગેરે... નર, માદા ખસી કરેલ કે ખસી વિનાનું બધાનો એક જ હુકમ છે, એટલે કે બધાની કુર્બાની થઈ શકે છે. ભેંસ, ગાયમાં ગણાશે એટલે કુર્બાની પણ થઈ શકે છે. ઘેટું, દુંબો બકરીમાં ગણાશે એમની પણ કુર્બાની કરી શકાય છે. જંગલી જાનવર દા.ત. નીલ ગાય, હરણ એમની કુર્બાની નથી થઈ શક્તી. *(આલમગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો** : કુર્બાનીના જાનવરની ઊંમર : ઊંટ પાંચ વર્ષનું, ગાય બે વર્ષ, બકરી એક વર્ષ. એનાથી ઓછી હોય તો કુર્બાની જાઈઝ નથી, વધારે હોય તો જાઈઝ બલ્કે અફઝલ છે. હા, ઘેટા દુંબાનું છ મહિનાનું બચ્ચુ એટલુ મોટુ હોય કે દૂરથી જોવામાં વર્ષનું લાગે તો તેની કુર્બાની જાઈઝ છે. *(દુરે મુખ્તા, બહારે શરીઅત)*

**મસ્અલો** : કુર્બાનીના જાનવરનું દરેક એબ નુકસાનથી પાક હોવું જોઈએ. થોડુ નુકસાન હોઈ તો કુર્બાની તો થઈ જશે પરંતુ મકરૂહ અને વધારે એબ કે નુકસાન હોય તો થશે નહીં. જે જાનવરની પૈદાઈશથી શિંગડાં ન હોઈ તેની કુર્બાની જાઈઝ છે.

જો શિંગડાં હતાં પણ તૂટી ગયાં અને ભેચવો દેખાય છે તો જાઈઝ નથી એનાથી ઓછું તૂટયું હોય તો જાઈઝ છે. ખન્શા (ન નર ન માદામાં હોય)ની જાઈઝ નથી.

**મસ્અલો** : ત્રાંસી આંખવાળા જાનવરની કુર્બાની જાઈઝ છે. આંધળાની જાઈઝ નથી. કાંણો જેનું કાણાપણુ જોવાથી સ્પષ્ટ થાય તેની પણ કુર્બાની જાઈઝ નથી. એટલું કમજોર જેનાં હાડકામાં માવો ન હોય, લુલુ જે કુર્બાનીની જગ્યા સુધી પોતાના પગથી જઈ ન શકે, એટલુ બીમાર જેની બીમારી સ્પષ્ટ હોય અને જેના કાન, પૂછડી કપાયલી હોઈ એટલે ૧/૩ ભાગ ન હોય તો તેની કુર્બાની જાઈઝ નથી.

**મસ્અલો** : કુર્બાનીનો ગોશ્ત ગૈરમુસ્લિમને ન આપે કારણ કે કુર્બાની ઈબાદત છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : ઝબહના પહેલાં કુર્બાનીના જાનવરના વાળ પોતાના કોઈ કામ માટે કાપી લેવા અથવા એનું દૂધ દોહી લેવું મકરૂહ છે. કુર્બાનીના જાનવરોથી ફાયદો લેવો મના છે. જો દૂધ દોહી લીધું, વાળ કાપી લીધા તો તેને સદકો કરી આપે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : જાનવર દૂધવાળુ હોય તો એના આંચળો પર ઠંડુ પાણી નાખે જેથી દૂધ સૂકાઈ જાય. અને જો તેનાથી કામ ન ચાલે તો જાનવરનું દૂધ કાઢી સદકો કરી આપે. *(આલમગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો** : કુર્બાની કરી અને એના પેટમાં જીવતું બચ્ચું છે તો તેને પણ ઝબહ કરે અને તેને કામમાં લાવે, અને જો મરેલું છે તો ફેંકી આપે કારણ કે મુડદા છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બીજાથી ઝબહ કરાવ્યું અને પોતે પોતાના હાથને પણ છરી પર મૂક્યો કે બંનેવે ઝબહ કર્યું તો બંનેવ પર **બિસ્મિલ્લાહ** કહેવું વાજિબ છે. એકે જાણીબુજીને છોડી આપી એ વિચારી કે બીજાએ કહી છે મારે પઢવાની શું જરૂરત છે, તો જાનવર હલાલ નથી. *(દુર્રે મુખ્તાર)*

**ચેતવણી** : વહાબી, દેવબંદી પાસે ઝબહ કરાવ્યું તો કુર્બાની ન થઈ અને તે ગોશ્ત મુરદારના હુકમમાં ખાવો હરામ છે. વહાબી, દેવબંદીનો ગોશ્ત લેવો પણ હરામ, અન્ય ગોશ્તમાં ભળી જશે તો સઘળો ગોશ્ત હરામ થશે, તેમનું ખાવુ પણ હરામ છે.

## કુર્બાનીનો તરીકો

કુર્બાનીથી પહેલાં જાનવરોને ચારો પાણી આપી દે એટલે કે ભૂખુ પ્યાસુ ઝબહ ન કરે અને પહેલેથી છરી તેજ કરી લે, એવું ન બને કે જાનવરને ફેંક્યા બાદ એની સામુ છરી તેજ કરે. જાનવરને ડાબા પડખે રાખે, કિબ્લા તરફ તેનું મોઢું કરે અને પોતાનો જમણો પગ એના પડખા પર મૂકે અને તેજ છરીથી જલ્દી ઝબહ કરવામાં આવે અને ઝબહ કરતા પહેલાં આ દુઆ પઢે :–

اِنِّیْ وَجَّهْتُ وَجْهِیَ لِلَّذِیْ فَطَرَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ حَنِیْفًا وَّمَا اَنَا مِنَ الْمُشْرِكِیْنَ،
اِنَّ صَلٰوتِیْ وَنُسُكِیْ وَمَحْیَایَ وَمَمَاتِیْ لِلّٰهِ
رَبِّ الْعٰلَمِیْنَ، لَا شَرِیْكَ لَهٗ وَبِذٰلِكَ
اُمِرْتُ وَاَنَا مِنَ الْمُسْلِمِیْنَ، اَللّٰهُمَّ لَكَ
وَمِنْكَ بِسْمِ اللّٰهِ اَللّٰهُ اَكْبَرُ،

આ પઢી ઝબહ કરે. ચાર રગો કપાઈ જાય અથવા ઓછામાં ઓછી ત્રણ રગો (નસો) કપાવી જોઈએ. કુર્બાની પોતાના તરફથી હોય તો ઝબહ પછી આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ تَقَبَّلْ مِنِّیْ كَمَا تَقَبَّلْتَ اَللّٰهُمَّ تَقَبَّلْ مِنِّیْ كَمَا تَقَبَّلْتَ
اَلسَّلَامُ وَحَبِیْبِكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ،

પછી જ્યાં સુધી જાનવર ઠંડુ થાય એટલે જ્યાં સુધી એની રૂહ ન નીકળે અને પગ વગેરે ન કાપે અને ન ખાલ ઉતારે. જો બીજાના તરફથી જાનવર ઝબહ કરતો હોય તો **મિન્નની** જગ્યાએ **મિન** પછી જેના તરફથી હોય તેનું નામ લે. જે જાનવર સાત

માણસોના દરમ્યાન છે તો ગોશ્તનું વજન કરી વહેંચણી કરે.

**નોંધ** : કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : "ખાવો એમાંથી જે અલ્લાહે તમને હલાલ તથા પાકીઝા રોજી આપી છે." *(સૂરએ નહલ)*

આ આયતથી માલૂમ થયું કે અલ્લાહ તઆલા કેવળ હલાલ રિઝ્ક ખાવાનો હુકમ નથી આપતો બલ્કે સાફ પાકીઝા રોજીની પણ તાકીદ આપવામાં આવી છે. અને એ વાત સ્પષ્ટ છે કે હોજરી અને આંતરડાં પાકીઝા સાફ નથી એટલે ફુકહાએ કિરામે એને ખાવાનું મકરૂહ કહ્યું છે જે હરામથી નજીક છે. પરંતુ આપણા અમુક ઈસ્લામી ભાઈઓ તથા બહેનો આ વસ્તુઓને ઘણા શોખથી ખાય છે ! શું તમે આ જાણ્યા પછી પણ હોજરી તથા આંતરડીઓને ખાવાનું પસંદ કરશો ?! અને જ્યારે પોતે ખાતા નથી તો કોઈ ઈસ્લામી ભાઈને આપવાનું કેમ પસંદ કરો છો ?! સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, "તમારામાં કોઈ મો'મિન (કામિલ) નથી બની શક્તો જ્યાં સુધી તે પોતાના ભાઈ માટે એ જ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરે છે."

ઝબહ પછી જાનવરના લોહીમાં હાથ નાખી દરવાજા પર મારવા, છરી બાળકના શરીર સાથે લગાડવી અને તેને સવાબનું કામ સમજવું આ બધું બેવકૂફી છે અને જૂઠો ખ્યાલ છે.

લોહીવાળો લિબાસ (કપડાં) પહેરી રસ્તામાં ફરવું અદબ તથા સભ્યતા વિરૂધ્ધ છે.


## શું તમે જાણો છો ?!

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત છે કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : "હે લોકો ! અલ્લાહે તમારી ઉપર હજ્જ ફર્ઝ કરી છે. અકરઅ ઈબ્ને હાબીસે ઊભા થઈ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક વર્ષે ફર્ઝ છે ?! ફર્માવ્યું, હું હા કહી આપું તો હજ્જ દરેક વર્ષે થઈ જાય અને દરક વર્ષે તમે તેને અદા કરવાની તાકાત નથી રાખી શક્તા.

એક હદીષમાં ફર્માવ્યું, હે આઈશા ! જો હું ઈચ્છું તો તમારી સાથે સોનાના પહાડ ચાલવા લાગે.

આ હદીષોથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહ તઆલાએ નબીને ઈખ્તિયારો આપેલા છે. એટલે હુઝૂર વિશે બધા જ મો'મિનોએ એ અકીદો રાખવો જોઈએ કે આપ અલ્લાહની અતાથી મુખ્તારે કુલ છે. પ્યારા ભાઈઓ તથા બેહનો ! યાદ રાખો ! ઈસ્લામના પૈગામને બધા સુધી પહોંચાડવું કેવળ મૌલાના, આલિમ અને મસ્જિદના ઈમામોની જિમ્મેદારી નથી બલ્કે મુસલમાન હોવાના લીધે આપણો દીની ફર્ઝ છે. આ પઢયા પછી દા'વત તથા તબ્લીગના મકસદે આપણા બીજા ભાઈબહેનોને પઢાવો જેથી એનો સવાબ મળતો રહે. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, "મારા તરફથી પહોંચાડી દો એક આયત પણ કેમ ન હોય."

અલ્લાહ તઆલા આપણને ખાલિસ નિય્યતથી કુર્બાની કરવા સાથે નેક કામો તથા ઓછામાં ઓછો એટલો ઈલ્મ હાંસલ કરવાની તૌફીક આપે જેથી આપણે ઈસ્લામી તરીકાથી જિંદગી ગુજારવામાં કામયાબ થઈએ. આમીન *(સંપૂર્ણ)*

[કિંમત : રૂા. ૧૦/- મુ. દયાદરા (તા. જિ. ભરૂચ)]

લેખક :પ્રોફેસર ડો. મસ્ઊદ અહમદ (પાકિસ્તાન)

# લિબાસે રસૂલ ﷺ لباس رسول ﷺ

લેખક : પ્રોફેસર ડો. મસ્ઊદ અહમદ (પાક.) | અઝ : મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી (વાગરા)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

પોશાક (પહેરવેશ) માનવ પ્રકૃતિનો તકાઝો છે. જેમ કે જ્યારે હઝરત આદમ علیہ السلام નો જન્નતી લિબાસ ઉતરી ગયો તો આપે જન્નતનાં પાંદડાં વડે પોતાના શરીરને છુપાવ્યું. જેનો ઉલ્લેખ કુર્આન મજીદમાં આ રીતે છે :–

"પછી શૈતાને તેમના જીવમાં વસવસો નાખ્યો કે (જેથી) એમના પર ખોલી દીધી તેમની શર્મગાહો જે એમનાથી છુપી હતી. *(સૂરએ અઅ્રાફ, આયત–૨૦)*

બીજી જગ્યાએ ફર્માવ્યું :–

"એમને બેહકાવ્યા એટલે સુધી કે જન્નતી લિબાસ ઉતરી ગયો, શર્મગાહો ખુલી ગઈ અને પોતાના શરીર પર જન્નતનાં પાંદડાં ઢાંકવા લાગ્યા." *(સૂ. અઅ્રાફ, આ. ૨૦, ૨૧)*

આ આયતોથી એ પણ જાણવા મળ્યું કે, "અસલમાં **લિબાસ પહેરવો** એ **જન્નતીઓની સુન્નત** છે." કુર્આને કરીમમાં જન્નતના ઉમદા ત્રણ કપડાં અને રેશમી પોશાકનો ઉલ્લેખ પણ મૌજૂદ છે. *(સૂ. તાહા, આ. ૧૨૧, સૂ. દુખાન, આ. ૫૩ તથા સૂ. હજ્જ, આ. ૨૩, સૂ. ફાતિર, આ. ૩૩)*

હઝરત આદમ علیہ السلام જ્યારે આ પૃથ્વીની દુનિયા પર તશરીફ લાવ્યા તો અલ્લાહ તઆલાએ તેમના તુફૈલ પોતાના બંદાઓ પર કરમ ફર્માવ્યો અને તેમના માટે લિબાસ ઉતાર્યો. જેમ કે કુર્આને કરીમમાં એક જગાએ ઈર્શાદ છે :–

"હે આદમની ઔલાદ ! બેશક ! અમે તમારી તરફ એક લિબાસ તે ઉતાર્યો કે તમારી શર્મગાહો છુપાવીએ અને એક તે જે તમારો શણગાર બને અને પરહેઝગારીનો લિબાસ સૌથી શ્રેષ્ઠ." *(સૂ. અઅ્રાફ, આ. ૨૬)*

આ આયતે કરીમાનું છેલ્લું વાક્ય ولباس التقوىٰ ذالك خير. પોતાનામાં એક અર્થોની દુનિયા ધરાવે છે. **"લિબાસુત્તકવા"** (તકવાના લિબાસ) પર કૌમોની મહાનતાનો આધાર છે. આ જ બાતિની (આંત્રિક) લિબાસ કૌમોની કિસ્મતનો ફૈસલો કરે છે. અલ્લાહ તઆલાએ પોતાના કરમથી તમામ બંદાઓના માટે લિબાસ ઉતાર્યો છે પરંતુ ઈસ્લામના મુજાહિદોના માટે પણ હઝરત દાઊદ علیہ السلام ને લોખંડનો એક ખાસ લિબાસ બનાવવાનું શીખવાડયું. જેમ કે કુર્આને કરીમમાં ઈર્શાદ થાય છે :–

"અને અમે એને તમારો એક પહેનાવો (પહેરવેશ) બનાવતાં શીખવાડયું કે તમને તમારી આગથી બચાવે." *(સૂ. અંબિયા, આ. ૮૦)*

હુઝૂરે અકરમ ﷺ એ પણ ગઝવાઓમાં આ લિબાસ (બખ્તર)નો ઉપયોગ કર્યો અને બીજું તો ઠીક દિવસનો લિબાસ બનાવ્યો અને તેને રાતની ચાદર ઓઢાડી ! જેમ કે કુર્આને હકીમમાં છે :–

"અને રાતને છુપાવી." *(સૂ. ફુર્કાન, આ. ૪૭)*

બીજી જગાએ ફર્માવ્યું.

"અને તે જ છે જેણે રાતને તમારા માટે પર્દો કર્યો." *(સૂરએ નબા, આ. ૧૦)*

સારાંશ કે લિબાસ હઝરત આદમ عليه السلام અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત છે. જન્નતીઓના માટે જન્નતમાં લિબાસ છે અને દુનિયાવાળાઓ માટે દુનિયામાં લિબાસ છે.

દરેક ચીજ જેને પહેરવામાં આવે છે તે લિબાસ છે. લિબાસના ઉપયોગમાં પાયાની વાત એ છે કે તે હલાલની રોજીથી બનાવવામાં આવ્યો હોય. લિબાસનો માનવીની સીરત (સંસ્કારિક જીવન) સાથે મજબૂત સંબંધ છે. એ માનવ સીરત પર પ્રભાવ પાડે છે. જો પહેરનારનો કિરદાર મજબૂત હોય તો અન્ય કૌમો પર પણ તેનો પ્રભાવ પડે છે. લિબાસના જેવી રીતે અન્ય મકસદો છે તેવી રીતે આ ચાર મકસદો પણ છે :–

(૧) **શારીરિક** (૨) **સંસ્કારિક** (૩) **કૌમી અને મઝહબી** (૪) **રૂહાની.**

શારીરિક હેતુ એ છે કે શરીરને ગરમી અને ઠંડીની તકલીફથી બચાવવામાં આવે. સંસ્કારિક હેતુ એ છે કે માનવના શરીરના જે ભાગો પર અન્યોની નજર ન પડવી જોઈએ તે છુપાયેલા રહે. કૌમી તથા મઝહબી હેતુ એ છે કે જાતિની ઓળખ બાકી રહે અને મુસલમાન, મુસલમાનની હૈસિયતથી સમાજમાં ઓળખાવો જોઈએ. રૂહાની મકસદ એ છે કે નજર આમ તેમ ભટકવાથી બચેલી રહે અને એકાગ્રતા ઉપલબ્ધ રહે જે કામયાબ જિંદગીના માટે અતિ જરૂરી છે. અરબોમાં કુરૈશના સિવાય અમુક કબીલાઓ નગ્નતાને અયબ સમજતા ન હતા એટલે સુધી કે હજ્જના દિવસોમાં કપડાં ઉતારીને ખાનાએ કા'બાનો તવાફ કરતા હતા. *(સુલૈમાન નદવી, સીરતુન્નબી, ભાગ–૬, પેજ–૪૪૮, ડો. તારચંદ તમદ્દુને હિંદ પર ઈસ્લામી અષરાત (ઉર્દૂ), પેજ–૧૫૧)*

હિંદુસ્તાનના અમુક ગૈર મુસ્લિમ હિંદુ જાતિના લોકો તો શર્મગાહો (લિંગ) સુધ્ધાંની ઈબાદત કરતા હતા. *(મોહસિને ફાની, દબિસ્તાને મઝાહિબ, મુંબઈ, ઈ.સ. ૧૮૨૬)*

ઈસ્લામમાં સતરપોશીને પવિત્રતા મળી અને સ્ત્રીઓ તથા પુરૂષો બંનેના માટે સતર ઢાંકવાની હદો નિશ્ચિત કરવામાં આવી જેની સમાજ પર આશ્ચર્યજનક અસરો ઉપસ્થિત થઈ. ઈસ્લામમાં એકાંતમાં પણ વિના કારણે સતર ખોલવું પસંદીદા નથી. એક સહાબીના પ્રશ્ન કરવા પર હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"ખુદા તો જુએ છે તેનાથી સૌથી વિશેષ હયા કરવી જોઈએ." *(સુનને તિર્મિઝી)*

નગ્નતાના બારામાં હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું:–

"કદી નગ્ન ન થાવ કેમ કે તમારી સાથે ફરિશ્તા રહે છે, તેઓ નગ્નતા વખતે જુદા થઈ જાય છે, તમે તેમનાથી શર્મ કરો અને હયા રાખો." *(સુનને તિર્મિઝી)*

ઈસ્લામમાં પુરૂષોના માટે ડૂંટીથી ગુથણો સુધી, આઝાદ સ્ત્રીના માટે પેશાનીના વાળથી ઘૂંટી સુધી, લોંડીઓ માટે પેટ અને પીઠ સુધી સતર નિશ્ચિત થયું એટલે એ ભાગોને છુપાવવા શરીઅતની રૂએ અનિવાર્ય છે. એવો લિબાસ જેનાથી આ ભાગો ન છુપાય શકે તે મુસલમાનની શાનને પાત્ર નથી. દરેક મુસલમાન પુરૂષ તથા સ્ત્રીએ ઈસ્લામી ગૈરત (શર્મ)નો નમૂનો બનીને રહેવું જોઈએ. ડો. ઈકબાલે સાચુ કહ્યું છે :–

ગૈરત હૈ બળી ચીઝ જહાંને તગો દૂ મેં
પહનાતી હૈ દરવેશકો તાજે સરદારા

રોટી, કપડાં અને મકાન આપણી જિંદગીના મહત્વના હેતુઓમાંથી છે પણ આ ચીજો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હેતુઓમાં ન હતી, અલ્બત્ત જરૂરિયાતમાંથી હતી. કાચાં પાકાં મકાન, સીધો સાદો લિબાલ, હલકો ફુલ્કો ખોરાક, અલ્લાહ ! અલ્લાહ ! બાકી બધું હવસ (મનેચ્છાઓ) છે.

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ ખયાલ કર્યો કે જિંદગીનો મૂળ હેતુ તો ઈબાદત છે, જિંદગી પેદા

કરવાવાળા ખાલિકે એ જ ફર્માવ્યું અને હક્ક ફર્માવ્યું. પણ ઈબાદતનો શબ્દ આવતાં જ આપણા દિમાગોમાં મસ્જિદની કલ્પના ચક્રાવો લેવા માંડે છે જેનાથી ખાસ કરીને નમાઝ પઢવાવાળો ગભરાય જાય છે અને ભડકવા લાગે છે ! બેશક ! નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, ફર્ઝ છે પણ ઈબાદતનો ભાવાર્થ તો ઘણો જ વિશાળ તથા સર્વક્ષેત્રિય છે. જિંદગીનું દરેક ક્ષેત્ર એમાં સામેલ છે. અફસોસ ! આપણી જિંદગીના હેતુઓમાં ઈબાદતની કલ્પના જ નથી ! બાકી સર્વ કાંઈ છે. ઈબાદત એ છે કે દરેક જાઈઝ કામ પોતાના નફ્સના માટે નથી બલ્કે અલ્લાહને રાજી કરવાના માટે કરવામાં આવે. એ જ અખ્લાક (સંસ્કાર)ની જાન છે, એનાથી નિય્યતોની વસંત છે. આપણી નિય્યતો ઠીક નથી એટલા માટે ચોતરફ નફસા નફસી છે. ઈબાદતની કલ્પના દષ્ટાંતરૂપ સમાજનું ઘડતર કરે છે જ્યાં સૌ એકબીજાની મદદ માટે દોડતા જોવા મળે, કોઈ કોઈની ઈર્ષા નથી કરતો, કોઈ કોઈની ટાંગ નથી ખેંચતો, આ માનવોનો સમાજ છે ! આ જાનવરો તથા ફાડી ખાનાર પશુઓનો સમાજ નથી.

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જાહેરી લિબાસ કરતાં વધારે બાતિની (આંત્રિક) લિબાસ પર જોર આપ્યું. હવે તો જાહેરી લિબાસ રહી ગયો ! બધું જોર એના પર જ છે અને બાતિની લિબાસને તો સામાન્યતઃ કોઈ જાણતુ પણ નથી ! જો જાહેર સંવારનારાઓને બતાવીએ તો પણ મોઢુ તાકતા રહી જાય !

આપણી નજર દરેક ચીજના જાહેર પર રહે છે. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નજરો ચીજોના બાતિન પર રહેતી હતી. *(ગુલામ રસૂલ સઈદી, શરહે મુસ્લિમ શરીફ, ભાગ–૩, પેજ–૯૮)*

તેમના ગુલામોની નજરો પણ બાતિન પર રહેતી હતી. વર્તમાનકાળના અમુક માનવોમાં કાંઈ જ ન રહ્યું, સર્વ કાંઈ કપડામાં આવી ગયું ! આજે કેવળ કપડાં પરથી માણસને પ્રતિષ્ઠા મળે છે, કાલે કપડાંને માણસથી પ્રતિષ્ઠા મળતી હતી.

ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થીંગડાં લાગેલાં કપડાં પહેરીને જઈ રહ્યા હતા. લંકાથી મદીના મુનવ્વરા આવનારા હિંદુઓએ જ્યારે આશ્ચર્યજનક મન્ઝર જોયો અને પાછા ફરતાં આંખે દેખ્યો હાલ લંકા જઈને સંભળાવ્યો તો સર્વ લોકો ફારૂકે આ'ઝમની યાદમાં થીંગડાં મારેલાં કપડાં પહેરવા લાગ્યા.★ *(બુઝુર્ગ બિન શહરયાર, અજાઈબે હિંદ બહવાલા હિંદુસ્તાન અરબોંકી નઝરમેં, લે. મસઊદ આદમ નદવી, પેજ–૨૦૫)*

★ **નોંધ** : આ હદીષે પાક હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત પામેલ છે. એમાં કેટલીયે વાતો નોંધપાત્ર છે :–

**(૧)** સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ફર્માવ્યું કે "અમે તમારા સામાન નથી." પછી કોઈનો એવો દાવો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપણા જેવા છે એ કેટલો મહાન દાવો છે ! અને કેટલી મહાન ગુસ્તાખી છે ?! આ દાવો તો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પણ નથી કર્યો ! જરા વિચારો તો ખરા !

**(૨)** આ હદીષે પાકથી જાણવા મળે છે કે સૂરએ ફતહની આયત નં. ૨ માં **લિઝન્બિક**માં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ **ઝનબ**ની નિસ્બત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રતિ કરી જેના પર આપ નારાજ થયા, એટલે કે નારાજગીના ભાવો ચહેરેથી પ્રદર્શિત થયા. એટલે કે સખ્ત નારાજ થયા. જાહેરી રીતે જોતાં આ નારાજગીની જગા ન હતી. નારાજગી દર્શાવે છે કે આપે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની **ઝનબ**થી પોતાની નિસ્બતે પસંદ ન ફર્માવી તો પછી બીજા લોકોની તો વાત જ શું કરવામાં આવે ! હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ એ આ શેઅરમાં એ રાઝ પરથી પર્દો ઉઠાવ્યો : (અર્થ) : **આપે બુલંદ મર્તબા મેળવ્યા અને અલ્લાહ તઆલાએ આપની ઉમ્મતના પાછલા ગુનાહ માફ કર્યા.** *(કશ્ફુલ ઈર્ફાન, પેજ–૪૦)* *(ફુટ નોંધ અનુસંધાન આગળના પેજ ઉપર...)*

અલ્લાહુ અકબર ! ફારૂકે આ'ઝમના વજૂદથી થીંગડાં મારેલાં કપડાંને એવી પ્રતિષ્ઠા મળી કે દરિયા પાર હિંદુ પણ તેમના ચાહક થઈ ગયા ! આજે આપણે ક્યાંથી ક્યાં પહોંચી ગયા ! કપડાં ફાટી ગયાં તો સીરત (ચરિત્ર) તાર તાર થઈ ગઈ. આ સીરત પણ કોઈ સીરત છે જે રાત દિવસના ચક્રને ભેટ ચઢી ગઈ ! સીરત તો એ છે જે જમાના પર પોતાનો સિક્કો મારી દે.

આપણે જરૂરતોને મકસદો બનાવી લીધા છે એ જ સૌથી મોટી ખરાબી છે. મકાનોની ટીપ ટોપ, કપડાંની સજાવટ માવજત અને સ્વાદિષ્ટ ખોરાકની તૈયારીઓમાં લાગેલા રહીએ છીએ, આપણી જાનથી ગાફેલ, અંજામથી બેખબર સવાર સાંજ વ્યસ્ત છીએ. સૂતાં જાગતાં એ જ ફિકરમાં મસ્ત તથા ગુંચવાયેલા રહીએ છીએ. સુકૂન મળે તો કેવી રીતે મળે ? દીવાનગી જ દીવાનગી છે ! એ જ દીવાનગીની પ્રતિ કુર્આને હકીમે આ પ્રમાણે નિર્દેશ કર્યો છે :– الهکم ا لتکاثر حتی زرتم المقابر۔

"તમને ગાફેલ રાખ્યા માલની અધિક તલબીએ (લાલચે) એટલે સુધી કે તમે કબ્રોનું મોઢું જોયું." *(સૂ. તકાષુર, આ. ૧, ૨)*

હુઝૂર ﷺ એ આંખો મીંચીને જિંદગી ગુજારનારાઓને આંખો ખોલીને જિંદગી ગુજારવાનો સલીકો (તરીકો) બતાવ્યો, કપડાં પહેરવાની ચળવળ જ નથી કરી પણ સલીકો પણ બતાવ્યો. માણસને જાનવરથી અલગ પાડયો, પણ કેટલાક માણસો જાનવર બનવાનું પસંદ કરે છે ! હુઝૂર ﷺ એ બાતિન (અંતર)ના ઘડતર તથા માવજત પર જોર આપ્યું, આપે કમજોર જિંદગીને મજબૂત બનાવી, એવા પુખ્તા ઈન્સાન બનાવ્યા જાણે કે મજબૂત કિલ્લો ! એવા કમજોર ઈન્સાન નહીં જાણે રેતીના મહેલ કે માટીના ઢગલા !

હુઝૂરે અન્વર ﷺ ની વાતો ! પ્યારી પ્યારી વાતો ! મીઠી મીઠી વાતો ! તે વાતોની મીઠાશનો આલમ આશિકોના દિલોને પૂછો. બુધ્ધિવાળાઓ એ વાતોની મીઠાશથી અજાણ છે ! એ જ વાતો આખેરતનો સરમાયો છે, એ જ વાતો મહોબ્બતનો ઝખીરો છે. આવો ! એ જ વાતો કરીએ અને જાને દો આલમ ﷺ ની પ્યારી અદાઓનો નઝારો કરીએ.

હુઝૂરે અન્વર ﷺ પોતાનો કૌમી લિબાસ પહેરતા હતા. (શમાઈલે તિર્મિઝી) આપનો ઈર્શાદ છે : **"જે જે કૌમની જેવું રૂપ ધારણ કરે તે તેઓમાંથી જ છે."** *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૩, મિર્કાત, ભાગ–૧૮, પેજ–૨૫૫)*

આ હદીષ પરથી કૌમી લિબાસ અને કૌમી

*(ફુટ નોંધ અનુસંધાન પાછળના પેજનું ચાલુ....)*

**(૩)** ત્રીજી વાત એ છે કે નારાજગી પછી જલાલના આલમમાં ફર્માવ્યું, "હું તમારામાં સૌથી વિશેષ મુત્તકી છું અને તમારા સૌ કરતાં અલ્લાહનો ઈલ્મ ધરાવનાર છું." એટલે ખતા તથા કસૂર તો અજ્ઞાનતાના કારણે થાય છે, જે જાત ન કેવળ ચીજ બલ્કે ચીજોના ખાલિકનો ઈલ્મ ધરાવતી હોય, જ્યાં ઈલ્મ જ ઈલ્મ હોય, જ્યાં તકવો જ તકવો હોય, ત્યાં ખતા તથા લગઝિશ તો દૂર રહી ખિલાફે ઉલા (અફઝલથી વિપરિત)નો પણ અવકાશ નથી.

એક અન્ય હદીષે પાકમાં ફર્માવ્યું : "અને જે ચીજોથી બચવું જોઈએ તેનો સૌથી વિશેષ જાણનારો છું." *(શરહે મુસ્લિમ શરીફ, ભાગ–૩, પેજ–૯૯)*

આ હદીષોનો સાર એ છે કે જે જાત સૌથી વિશેષ મુત્તકી, જે સૌથી વધારે એ ચીજોનો ઈલ્મ ધરાવતી હોય, તો કોઈ માણસને એ નથી શોભતું કે "ઝનબ"ની નિસ્બત એની સાથે કરે. હા ! મૌલા તઆલા મુખ્તાર છે, તે તેના મહબૂબ છે, જે રીતે ચાહે ફર્માવે. અંગત નાઝની વાતો કોઈ બીજાને નથી કહેવામાં આવતી અને કોઈ સમજે તો શું સમજે ! અહીંની હાલત તો બુધ્ધિ તથા સમજથી એકદમ પર છે. *–મસ્ઊદ*

આદતો તથા તૌર તરીકાઓના મહત્વનો અંદાઝો થાય છે. આ લિબાસ એવો હોવો જોઈએ જેને અમીર તથા ગરીબ બંને સમાન રીતે પહેરી શકે. મુસ્લિમ ઉમ્મતમાં કૌમી લિબાસના મહત્વનો એહસાસ નથી રહ્યો, તેની કૌમી વિશિષ્ટતા નષ્ટ થઈ ચૂકી છે. આપણે દિલો જાનથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદો પર અમલ કરવો જોઈએ. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમામાનો ઉપયોગ કર્યો. ફતહે મક્કાના પ્રસંગે કાળો અમામો પણ પણ શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ના કથનાનુસાર **મોટા ભાગે સફેદ અમામો ઉપયોગમાં લેતા હતા.** આપનો એક અમામા શરીફ હતો જેનું નામ સહાબ હતું. *(મદારિજુન્નબુવ્વત, પેજ–૧૦૪૮, ભાગ–૨)*

અમામાના સંબંધે હુઝૂર અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ ઈર્શાદ ધ્યાનને પાત્ર છે :–

"અમામો મુસલમાનને માટે વકાર (પ્રતિષ્ઠા), અરબવાસીઓ માટે ઈજ્જત છે. જયારે અરબવાસીઓ અમામો ઉતારી દેશે તો ઈજ્જત પણ ઉતારી દેશે." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૫, પેજ–૩૦૫)*

અરબ દેશો ખાસ કરીને સઊદી અરબમાં અમામા અદશ્ય થઈ ગયા અને તેનું સ્થાન અકાલે (રૂમાલ તથા દોરી વડે માથે રીંગ બને છે તેણે) લીધું અને અમામાના ઠેકાણે અકાલ કૌમી લિબાસ ઠર્યો. **એના બિદઅત હોવામાં કોઈ શક નથી પણ એના તરફ કોઈ ધ્યાન નથી કરતું ! કેમ કે અસલ બિદઅત એ છે જેનાથી સુન્નત નષ્ટ થઈ જાય.** હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અરબવાસીઓ માટે જે આગાહી કરી હતી તેને આપણે સગી આંખોએ જોઈ રહ્યા છીએ અને કાનો વડે સાંભળી રહ્યા છીએ. ગુમાવેલી ઈજ્જતને આપણે સુન્નતની પયરવી કરીને પામી શકીએ છીએ.

અલ્હમ્દુલિલ્લાહ ! અમામો ભારતખંડમાં મૌજૂદ છે પણ ક્રમે ક્રમે ઓછો થતો જઈ રહ્યો છે. ઉલમા તથા મશાઈખમાં રૂમાલ તથા ટોપીનો રીવાજ સામાન્ય થઈ ગયો છે. ટોપી તો સુન્નત છે, અલ્બત્ત ! પણ અમામાના સ્થાને રૂમાલ બિદઅત જણાય છે. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સફેદ ટોપી, યમનની ટોપીઓ, શામી ટોપી, મિસ્રી ટોપી, કાનોવાળી ટોપી, સર મુબારકથી ચીપકી જનાર ટોપી અને કિનારીવાળી ટોપી ઉપયોગમાં લીધી છે. *(શોઅબુલ્ ઈમાન, ભાગ–૫૦, પેજ–૧૭૫, ફૈઝુલ કદીર શરહે જામિઉસ્સગીર, ભાગ–૫, પેજ–૨૪૬)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે :–

"કપડાંમાં હુઝૂરને કમીસ પસંદ હતું." *(કાઝી અબ્દુસ્સલામ, લિબાસે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم, પેજ–૪૮)* એટલે ખિસ્સાવાળો કુર્તો જે સીરવાની નીચે પહેરવામાં આવે છે.

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ગરેવાન ક્યારેક ખભા પર હોતું, ક્યારેક બંધ હોતું, ક્યારે ખુલ્લુ હોતું. આપે ઉનનો લિબાસ અને કડક કપડાનો લિબાસ પણ પહેર્યો છે. *(શમાઈલે તિર્મિઝી, પેજ–૯૦)*

હઝરત ઓસામા બિન ઝૈદની રિવાયતના પ્રમાણે બીમારી વખતે કમજોરીના દરમ્યાન આપે યમની ચાદરમાં નમાઝ પઢાવી, જુમ્આ તથા ઈદોમાં યમની ચાદરનો ઉપયોગ કરતા હતા પછી લપેટીને મૂકી દેતા. *(સીરતુલ હલબિયહ્, ભાગ–૩, પેજ–૪૫૧)*

આપે ગાઢ લાલ રંગની ધારીદાર ચાદર અને જોડી પણ ઉપયોગમાં લીધી જેને હુલ્લા હમરા કહેવાતો હતો. અથવા જબરા (બે નકશીદાર યમની ચાદરો) કહેવામાં આવતું હતું. એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખૂબ જ પ્રિય હતી. *(મુસ્નદ, ભાગ–૬, પેજ–૭૯૬, બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૭, તથા શમાઈલે તિર્મિઝી, પેજ–૯૭, ૯૮, મુલ્લા અલી કારી)*

સિંધ (પાકિસ્તાન)માં આ ચાદરોને અજરક કહેવામાં આવે છે એમાં ગાઢ લાલ રંગ અને કાળી છપાઈવાળી ચાદરો જોડેલી હોય છે. પૂરાણા યુગથી

આ ચાદરો સિંધથી યમન પહોંચાડવામાં આવતી હતી. અમુક મુહક્કિકોનો ખયાલ છે કે આ જ અજરકને યમની ચાદર કહે છે. હુઝૂરે અન્વર ﷺ એ બે લીલી ચાદરો પણ ઉપયોગમાં લીધી. પ્રતિનિધિમંડળોના આગમનના સમયે લીલા રંગની આ ચાદરો અને તેહબંદ (લુંગી) ઉપયોગમાં લેતા હતા. જે એક અરસા સુધી ખલીફાઓ પાસે મેહફૂઝ રહી. જ્યારે એ ચાદર જર્જરીત થઈ ગઈ ચારેવ તરફ લેસ (ધારી) લગાડવામાં આવી. *(અલ્ વફા, પેજ–૨૭, સબલુલ્ હુદા વર્રશાદ, ભાગ–૭, પેજ–૩૧૨)*★

હુઝૂરે અકરમ ﷺ એ હલકા રંગની બે જાફરાની (કેસરી) ચાદરો પણ ઉપયોગમાં લીધી. હઝરત આઈશા رضی اللہ عنہا ની રિવાયતના મુજબ બે કાળી ચાદરો પણ ઉપયોગમાં લેતા હતા. *(શમાઈલે તિર્મિઝી, પેજ–૯૯, ૧૦૦ તથા ૧૦૩)*

આપે "તીલ્સાન" (લાલ, સફેદ, કાળી ચાદરો), લાંબી પહોળી ચાદરો, ત્રિકોણ તથા ચોરસ રૂમાલો પણ ઉપયોગમાં લીધા. બુખરાની મોટી ધારવાળી ચાદર, કાળા રંગની ઊનની ચાદર પણ ઉપયોગમાં લીધી. એકવાર ફૂલદાર ચાદર પણ વાપરી પણ નાપસંદ કરતાં જલ્દીથી ઉતારી કાઢી. *(ઈબ્ને માજહ, પેજ–૨૬૨)*

બુર્દે સહરી પણ ઉપયોગમાં લીધી. ખમીસા (ચોરસ કાળી કમ્બલ), કતીફા (સફેદ ચાદર), સહૂલી (સફેદ કપડાં) પણ ઉપયોગમાં લીધાં. કતીફામાં સર મુબારકની તરફ એક નિશાન હતું. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ تعالیٰ عنہ એ એનું ધોવણ એક લાઈલાજ બીમારના નાકમાં ટપકાવ્યું તો તે બીમાર સાજો થઈ ગયો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૦૪૯, કરાચી)* આ ઐતિહાસિક બનાવમાં તે લોકો માટે બોધપાઠ છે જેઓ તબર્રુકાત પર યકીન નથી રાખતા. તબર્રુકાતનું વર્ણન તો કુર્આન મજીદમાં છે ! *(સૂરએ બકરહ, આ. ૨૪૮)*

હુઝૂરે અન્વર ﷺ ને લીલો લિબાસ પસંદ હતો પણ **સફેદ લિબાસ સૌથી અધિક પસંદ હતો.** જેમ કે આપનો ઈર્શાદ છે :–

"જોઈએ કે તમે સફેદ લિબાસ પહેરો, તમારા જીવતા લોકો સફેદ કપડાં પહેરે અને તમારાં મુડદાંને પણ સફેદ કફન આપો કારણ કે એ તમારાં કપડાંમાં સૌથી બેહતર છે." *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૧૦૧)*

પાયજામો અને શલ્વાર (લેંગો) જો કે આપે નથી પહેર્યો પણ તેને પસંદ કરેલ છે અને ખરીદેલ પણ છે. *(ઈબ્ને માજહ, પેજ–૨૬૪)*

કુર્તો અને શલ્વાર એ આપણો કૌમી લિબાસ હોવો જોઈએ અને ખુદાના ફઝ્લથી એ જ કૌમી લીબાસ છે પણ અમુક ખાસ તબકાના લોકોને શાદી વગેરે ખાસ પ્રસંગોમાં આ લિબાસ પહેરવો સારો નથી લાગતો અને તેઓ ગૈરોના લિબાસ (કોટ, ટાઈ, પેન્ટ, શર્ટ) પહેરેલા જોવા મળે છે. **આપણી ચીજોને હકીર (નીચ) સમજવી અને ગૈરની અયોગ્ય ચીજોને પ્રતિષ્ઠા આપવી એ ઝિંદા કૌમોની નિશાની નથી, પણ બીમાર કૌમોની નિશાની છે.** આપણે આપણા તૌર તરીકા (રીત રીવાજ) છોડીને ગૈરોના તૌર તરીકા અપનાવી લીધા છે, પરંતુ આ મહાન કુર્બાની ! આપવા છતાં કોઈના દિલમાં આપણી ઈજ્જત નથી !

लो वो भी कहते हैं ये बे नंगो नाम है
ये जानता अगर तो लूटाता न घर को मैं

હુઝૂરે અન્વર ﷺ એ સાદો સુથરો લિબાસ પસંદ ફર્માવ્યો, ખૂબ ઉમદા લિબાસ પણ

★ **નોંધ** : ઈ.સ. ૧૯૯૪ માં હિજાઝના મશ્હૂર આલિમ અને શયખે વક્ત શયખ મુહમ્મદ અલ્વી માલિકી رحمۃ اللہ علیہ એ મદીના મુનવ્વરામાં મુઝ ફકીરને (મસ્ઊદ સાહબને) મહોબ્બતથી કરમ ફર્માવીને લીલી ચાદર અતા કરી અને પોતાના મુબારક હાથે પહેરાવી જેને ખિર્કો કહેવામાં આવે છે અને જે તેમના ખાનદાનમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી સંબંધિત છે.

પહેર્યો, થીંગડાવાળાં કપડાં પણ ઉપયોગમાં લીધાં પણ "લિબાસે શોહરત"ને પસંદ નથી કર્યો. (એટલે એવો ગૈર મસ્નૂન (સુન્નત વિરૂધ્ધનો) લિબાસ જેનાથી કોઈ ખાસ વ્યક્તિ કે ટોળી અન્યોથી અલગ નજર આવે, અને ઓળખવામાં આવે.) *(તબકાતે ઈબ્ને સઅદ, ભાગ–૧, પેજ–૪૬૧, મિશ્કાત શરીફ, પેજ–૩૭૩, શરહે મુસ્લિમ, ભાગ–૨, પેજ–૩૮૪, અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૨૦૩, મજમઉઝ્ઝવાઈદ, પેજ–૮૨૨૮)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વિવિધ પ્રકારના જભ્ભા પણ ઉપયોગમાં લીધા. હઝરત મુગીરહ ઈબ્ને શઅબા رضی اللہ عنہ ની રિવાયતના પ્રમાણે આપે રૂમી જભ્ભા પહેર્યા જેની બાંય ટૂંકી હતી. આપનો એક જભ્ભો લીલા સુંદુસ (રેશમ)નો હતો અને બીજો જભ્ભો અતલસ (રેશમ)નો હતો, આ ત્રણેવ જભ્ભા ગઝવાતમાં (જંગોમાં) ઉપયોગ કરતા હતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૧૦૪, મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૦૪૭)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો એક જભ્ભો હઝરત આઈશા رضی اللہ عنہا પાસે હતો જે તેમનાં બહેન અસ્મા બિન્તે અબૂબક્રે લઈ લીધો હતો. તે ફર્માવે છે; હું એને ધોઈને એનું ધોવણ શિફાયાબી (બીમારીથી તંદુરસ્તી પામવા)ના માટે બીમારોને આપતી હતી. *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૦૪૮)*

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અમુક તબર્રુકો હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ تعالیٰ عنہ ની પાસે પણ હતાં જેને આપે એક ખાસ મકાનમાં સુરક્ષિત કરી રાખ્યાં હતાં અને સન્માનનીય લોકોને ઝિયારત કરાવતા હતા. *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૦૪૯)*

**ઈસ્લામના દુશ્મનોની સાઝિશ એ છે કે આપણને હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم થી નિસ્બત રાખનારી ચીજોથી અલગ કરી દેવામાં આવે જેથી લંગર તૂટી જાય અને જહાઝ ડૂબી જાય !** (મઆઝલ્લાહ !) અલ્લાહ તઆલા આપણને ઈસ્લામના દુશ્મનોની સાઝિશથી બચાવે, આમીન ! જેથી આપણે સહાબાએ કિરામ તથા સહાબિયાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના નક્શે કદમ ચાલીને તબર્રુકોની કદર તથા મહત્વનો એહસાસ પેદા કરીએ.

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પ્રકૃતિની દષ્ટિએ સાદગીપસંદ હતા અને સામાન્યતઃ સાદો લિબાસ પહેરતા હતા. ભલે આપ શહેરમાં રહ્યા પણ આપે દીની ગામડામય સમાજ અને કરકસરને પસંદ ફર્માવી જેથી ગામડેથી આવનાર ગરીબો તથા ફકીરો મુલાકાત તથા વાત કરવામાં કોઈ ખચકાટ ન અનુભવે અને આર્થિક રીતે પણ મજબૂત રહે કેમ કે ખર્ચમાં ઉડાઉપણુ આર્થિકતાને ખોખરી કરી નાખે છે. આપણે પર્દા પર પર્દા નાખી રહ્યા છીએ અને આપણે અયોગ્ય રીતે અમીર તથા ગરીબ અને ઓફિસર તથા હાથ હેઠળનાઓ વચ્ચે દીવાલો ઉભી કરી રહ્યા છીએ. પ્રોટોકોલ ન હોય તો મોટામાં મોટી શખ્સિયતનો પળવારમાં ભરમ ખુલી જાય. સઘળો તમાશો "હટો ! બચો !"નો છે. અલ્લાહ તઆલા આપણને હુઝૂર અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાદગી અપનાવવાની તૌફીક અતા ફર્માવે, આમીન ! હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફકીરાના જિંદગી પસાર કરી, કોઈ ચીજની બે જોડો હોતી, ન બે કુર્તા ન બે તેહબંદ ન બે ચાદરો ન નાલૈન શરીફની બે જોડીઓ. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૮૮, ૮૯, મવાહિબે લદુન્નિયા, પેજ–૫)*

વિસાલ મુબારકના સમયે શરીર મુબારક પર એક થીંગડાંવાળી ચાદર અને એક લુંગી હતી. હઝરત આઈશા رضی اللہ عنہا એ કસમ ખાઈને ફર્માવ્યું કે આપના શરીર મુબારક પર આ બે કપડાં મુબારક સિવાય કાંઈ ન હતું. *(મિશ્કાત શરીફ, પેજ–૩૭૩, શરહે મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૬, ૩૮૪, અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૩)*

ઝાહિરમેં ગરીબુલ્ ગુર્બા ફિર ભી યે આલમ
શાહોંસે સિવા સુતૂત સુલ્તાને મદીના

જો આપણે આપણી હાલતનું નિરીક્ષણ કરીએ તો અમુક જણાના તો એટલાં જોડ કપડાં વગેરે હશે કે ગણતાં ગણતાં થાકી જાવ ! જરા વિચાર કરો ! હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક જોડ તે પણ આટલી સાદી ! એ જ હાલત પાક બીવીઓની હતી. ફકીરના ખયાલમાં આપની તેમજ ઘરવાળાઓની આ ઈખ્તેયારી ગરીબી આપના મો'જિઝાઓમાંથી એક મો'જિઝો છે જેના પ્રતિ કોઈ ધ્યાન નથી કરવામાં આવ્યું. દુનિયામાં રહીને કુદરત ધરાવવા છતાં દુનિયાથી આટલા બધા બેતઅલ્લુક થઈ જવું ખૂબ હેરતનાક છે ! ઈતિહાસમાં આવું કોઈ દષ્ટાંત નથી. આપણે ખારિકે આદાત (સામાન્ય નિયમ વિરૂધ્ધની) વાતોની તલાશ કરીએ છીએ, શું હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાદગી ખારિકે આદત નથી ? આપણી ફુઝૂલખર્ચીઓની હાલત એવી છે કે એક પત્રકારના કથનાનુસાર (તંત્રી : સાહિલ, મે–૧૯૮૯) પાક. માં કેવળ પ્રમુખના મહેલ અને વડા પ્રધાનના મહેલનો રોજનો ખર્ચ ૧ કરોડ રૂપિયા છે. એના પરથી એમના હાથ નીચેના ઓફિસરોની ફુઝૂલ ખર્ચીઓનો કયાસ કાઢી લો. જ્યાં સુધી આ બીમારી નથી જતી ત્યાં સુધી બીમાર તંદુરસ્ત નથી થતો. (હિંદમાં પણ એક વાર કેવળ અમુક જ દિવસોનો રાજય સભાના અધ્યક્ષ નજમા હેપ્તુલ્લાહના બ્રેક ફાસ્ટ વગેરેનો ખર્ચ લાખોમાં બહાર પાડયો હતો. તેણી ગયા વર્ષે એનડીએ સત્તા પર હતી ત્યારે રાજસભાનાં અધ્યક્ષ હતાં.) જ્યાં સુધી ઉપરથી સ્થિતિ નહીં બદલાય તો નીચેથી સ્થિતિ નથી બદલાઈ શક્તી. મૌખિક લપસણાં નિવેદનોથી કોઈ ફાયદો નથી, અમલથી ક્રાંતિ સર્જાય છે.

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે નવો કુર્તો, અમામો કે ચાદર ઉપયોગમાં લેતા તો તેનું નામ તજવીઝ કરતા અને નામ લઈને જ તેને પોકારતા. આપે ઘરની દરેક ચીજનું નામ નક્કી કર્યું હતું. આપે દરેક વજૂદની તા'ઝીમ (સભ્યતા) શીખવાડી. પોતાના ગુલામોને કેવી અદબ શીખવાડી કે કોઈએ ન શીખવી હશે. એવી અદબ તો આ યુગમાં પણ જોવા નથી મળતી જેને પ્રગતિ તથા સભ્યતાનો યુગ કહેવામાં આવે છે !

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે નવુ કપડુ પહેરતા ત્યારે દુઆ પઢતા એ દુઆ મુબારક હદીષોમાં મળે છે, દા.ત. :–

الحمدلله الذی کسانی هذاورزقنیه من غیر حول منی وقوة۔

"શુક્ર છે અલ્લાહ عزوجل નો જેણે મને આ પહેરાવ્યું અને મારી શક્તિ તથા તાકાત વિના આ મને અતા કર્યું."

اللهم لك الحمدانت کسوتنیه اسئلك خیره وخیر ماصنع له واعوذبك من شره وشرما ماصنع له۔

"હે અલ્લાહ ! શુક્ર છે, તેં જ મને પહેરાવ્યું. હું તારાથી એની ભલાઈનો અને જે હેતુ માટે આ પહેર્યું છે એની ભલાઈનો સવાલ કરી રહ્યો છું અને એની બુરાઈથી તથા જે હેતુના માટે એને બનાવવામાં આવ્યું છે એની બુરાઈથી પનાહ માંગું છું."

الحمدلله الذی کسانی ماواری به عورتی واتجمل به فی حیاتی۔

"શુક્ર છે અલ્લાહ તઆલાનો જેણે મને તે કપડાં પહેરાવ્યાં જેનાથી હું મારું સતર ઢાંકુ છું અને મારી જિંદગીમાં તેનાથી શણગાર પામું છું."

લિબાસ શરીર તથા રૂહ બંને પર અસર અંદાઝ થાય છે એટલા માટે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેની બુરાઈથી પનાહ માંગીને મહાન નફસાની તથા અખ્લાકી રાઝની તરફ નિર્દેશ કર્યો. આપ ખાલિકે કાઈનાતના રાઝના જાણનાર હતા. અમ ગુનેહગારો પર કેટલુ બધું એહસાન ફર્માવ્યું !

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નાલૈન શરીફ (પગરખાં મુબારક) વાપર્યા. આપે જૂતી પહેરવાવાળાને સવાર અને જૂતી પહેરવાવાળીને સવારી ઠરાવી. આપે પીળા રંગની ના'લૈન ઉપયોગમાં લીધી. કાળો રંગ મના ફર્માવ્યો. અલ્બત્ત કાળા મોજા વાપર્યા, એ સુન્નત છે. કદી કદી આજીજી તથા ઈન્કેસારી (નમ્રતા)ના કારણે ઉઘાડા પગે પણ ચાલ્યા. એ પણ સાબિત છે. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૧૯૮, લિબાસે હુઝૂરે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم, પેજ–૯, ૧૦, મનાવી શરહે શમાઈલે તિર્મિઝી, પેજ–૧૮૫)*

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેહબંદ (લુંગી) બાંધવા અને શલ્વાર (લેંગો) પહેરવાના નિયમ શીખવાડયા કે તે ઘૂંટીઓથી ઊંચે રહે. હુઝૈફા ઈબ્ને યમાન رضی اللہ عنہ રિવાયત કરે છે :–

"હુઝૂર અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારી અથવા પોતાની પીંડલીનો હિસ્સો પકડીને ફર્માવ્યું, આ તેહબંદની જગા છે (એટલે આ તેહબંદની હદ છે) જો તને એના પર સબ્ર નથી તો એનાથી નીચે કરી લે, જો એના પર પણ સબ્ર નથી તો **તેહબંદનો ઘૂંટીઓ પર કોઈ હક્ક નથી.''** *(ઈબ્ને માજહ, પેજ–૨૬૪)*

હદીષે પાકનું છેલ્લુ વાકય ઘણુ જ અર્થપૂર્ણ છે અને બોધદાયક છે.

"તેહબંદ (લુંગી)નો ઘૂંટીઓ પર કોઈ હક્ક નથી."

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ન કેવળ ઈન્સાનોના બલ્કે અંગોના હક્કોનો પણ નિર્દેશ કર્યો અને બીજી બાજુ મુસ્લિમ કૌમને નિરર્થક ફુઝૂલખર્ચીથી બચાવી જેને કરવાવાળાઓને કુર્આનમાં શૈતાનના ભાઈ કહ્યા છે.

ان المبذرين كانوا اخوان الشياطين۔

"બેશક ! ઉડાઉ લોકો શૈતાનના ભાઈ છે." (એટલે વિના જરૂરતે ખર્ચ કરનારા)

એટલા માટે શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ رحمۃ اللہ علیہ ના કથનાનુસાર ફકીહોની દષ્ટિએ ઈજારનું ઘૂંટીની નીચે સુધી લટકાવવું હરામ અને તદ્દન બિદઅત છે. આપણા શહેરી સમાજમાં આવા લોકો પુષ્કળ છે. એમાં શક નથી કે આર્થિક મજબૂતીનો આધાર કરકસર પર છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક તરફ ફુઝૂલખર્ચીથી બચાવ્યા અને બીજી તરફ નફ્સયાતી રોગોનો ઈલાજ દર્શાવ્યો, કેમ કે **સામાન્યતઃ એ જ લોકો તેહબંદ કે શલ્વાર ઘૂંટીની નીચે રાખે છે જેમને પોતાનો ભપકો પાડવાનો હોય છે અથવા પોતાની સુન્નત વિરૂધ્ધની આદતની સુધારણા કરવા નથી ચાહતા. જો એવું ન હોય તો ઘૂંટીથી ઊંચે રાખવામાં શું ખરાબી છે ? અને ઘૂંટીથી નીચે રાખવાના શા માટે આગ્રહી છે ?** અરબોમાં એ રીવાજ હતો કે લિબાસનો ખોળો લાંબો રાખતા અને તેહબંદ એટલુ નીચું રાખતા કે તે જમીન પર ઘસડીને ચાલતા. એ પૂરાની નિશાની સમજવામાં આવતી. અરબોના રઈસો તથા અમીરો એવું જ કર્યા કરતા હતા. આપણે ત્યાં પણ એવું થતુ રહે છે. એવા લોકોના માટે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે :–

"જે કોઈ પોતાની ઈજાર (લુંગી કે લેંગો) **ફખ્ર તથા ઘમંડને કારણે ઘસેડીને ચાલશે,** અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેના પર નજર નહીં ફર્માવે." (એટલે જો કોઈ કશા ઉઝ્ર વિના એવું કરશે તે અલ્લાહ તઆલાની રહમતથી મેહરૂમ રહેશે.)

હઝરત સલ્મા رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ નું તેહબંદ પીંડલી સુધી રહેતું હતું. અને ફર્માવ્યું કે મારા આકા તથા મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم નું તેહબંદ પણ એ જ પ્રમાણે હોતું.

જયારે એ જણાઈ ગયું કે હુઝરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક આદત એ હતી તો પછી મુસ્તફાના ગુલામો માટે ચર્ચાનો કોઈ વિષય બાકી

રહેતો નથી તેહબંદ કે શલ્વાર વધુમાં વધુ એ હદ સુધી રાખવું જોઈએ જેની આપે રજા આપી, છેલ્લી હદ ઘૂંટી છે. જ્યાં સુધી ઘૂંટીથી ઉપર વાળવાનો સવાલ છે તો એમાં કરાહત એ સમયે છે જ્યારે વાળવાથી શલ્વાર કે તેહબંદ વિકૃત સ્વરૂપનું (કઢંગુ) થઈ જાય અને માણસ અસભ્ય જણાવા લાગે. કરાહતનું મૂળ કારણ લિબાસનું હુસ્ન તથા ખૂબસૂરતી મેહરૂમ થવું છે. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવો લિબાસ પસંદ નથી ફર્માવ્યો જેના પ્રતિ નજરો ઉઠવા લાગે અને સ્ત્રીઓ માટે એવું કપડું પસંદ નથી ફર્માવ્યું જેનાથી અંદરનું શરીર પ્રદર્શિત થાય. *(તબકાતે ઈબ્ને સઅદ, ભાગ–૮, પેજ–૫૦, અહમદ ઈબ્ને હંબલ શૈબાની, મુસ્નદ, ભાગ–૬, પેજ–૭૯૬)*

આપે ભડકીલો (ભપકાદાર) રંગ પણ પસંદ નથી કર્યો. એ પણ પસંદ નથી કર્યું કે સ્ત્રીઓ પુરૂષોનો ડ્રેસ પહેરે અને પુરૂષો સ્ત્રીઓનો લિબાસ પહેરે. એવા સ્ત્રી તથા પુરૂષો પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ લઅ્નત ફર્માવી છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૭૪, તિર્મિઝી શરીફ, પેજ–૩૯૬, અબૂ દાઊદ શરીફ, પેજ–૧૧૪)*

આજકાલ લિબાસના મામલામાં પુરૂષ તથા સ્ત્રી બાગી (વિદ્રોહી) જણાય છે. પુરૂષો ગુથણોથી ઉપર ચડ્ડી પહેરવા લાગ્યા છે, પાટલૂન તો એવું સામાન્ય છે કે જાણે એમનું જ થઈ ગયું ! જે બેહયાઈની નજીક છે. જે હેતુસર કપડુ પહેરવામાં આવે છે તેનો મકસદ એ નથી કે શરીરને ગિલાફ (ફીટ કવર) ચઢાવી દેવામાં આવે ! બલ્કે મૂળ ધ્યેય શરીરને છુપાવવાનો છે.

સૌથી તકલીફદાયક વાત એ છે કે પાટલૂન પહેરનારના માથે ટોપી અને ચહેરા પર દાઢી ન હોય તો તે મુસલમાન જણાતો જ નથી ! જ્યાં સુધી એવું બતાવવામાં ન આવે કે આ મુસલમાન છે. (આ કેવી મુસલમાની છે ! અલ્લાહની પનાહ ! **મુસલમાનને મુસલમાન દેખાવું નથી ગમતું !** *–અનુવાદક)*

એ મુસલમાન જ શું જે ઓળખનો મોહતાજ હોય ! સ્ત્રીઓ ! (અલ્લાહની પનાહ !) સ્ત્રીઓ પણ બગાવત (વિદ્રોહ) પર ઉતરી આવી છે ! કાશ ! કે તેણીઓ સુધી કોઈ પ્યાર મહોબ્બત સાથે કુર્આનની તથા ઈસ્લામની વાતો પહોંચાડે. સ્ત્રીઓમાં દીનની ઘણી મહોબ્બત અને તડ્પ છે પણ કોઈ બતાવે તો ખરું !

આપણે સુન્નત પ્રમાણેના લિબાસ અને તરીકાઓને આપણા ઘરોમાં સરકારી તથા ગૈર સરકારી કક્ષાએ આમ કરવા જોઈએ. આપણી કરજદાર જિંદગીના માટે સાદગી ઘણી જ મહત્વની છે અને એ ત્યારે જ શક્ય છે જ્યારે આપણે નફ્સની ગુલામી ત્યજીને અલ્લાહની ઈબાદત કરીએ. કાશ ! કે આપણા દિલોમાં સદાકત તથા સચ્ચાઈ ઘર કરી જાય અને દોરંગીપણુ ખત્મ થઈ જાય. આપણે તનની સાથે સાથે મનને પણ સંવારવા લાગીએ જેથી જિંદગીની ખરી મજા આવી જાય. (આમીન)

यक रंगी व आज़ादी अय हिंमते मर्दाना

## એક મહાન સૂફીની નસીહત !

સુલતાનુલ્ આરિફીન હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ને લોકો એ કહ્યું કે, હુઝૂર ! ફલાણી જગ્યાએ એક મોટા સૂફીએ રબ્બાની પધાર્યા છે.

આપે ફર્માવ્યું, ચાલો આપણે એમની મુલાકાતે જઈએ. આપ જેવા એ કહેવાતા બુઝુર્ગ પાસે પહોંચ્યા કે તુર્તજ પાછા ફર્યા. લોકોએ કુતુહલતાથી પૂછયું, હુઝૂર ! આપ આટલી લાંબી મુસાફરી કરીને આવ્યા અને બુઝુર્ગની મુલાકાત લીધા વિના પાછા ફરો છો !!

આપે ફર્માવ્યું :– સાંભળો ! તમે જેને બુઝુર્ગ તથા સાહિબે તરીકત, સૂફીએ રબ્બાની સમજો છો તેમનામાં તરીકતનો અંશ પણ નથી ! હું જ્યારે એમની પાસે પહોંચ્યો ત્યારે તેઓ કિબ્લા તરફ મોઢું રાખી થૂંકી રહ્યા હતા. જો તે સૂફીએ રબ્બાની હોત તો શરીઅતની વિરૂધ્ધ કામ ન કરત. જે પીર શરીઅતથી વિરૂધ્ધ કામ કરતા હોય તેમનાથી દૂર રહેવું જોઈએ.

# સૂતેલાઓની વાતો

કહેનાર : હઝરત મૌલાના હસન આદમ કોલવનવી (લેન્કાસ્ટર, યુ.કે.)

## ★ અલ્લાહવાળાં આવા હોય છે ! ★

હઝરત રાબિયા અદવિય્યહ (વફાત : ૧૩૫ હિ.સ., બયતુલ મુકદ્દસમાં) પાસે એક ધનવાન માણસ આવ્યો અને કહ્યું, "તમારે કોઈ પણ વસ્તુની જરૂર હોય તો મને કહો તમારી જરૂરિયાતને પૂરી પાડવાને હું મારું અહોભાગ્ય સમજીશ." હઝરત રાબિયાએ જવાબમાં કહ્યું, "ધરતી અને આકાશની સર્વે નેઅમતોના ભંડાર અલ્લાહ પાસે ભરેલા છે છતાં આ ફાની જગતની ફાની નેઅમતો તેની પાસે માંગતાં હું શરમ અનુભવુ છું તો પછી તારી પાસે માંગવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી !"

એક દરવેશ એક સમયે આપની પાસે આવ્યો. વાતચીત દરમ્યાન તે વારે ઘડીએ દુનિયાની બુરાઈ કરતો હતો. જ્યારે તે દુનિયાની ખૂબ બુરાઈ બયાન કરી રહ્યો હતો ત્યારે હઝરત રાબિયાએ તેને કહ્યું, "તું મારી પાસેથી ઉઠીને ચાલ્યો જા ! કારણ કે તારા દિલમાં દુનિયાની મહોબ્બત ખૂબ ભરેલી છે, જો એમ ન હોત તો એક દરવેશને શું પડેલી છે કે એ તુચ્છ વસ્તુનું નામ જીભ પર લાવે ?"

હઝરત રાબિયા આખી રાત અલ્લાહની ઈબાદતમાં મગ્ન રહેતાં અને જ્યારે સવાર થવા આવતી ત્યારે પોતાને ઉદ્દેશીને સવાલ પૂછતાં કે, "હે રાબિયા ! તને અલ્લાહ તઆલાએ આખી રાત તેની બારગાહમાં હાજર રહેવાની તૌફીક આપી તે બદલ તેનો શુક્ર કરવો જોઈએ." પછી પોતાના દિલ તરફથી પોતાને બીજો સવાલ કરતાં, "કઈ રીતે તેનો શુક્ર કરીશું ?" અને પોતે જ એ સવાલના જવાબમાં કહેતાં, "આજના દિવસે રોઝો રાખીને તેનો શુક્ર કરીએ." અને પછી આખો દિવસ રોઝો રાખતાં, જ્યારે સાંજ થતી ત્યારે રોઝો ઈફતાર કર્યા પછી પાછાં પોતાની જાતને ઉદ્દેશીને કહેતાં, "અલ્લાહ તઆલાએ તને રોઝો રાખવાની તૌફીક આપી તે બદલ આખી રાત તેની ઈબાદતમાં પસાર કરીને તેનો શુક્ર કરવો જોઈએ." અને પછી આખી રાત ઈબાદતમાં પસાર કરી દેતાં હતાં. સવાર થતાં પાછો પેલો પ્રશ્ન અને તેનો એવો જ જવાબ. મુદ્દતો સુધી આપનો એ ક્રમ ચાલુ રહેતો હતો. (رضی الله عنها)

## ★ ખોરાકની માણસના ચારિત્ર પર અસર ! ★

હઝરત અહમદ બિન હર્બ નેશાપુરી પાસે એક દિવસ નેશાપુરના આગેવાનો સલામ માટે હાજર થયા. તે સર્વે તેમની સેવામાં ઉપસ્થિત હતા તે દરમ્યાન અચાનક આપનો દિકરો દારૂના નશામાં ચકચૂર હાલતો ડોલતો ત્યાં આવ્યો અને ગાયન ગાતો ગાતો બેપરવાહ જેવો ત્યાંથી પસાર થઈ ગયો. આનાથી મજલિસજનોને ઘણુ દુઃખ થયું. અહમદ બિન હર્બે પૂછયું, તમારા બધાંના મોઢાંઓ પર દિલગીરીનાં ચિન્હો કેમ છવાઈ ગયાં ?! લોકોએ જવાબમાં કહ્યું, આ છોકરાની હાલત પર અમને ઘણો અફસોસ થયો, એણે આપનો પણ વિચાર કર્યો નહીં. હઝરત અહમદ બિન હર્બે કહ્યું, એ બિચારો લાચાર છે ! વાત અસલમાં એવી છે કે એક રાત્રે અમારા ઘેર પાડોશીએ જમણ મોકલ્યું હતું તે મેં અને મારી પત્નીએ ખાધું. તે રાત્રે અમારા પર ગાઢ ઊંઘ છવાઈ ગઈ. અમારા રાત્રીના વઝીફાઓ પણ કઝા થઈ ગયા અને તે જ રાત્રે આ છોકરો માં ના ગર્ભાશયમાં પહોંચ્યો. સવાર થઈ ત્યારે અમે પાડોશી પાસે તપાસ કરી કે પેલું જમણ ક્યાંથી આવ્યું હતું ? જાણવા મળ્યું કે કોઈના ઘેર લગ્ન પ્રસંગ હતો તે જમણ ત્યાંથી આવ્યું હતું. વધુ તપાસ કરતાં જણાયું

કે બાદશાહના ઘરનું જમણ હતું. આ એક વખતની નિષ્કાળજીનું પરિણામ તે આ છોકરો. મજલિસમાં હાજર રહેલા લોકો આ વાત સાંભળી સ્તબ્ધ બની ગયા કે ખોરાક માણસના ચારિત્ર્ય પર કેવી અસર નાંખે છે !

## ★ અલ્લાહ પાસે માંગ ! ★

હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તસ્તરીનો એક નાનો ફરઝંદ હતો. બાળપણમાં એ જ્યારે પોતાની માં પાસે ખાવાનું માંગતો ત્યારે તેણી કહેતાં, અલ્લાહ પાસે માંગ ! છોકરો એના પિતાની ઈબાદત કરવાની જગ્યાએ જઈ સિજદામાં નમી જતો અને તે દરમ્યાન એની માં ચુપકીદી સાથે ખાવાનું તેની પાસે મૂકી દેતાં હતાં. માંએ મૂક્યું છે એવી ખબર છોકરાને થતી ન હતી. આ રીતે તેને અલ્લાહ પાસે માંગવાની ટેવ પડી ગઈ. એક દિવસે છોકરો બહારથી આવ્યો, માં ઘરમાં ન હતાં. છોકરાને ભૂખ લાગી હતી એટલે તે સીધો ઈબાદતગાહમાં જઈ સિજદામાં નમી ગયો અને અલ્લાહ તઆલાએ સાચે જ તેના માટે ત્યાં ખાવાનું પહોંચાડી દીધું. એટલામાં તેની માં પણ ત્યાં આવી ગયાં અને આશ્ચર્યચકિત થઈ પૂછયું, આ ખાવાનું ક્યાંથી આવ્યું ?! છોકરાએ જવાબ આપ્યો, જ્યાંથી દરરોજ આવે છે ત્યાંથી જ આવ્યું છે !

## ★ અલ્લાહના શુક્રનો અનોખો તરીકો ! ★

હઝરત ઈબ્રાહીમ ખવાસ (વફાત : ૨૯૧ હિ.સ., મઝાર રેય ઈરાક) કહે છે, હું એક જગ્યાએ એક બુઝુર્ગની મુલાકાત માટે ગયો. ઘરમાં પ્રવેશ્યો તો જોયું કે ઘર એક સાચા વલીયુલ્લાહના ઈબાદતસ્થાન જેવું પવિત્ર છે. બે મેહરાબો છે, એકમાં તે બુઝુર્ગ પોતે ઈબાદતમાં મગ્ન છે અને બીજામાં એક વૃધ્ધા ઈબાદત કરી રહ્યાં છે. બંનેના મુખ ઉપર નૂરાનિયત ઝળહળી રહી છે. અને અતિશય ઈબાદતના કારણે તેમનાં શરીરો અશક્ત બની ગયાં છે. મારા જવાથી તે બંને ઘણા જ ખુશ થયાં. હું ત્રણ દિવસો સુધી તેમના ઘેર મેહમાન રહ્યો અને જ્યારે હું વિદાય થવા લાગ્યો ત્યારે મેં પેલા બુઝુર્ગને પૂછયું કે, પેલાં વૃધ્ધ બહેન સાથે તેમની શું સગાઈ છે ?! જવાબમાં તે બુઝુર્ગે પોતાની કહાણી નીચે મુજબ વર્ણવી :–

એ સ્ત્રી સગાઈના સંબંધમાં મારા કાકાની દીકરી અને મારી પત્ની છે. હઝરત ઈબ્રાહીમ ખવાસ કહે છે કે મેં બુઝુર્ગની વાત કાપતાં કહ્યું, પણ હું તો ત્રણ દિવસ તમારા ઘરે રહ્યો અને મને તો એવું લાગ્યું કે એ કોઈ અજાણ્યાં સ્ત્રી છે. પેલા બુઝુર્ગે વાત આગળ વધારતાં કહ્યું, પાસંઠ વર્ષોથી અમે આવી રીતે જ રહીએ છીએ. ઉગતી યુવાનીના દિવસોમાં અમે એકબીજાના પ્રેમમાં પડયાં હતાં. મારા કાકાને એ વાતની ખબર પડી ગઈ, મારા પિતાએ કહ્યું કે આપણે એમનાં લગ્ન કરાવી દઈએ પણ મારા કાકાએ ઈન્કાર કર્યો અને અમારી મુલાકાતો બંધ થઈ ગઈ. એકબીજાના વિયોગમાં અમે અમુક સમય જેમ તેમ કરી વિતાવ્યો. એવામાં કુદરતનું કરવું કે મારા કાકાનું મૃત્યુ થયું અને તેઓની દિકરીના એક માત્ર વાલી મારા પિતા હતા એટલે તેમણે અમારાં લગ્ન કરાવી દીધાં. જ્યારે અમે પ્રથમ રાત્રીએ ભેગાં થયાં ત્યારે તેણીએ મને કહ્યું, જુઓ ! અલ્લાહ તઆલાએ આપણને કેટલી મોટી નેઅમતથી નવાજ્યાં કે આપણને એક કરી દીધાં, આપણા વિરહને મેળાપમાં પલ્ટાવી દીધો એટલા ખાતર આજે રાત્રે આપણે આપણી નફ્સાની ઈચ્છાને રોકીને નફ્સ સામે જિહાદ કરીને અલ્લાહનો શુક્ર અદા કરવો જોઈએ. મેં સંમતિ દર્શાવી અને અમે બંનેએ તે રાત ઈબાદતમાં પસાર કરી દીધી. બીજી રાત્રે પણ તેણીએ એવું જ કહ્યું અને બીજી રાત પણ અમે ઈબાદતમાં ગુજારી દીધી. પછી ત્રીજી રાત્રે મેં તેણીને કહ્યું કે, બે રાતો તારા

કહેવાથી આપણે ઈબાદતમાં પસાર કરી, હવે બીજી બે રાતો મારા કહેવાથી આપણે ઈબાદતમાં પસાર કરીએ. તેણીએ સહર્ષ સ્વીકાર કરી લીધો અને અમે એવું જ કર્યું. આ વાતને પાંસઠ વરસો વહી ગયાં પણ હજુ સુધી અમે એક બીજાને અડક્યાં સુધ્ધાં નથી. ઉંમર અલ્લાહનો શુક્ર કરવામાં વિતાવી રહ્યાં છીએ.

## ★ અલ્લાહવાળાઓની શાન ! ★

હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ (વફાત : ૪૬૫ હિ.સ., મઝાર : લાહોર) પોતાના જીવનનો એક પ્રસંગ વર્ણવતાં કહે છે કે, હું અમુક દરવેશ લોકો સાથે હઝરત ઈબ્નુલ મઅલાની મુલાકાત અર્થે જઈ રહ્યો હતો, તેઓ રમલહ (પેલેસ્ટાઈનમાં) નામના એક ગામમાં રહેતા હતા. અમે માર્ગમાં એવો નિર્ણય લીધો કે પ્રત્યેક વ્યક્તિ પોતાના દિલમાં એક વાત વિચારી લે, આપણે ધારેલી વાતોની ખબર તેઓને થાય છે કે નહીં તેની ચકાસણી થઈ જશે. મેં મારા દિલમાં વિચાર્યું કે મને આપની પાસેથી હઝરત હુસૈન બિન મન્સૂર (વફાત : ૩૦૭ અથવા ૩૦૯ હિ.સ., બગદાદમાં)ની દુઆઓ અને શાયરીની કાવ્ય પંક્તિઓ મળવી જોઈએ. બીજા દરવેશે વિચાર્યું કે મને તિલ્લની બીમારી છે તેનાથી છૂટકારો મળવો જોઈએ. ત્રીજા દરવેશે ધાર્યું કે એને હલ્વા સાબુની (તે સમયના અમીરો અને માલદારોની વાનગીઓમાંની એક વાનગી) મળવી જોઈએ.

જ્યારે અમે ત્યાં ગયા ત્યારે તેઓના આદેશથી હઝરત હુસૈન બિન મન્સૂરની દુઆઓ અને કાવ્ય પંક્તિઓ પ્રથમથી જ લખાએલી હતી તે મારી સમક્ષ મુક્ત કરી દેવામાં આવી. બીજા દરવેશના પેટ પર હાથ ફેરવ્યો કે તરત જ તેનો તિલ્લીનો રોગ મટી ગયો. અને ત્રીજાને કહ્યું, મારા ભાઈ ! હલ્વા સાબુની તો અમીરો અને બાદશાહોનો ખોરાક છે અને તેં તો દરવેશીનો લિબાસ પહેર્યો છે. તારા લિબાસ સાથે એ જમણનો મેળ બેસતો નથી ! ક્યાં તો દરવેશીનો લિબાસ ઉતારી નાખ અને હલ્વા સાબુની ખા, અથવા હલ્વા સાબુની ખાવાની મમતાનો ત્યાગ કર અને દરવેશીનો લિબાસ પહેર. તારે બે વાતોમાંથી એક પસંદ કરી લેવી જોઈએ. *(સંપૂર્ણ)*


## અણમોલ કિતાબ મંગાવો

**કિતાબ** : સીરતે સૈયદુલ મુરસલીન (ભાગ : ૧, ૨, ૩) **લેખક** : હાજી જી. એ. મોમિન પાટડીવાળા

**પ્રકાશક** : સુન્ની મુસ્લિમ રોશન ચિરાગ કમિટી, મુ. પાટડી, તા. દસાડા, જિ. સુ. નગર, પિન. ૩૮૨૭૬૫

નબી કરીમ ﷺ ની સીરતે પાક, આપના મુબારક જીવન ચરિત્ર પર વિવિધ બુઝુર્ગોની કિતાબોના હવાલાથી વિગતવાર કિતાબ અવશ્ય મંગાવો. પ્રકાશકની જાહેરાત નીચે મુજબ છે :–

★ **સીરતે સૈયદુલ મુરસલીન** *(ભાગ : ૧, હદીયો : રૂા. ૪૫/–, પોસ્ટખર્ચ : રૂા. ૬/–)*

★ **સીરતે સૈયદુલ મુરસલીન** *(ભાગ : ૨, હદીયો : રૂા. ૫૦/–, પોસ્ટખર્ચ : રૂા. ૩/–)*

★ **સીરતે સૈયદુલ મુરસલીન** *(ભાગ : ૩, હદીયો : રૂા. ૯૦/–, પોસ્ટખર્ચ : રૂા. ૬/–)*

ત્રણે ભાગ એકી સાથે મંગાવનારને રૂા. ૧૪૦ + રૂા. ૧૫ કુલ રૂા. ૧૫૫/– માં આપવામાં આવશે.

ભાગ : ૧ તથા ભાગ : ૨ મંગાવનારને ૨૦% કમિશન તથા ભા. ૩ મંગાવનારને ૨૫% કમિશન આપવામાં આવશે. સંસ્થા કે લાયબ્રેરીને ૩૦% વળતર આપવામાં આવશે.

(**નોંધ** : વી.પી. કરવામાં આવશે નહીં, રકમ M.O. થી મોકલવી)

# ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا

**[વિસાલ : ૩-રમઝાન, હિ.સ. ૧૧]**

**મૂળ લેખક** : હઝરત અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક** : હઝરત મૌલાના મુફતી અમાનુર્રબ સાહબ

**અનુવાદક** : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી-સેગવા

## હઝરત ફાતિમાની ઉમર શરીફ અને વિસાલ વિશે લખાણો

મદાયેની વગેરેનું બયાન છે : હઝરત ફાતિમા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બધી સાહબઝાદીઓમાં નાનાં હતાં. ઈબ્ને અબ્દુલ્‌બરનો કૌલ છે : આપની પુત્રીઓમાં બધાથી નાનાં ઉમ્મે કુલ્સૂમ હતાં. એમનામાં નાનાં મોટાં હોવામાં ઈખ્તેલાફ છે. સહી એ છે કે આપની પુત્રીઓમાં પહેલાં હઝરત ઝૈનબ પછી રુકય્યા પછી ઉમ્મે કુલ્સૂમ પછી હઝરત ફાતિમા.

ઈબ્ને ઈસ્હાકનું લખાણ છે કે જનાબા ફાતિમાની વિલાદતના સમયે કુરૈશ કા'બા શરીફની તામીરમાં મશ્ગૂલ હતા. અને કુરૈશે કા'બાની તામીર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નબુવ્વતના એલાન પછી સાડા સાત વર્ષ પહેલાં કરી હતી અને એવું પણ કહેવામાં આવે છે કે એલાને મુકદસના વર્ષે આપની વિલાદત થઈ.

હઝરત ફાતિમા رضی اللہ عنہا ની વફાત રસૂલે મોહતરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ શરીફના છ મહિના પછી થઈ. એના સિવાય અન્ય પણ બયાનો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ શરીફના આઠ મહિના પછી, ત્રણ મહિના પછી, સત્તર દિવસ પછી, બે મહિના પછી. પરંતુ સહી બયાન પહેલું છે. ઈમામ વાકેદી વગેરેએ એના પર ઈત્તેફાક કર્યો છે. આપની વફાત મંગળવારે રાત્રે ૩-રમઝાનુલ મુબારક ૧૧ હિજરીમાં થઈ. ઝહબીનો કૌલ આ છે.

સહી એ છે કે આપની ઉમર શરીફ ૨૪ વર્ષની હતી. એના સિવાય એ પણ છે ૨૧, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૩, ૩૫ વર્ષ.

અબ્દુલ્લાહ ઈબ્ને હારિષ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ બાદ હઝરત ફાતિમા છ મહિના હયાત રહ્યાં. આ જ કથન વધારે રોશન છે. ફર્માવ્યું, હુઝૂરના વિસાલ શરીફ પછી ફાતિમા صلی اللہ تعالیٰ علیہ وسلم ને કદી હસતાં જોયાં નથી. એક કથન એ છે કે આપને ગુસ્લ આપના પતિ હઝરત અલીએ આપ્યું અને આપ પર નમાઝે જનાઝા પઢી અને રાત્રે દફન કર્યા. એ પણ કથન છે કે હઝરત અબ્બાસે નમાઝ પઢી. હઝરત અબૂબક્રના વિશે પણ કથન છે. કબ્રમાં હઝરત અલી, અબ્બાસ અને એમના છોકરા ફઝલ ઉતર્યા હતા.

*(ખાતૂને જન્નતના ગુસ્લનો અજીબ વાક્યો)*

ઈબ્ને સઅદ તબકાતમાં અને અહમદ પોતાની મુસ્નદમાં હઝરત સલ્માથી રિવાયત કરે છે. તે કહે છે : ફાતિમાએ એ તકલીફનો ઝિક્ર કર્યો જેમાં વફાત થઈ. હું આપની બીમારપુરસી કરતી હતી. એક દિવસ સવારમાં હઝરત ફાતિમા ઉઠયાં તો જોયું હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અમુક જરૂરી કામો માટે નીકળ્યા છે. તો ફાતિમાએ મને ફર્માવ્યું, મારા માટે ગુસ્લના પાણીનો ઈન્તેઝામ કરો. મેં તરત ગુસ્લનું પાણી આપ્યું. આપે એટલી સારી રીતે ગુસ્લ કર્યું કે મેં આવું ગુસ્લ કદી જોયું ન હતું. ગુસ્લ કરતાં ફર્માવ્યું, હે લોંડી ! મારા માટે નવાં કપડાં આપો ! કપડાં આપતાં તેને આપે પહેર્યાં. પછી ફર્માવ્યું, હે સલમા ! મારો બિસ્તર ઘરના

વચ્ચે બિછાવી દો. પછી આપ સૂતાં અને પોતાના મોઢાને કિબ્લા તરફ કર્યું અને પોતાના હાથોને પોતાના ચેહરા નીચે મૂકી દીધા. પછી ફર્માવ્યું, હે સલમા ! હું ઈન્તેકાલ કરવાની છું પાકી ગુસ્લ કરી ચૂકી છું, મને કોઈ પણ બોલે નહીં અને ઘર બંધ કરી દીધું. ત્યાર બાદ હઝરત અલી તશરીફ લાવ્યા. મેં વાક્યો બયાન કર્યો તો આપે ફર્માવ્યું, કસમ છે વહ્દહૂ લાશરીકની કોઈ ફાતિમાને બોલે નહીં અને એમને આ જ ગુસ્લમાં દફન કરવામાં આવશે.

આ હદીષ ગરીબ છે એની સનદ જય્યદ છે પરંતુ આ હદીષમાં ઈબ્ને ઈસ્હાક અનઅના છે. ઈબ્ને જૌઝી આ હદીષને મનઘડતમાં દાખલ કરે છે. એમનો રદ ઈબ્ને હજરે અલ્ કૌલુલ્ મુસદ્દદમાં કર્તા એમના પર એબ લગાડે છે કે જૌઝી હદીષને ઘણી જલ્દીમાં મનઘડતથી બયાન કરી દે છે. જો આ વાકિયો સહી છે તો (ગુસ્લે જનાઝા) એને પણ હઝરત ફાતિમાની વિશિષ્ટતામાં દાખલ કરીશું.

**મસ્અલો** : પતિ પોતાની પત્નીને ગુસ્લ આપી શક્તો નથી, કારણ કે હવે પતિથી નિકાહ બાતિલ થઈ ગયો છે અને તેણી તેના માટે અજનબી છે.

ઈબ્ને સઅદ ઉમ્મે જા'ફરની રિવાયત બયાન કરતાં હઝરત ફાતિમા અસ્મા બિન્તે ઉમેસથી ફર્માવે છે કે હું નાપસંદ કરું છું જે સ્ત્રીઓ સાથે જનાઝા વખતે કરવામાં આવે છે કે એક કપડુ ખાલી નાખવામાં આવે છે. આ ફર્માવ્યું તો મેં અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલની બેટી ! શું તમને હું એ વસ્તુ ન બતાવું જે મેં હબ્શા દેશમાં જોયું ?! પછી તેમણે ખજૂરની ડાળીઓ મંગાવી એના ઉપર કપડુ નાંખ્યું. સૈયદા ફાતિમા ફર્માવે છે, આ કેટલું સારું છે અને આપે આ વસ્તુની પ્રશંસા કરી ફર્માવ્યું, જ્યારે હું ઈન્તેકાલ કારી જાઉં તો તમે અને અલી મને ગુસ્લ આપશો એવી રીતે કે મને કોઈ જોઈ ન શકે.

ઈબ્ને અબ્દુલ્લાહ બયાન કરે છે કે ઈસ્તામમાં હઝરત ફાતિમાનો જનાઝા પહેલો હતો જે ડોલીની શકલમાં હતો. પછી આપના બાદ ઝૈનબ બિન્તે જહશને આવી જ રીતે ઉઠાવવામાં આવ્યા હતાં. ઉમર ઈબ્ને મુહમ્મદ ઈબ્ને ઉમર ઈબ્ને હુસૈનથી રિવાયત છે. તે રિવાયત કરે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી, તે ફર્માવે છે :– ફાતિમા પહેલાં ખાતૂન છે જેમણે પોતાના માટે આવો ઈન્તેઝામ કર્યો. ફાતિમાને અસ્મા બિન્તે ઉમેસે આ પર્દાની ખબર આપી જેઓ દેશ હબ્શામાં જોઈ આવ્યાં હતાં.

**ફાયદો** : ઉલ્મા ફર્માવે છે : હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો નસલ ખત્મ થયો પરંતુ હઝરત ફાતિમાથી ચાલ્યો. હુઝૂરની નવાસી ઉમામા બિન્તે ઝૈનબ જેમણે હઝરત ફાતિમા બાદ હઝરત અલીથી નિકાહ કર્યો. અને હઝરત અલી પછી ઉમામાએ મુગીરા ઈબ્ને નોફાતથી નિકાહ કર્યો અને બંનેવથી ઔલાદ થઈ.

હઝરત ફાતિમા رضی اللہ عنہا થી દસના લગભગ હદીષો રિવાયત થયેલ છે કારણ કે આપ (ફાતિમા) જલ્દી વિસાલ ફર્માવી ગયાં.

હુઝૂરના વિસાલ વખતે હઝરત ફાતિમાએ જે શેરો કહ્યા હતા તે આ છે :–

૧. આકાશમાં અંધારું થઈ ગયું, સૂર્ય ડૂબી ગયો અને દુનિયામાં અંધકાર થઈ ગયો.
૨. હુઝૂરના વિસાલ પર જમીન પણ ફાટી ગઈ અને રડી.
૩. તૂર પહાડ અને નાના પહાડો કા'બા શરીફ તથા તેના રૂકનોએ રડવું જોઈએ.
૪. પૂર્વ પશ્ચિમના લોકો યમનના લોકો મુઝર કબીલાના લોકોએ રડવું જોઈએ.
૫. હે રસૂલોના ખાતિમ (છેલ્લા) ! તમો બરકત અને નેકીના સમુદ્ર છો, આપ પર કુર્આન નાઝિલ કરનાર પણ દુરૂદ અને સલામ મોકલે છે.

અલ્લાહ તઆલા સૈયદા ફાતિમા અને હઝરત અલી જેવી જિંદગી ગુજારવાની તૌફીક આપે અને મુસલમાન નવજુવાન છોકરીઓ નાની મોટીને ફાતિમાની નોકરાની બનાવે. આમીન, યા રબ્બલ આલમીન. પર્દાની પાબંદી કરવાની, નમાઝ પઢવાની, નેક કાર્ય કરવાની તૌફીક બખ્શે. (આમીન) *–સંપૂર્ણ*

# ઔરતોની હિકાયતો

✪ લેખક ✪

મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

✪ અનુવાદક ✪

આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

## હઝરત સારા અને હાજરા (رضی اللہ عنہا)

**હિકાયત નં. ૪** :હઝરત ઈબ્રાહીમ عليه الصلاة والسلام ની બે પત્નીઓ હતી. પેહલીનું નામ સારા અને બીજીનું નામ હાજરા હતું. મુલ્કે શામમાં હઝરત હાજરાનાં બદનપાકથી હઝરત ઈસ્માઈલ عليه الصلاة والسلام જન્મ્યા. હઝરત સારાને કોઈ ઔલાદ ન હતી તેથી તેમને રશ્ક પૈદા થયો અને તેમણે હઝરત ઈબ્રાહીમ عليه الصلاة والسلام ને કહ્યું કે આપ હાજરા અને એમના દીકરાને મારાથી દૂર કરી દો. હિકમતે ઈલાહીએ આ એક કારણ પૈદા કર્યું હતું. જ્યારે કે વહી આવી કે હઝરત સારાના કહેવા મુજબ આપ હઝરત હાજરા અને એમના દીકરા ઈસ્માઈલને તે જમીન પર લઈ જાવ જ્યાં હાલમાં મક્કા મુકર્રમા આબાદ છે. વહી પ્રમાણે હઝરત ઈબ્રાહીમ عليه الصلاة والسلام હાજરા અને એમના દીકરાને બુરાક પર સવાર કરી શામથી સર ઝમીને હરામમાં લઈ આવ્યા અને કા'બા મુકદસા પાસે ઉતાર્યાં. અહીંયા તે સમયે ન કોઈ આબાદી હતી, ન કોઈ ચશ્મો, ન કંઈ પાણી. કા'બા શરીફને પણ તુફાને નૂહના સમયે આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યો હતો. સારાંશ તે જગા તે વખતે બિલ્કુલ વેરાન, સૂકી અને ઉજ્જડ હતી. અનાજ, પાણીનો દૂર દૂર સુધી પતો ન હતો. એવી ભયાનક જગા પર હઝરત ઈબ્રાહીમ عليه الصلاة والسلام એ હઝરત હાજરા અને ઈસ્માઈલને એ કે તોશદાન (બે વાસણ જેમાં મુસાફિર ખાણું લઈ જાય)માં થોડીક ખજૂર અને એક વાસણમાં પાણી દઈને તેમને ઉતાર્યાં. અને ખૂદ ત્યાંથી પાછા વળી ગયા અને પાછળ ફરીને તેમની તરફ જોયું નહીં. હઝરત હાજરાએ આ મામલો જોઈને અર્ઝ કરી કે આપ અમને આ દાણા પાણી વિનાના ઉજ્જડ જંગલમાં એકલા છોડીને ક્યાં જાવ છો ?! આપે કોઈ જવાબ ન આપ્યો. હઝરત હાજરાએ ફરી પૂછયું કે, શું અલ્લાહે આપને આનો હુકમ આપ્યો છે ? આપે ફર્માવ્યું, હા ! ત્યારે તેમને સંતોષ થયો. હઝરત ઈબ્રાહીમ عليه الصلاة والسلام ચાલ્યા ગયા. હઝરત હાજરા પોતાના ફરઝંદ ઈસ્માઈલને દૂધ પીવડાવવા લાગ્યાં. જ્યારે તે પાણી પૂરું થઈ ગયું અને તરસની તકલીફ હદ બહારની થઈ અને સાહબઝાદા સાહબનું ગળુ સૂકાઈ ગયું તો આપ પાણીની શોધમાં સફા મરવાની પહાડીઓના દરમ્યાન સાત વાર આમ તેમ દોડયાં. એટલે સુધી કે હઝરત ઈસ્માઈલ عليه الصلاة والسلام ના કદમ મુબારક મારવાથી તે સૂકી જમીનથી પાણી નીકળી આવ્યું જે આજ સુધી ''ઝમઝમ''ના નામથી પ્રખ્યાત છે. અચાનક ત્યાંથી એક કબીલએ જુરહમ (જુરહમ નામી ખાનદાન)નો ગુજર થયો તો લોકોએ દૂરથી એક પક્ષી જોયું. તેઓ હેરાન થઈ ગયા કે આ સૂકા જંગલમાં પક્ષી કેવું ?! કદાચ ક્યાંક પાણીનું ઝરણું નીકળ્યું હશે. જ્યારે તેઓ તે તરફ ગયા તો જોયું કે એક પાણીનું ઝરણું વહે છે અને એક નૂરાની શકલની ઔરત પોતાની ગોદમાં બાળક લઈને તન્હા બેઠી છે. આ મંઝર જોઈ તેઓ હેરાન થઈ ગયા. અહીંયા શાહનામા ઈસ્લામના બે શેઅર પણ સાંભળી લો :

निदा आई के ए जुरहम के बच्चो बाद ये गर दो  
अय बुढ्हो और जवानो और अय बच्चो, औरतो, मर्दो  
ये औरत और उसकी गोदमें बच्चा जो लेटा है  
ये पैगंबर की बीवी है ये पैगंबर का बेटा है

આ જોઈ સાંભળીને કબીલાવાળાઓએ હઝરત હાજરા પાસે ત્યાં વસવાની ઈજાઝત માંગી. આપે ઈજાઝત આપી. તે લોકો ત્યાં રહેવા લાગ્યા અને હઝરત ઈસ્માઈલ عليه الصلاة والسلام જવાન થયા તો તે લોકોએ આપની નેકી અને પરહેઝગારી જોઈને પોતાના ખાનદાનમાં તેમની શાદી કરી દીધી. આ તે જ જગા છે, જ્યાં હમણાં કા'બા શરીફ અને મક્કા મુકર્રમાનું શહેર છે. અને દુનિયાના ખૂણે ખૂણેથી લોકો ટોળે ને ટોળે ત્યાં હાજરી આપે છે.

**બોધ** : ખુદા તઆલાનાં હર કામમાં હિકમત

છુપાએલી હોય છે. હઝરત હાજરાને ત્યાં ફરઝંદ પૈદા ફર્માવી હઝરત સારા થકી માં બેટાને એક એવી જગાએ પહોંચાડયાં જ્યાં અનાજ પાણીનો કોઈ સામાન ન હતો. અને પછી એમની બરકતથી તે વેરાન જગાને પૃથ્વીનું કેન્દ્ર બનાવી દીધું. (દુનિયાના લોકો માટે તવાફ કરવાની જગા બનાવી દીધી.)

જણાયું કે અલ્લાહના મકબૂલ બંદા કોઈ વેરાન જગ્યાએ પણ તશરીફ લઈ જાય તો તે જગ્યા હળીભળી થઈ જાય છે અને લોકો હજાર તકલીફો વેઠીને ત્યાં પહોંચવા લાગે છે. જ્યારે કે મક્કા મુકર્રમાનું મુકદ્દસ શહેર હઝરત હાજરા અને એમના સાહબઝાદા હઝરત ઈસ્માઈલ علیہ السلام ના મુબારક કદમોની બરકતથી આબાદ થયું. અને એ પણ જાણવા મળ્યું કે હઝરત ઈસ્માઈલ علیہ السلام ના કદમ બચપણમાં પણ એવા બરકતવંત હતા કે તેમના ઝરીએ જે ચશ્મો જારી થયો તે આજ સુધી તે સુકાયો નથી અને કરોડો અરબો ખરબો લોકોની તરસ મટાડી ચૂક્યો છે, મટાડી રહ્યો છે, મટાડતો રહેશે. આપણા ખોદેલા કૂવા દિવસ રાત લગાતાર ઈસ્તેમાલ થવાથી સુકાય જાય છે. પણ એક નબીના કદમ મુબારકની બરકત જુઓ કે આ ચશ્મો હજારો વર્ષોથી એ જ હાલત પર વહી રહ્યો છે. હમણા પણ દર વર્ષે લાખોની સંખ્યામાં હાજીઓ ત્યાં પહોંચે છે તે જ ઝમઝમના કૂવાથી નહાય પણ છે, વુઝૂ પણ કરે છે, કફન પણ ભીંજાવીને લાવે છે અને પછી ડ્રમોમાં ભરી ભરીને તેનું પાણી પોતપોતાના વતનમાં પણ લાવે છે. આ કૂવો ચોવીસ કલાક દિવસ રાત ચાલતો રહે છે. ઈલેકટ્રોનિક મોટરો અને ડોલોથી કાયમ એમાંથી પાણી કાઢવામાં આવે છે પણ અલ્લાહના નબીના કદમની બરકત કે આજ સુધી તે કૂવાનું પાણી ખતમ નથી થયું અને ન થશે. અને કયામત સુધી આજ હાલત રહેશે. આ કદમે નબીનો જ સદકો છે કે પૂરી દુનિયાની જમીનનાં સૌ પાણીઓથી ઝમઝમનું પાણી અફઝલ છે. કેવળ એક પાણી ઝમઝમનાં પાણીથી પણ અફઝલ છે અને તે પાણી એ છે કે જે હુઝૂર ﷺ ની આંગળીઓથી જારી થયું હતું. જેના બારામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ લખ્યું છે :–

ઉંગલિયાં હૈં ફૈઝ પર તૂટે હૈં પ્યાસે ઝુમકર
નદ્દિયાં પંજાબે રહમત કી હૈ જારી વાહ વાહ !

એ પણ જાણવા મળ્યું કે આજે પણ જે હાજી સફા મરવાની પહાડીઓના દરમ્યાન સાત ચક્કર લગાડે છે તે હઝરત હાજરાની સુન્નત પર અમલ કરે છે અને નકલ ઉતારે છે. હજ્જના દોરામાં કા'બા શરીફનો તવાફ અને હજરે અસ્વદને ચૂમવું હુઝૂર ﷺની અદા મુબારકની નકલ છે. મિનામાં શૈતાનોને પથ્થર મારવા હઝરત ઈબ્રાહીમ અને ઈસ્માઈલ عَلٰی نَبِیِّنَا وَ عَلَیْہِ الصَّلٰوۃُ وَالسَّلَامُ ની નકલ કરવી છે. જણાયું કે અલ્લાહના મકબૂલોની નકલ ઉતારવી જ અલ્લાહની ઈબાદત છે. કેટલાક લોકો જે ગૈરુલ્લાહ ગૈરુલ્લાહની રટ લગાડતા ફરે છે તેઓ બતાવે કે આ શું વાત છે ?! કે હજ્જમાં નકલ થાય અલ્લાહના મકબૂલ બંદાઓની અને ઈબાદત થાય અલ્લાહની ! આ પાંચ નમાઝો જે આપણા ઉપર ફર્ઝ છે એ પણ હુઝૂર ﷺની અદાએ મુબારકની નકલ છે. નહીં તો અગર નમાઝની રકાત અને રુકૂઅ અને સજદા જ અસલ મુદ્દા હોય તો કોઈ શખ્સ ફજરની બે રકાત (ફર્ઝ)ના બદલે ચાર રકાત (ફર્ઝ) અને મગરિબની ત્રણ રકાત (ફર્ઝ)ના બદલે છ રકાત (ફર્ઝ) પઢી લે તો ખુદાએ ખુશ થવું જોઈએ કે એણે મારા માટે રકાત અને રુકૂઅ અને સજદા વધારો કર્યો, પણ નહીં એવા શખ્સથી ખુદા ખુશ નહીં થાય બલ્કે એની નમાઝ જ કુબૂલ નહીં થાય. એટલા માટે કે એણે અલ્લાહના મહબૂબની નકલ ઠીક નથી ઉતારી. અલ્લાહના મહબૂબે ફજરની બે રકાત (ફર્ઝ) પઢી છે તો ખુદાને પણ બે જ રકાત (ફર્ઝ) પસંદીદા છે. હુઝૂરે મગરિબની ત્રણ રકાત ફર્ઝ પઢી છે તો ખુદાને પણ ત્રણ રકાત (ફર્ઝ) જ પસંદીદા છે. એટલા માટે કે અલ્લાહ રકાતને નથી જોતો પોતાના મહબૂબની અદાઓને જુએ છે. એ જ સબબે હુઝૂરે પણ ફર્માવ્યું, **(અર્થ)** : "નમાઝ એ રીતે પઢો જેવી મને પઢતાં જોઈ રહ્યા છો."

ષાબિત હુવા કે જુમલા ફરાઈઝ ફુરૂઅ હૈ
અસ્લલ ઉસૂલે બંદગી ઉસ તાજવર કી હૈ

## બરકાતે ખ્વાજાની ટપાલ

### ★ મદ્રસાના બાંધકામ માટે ઈમદાદની અપીલ ★

**રાજગઢ પાલ્લા :** તા. ઘોઘંબા, જિ. પંચમહાલ. અહીંયા ગરીબ વસ્તી છે તથા મદ્રસા માટે બીજી કોઈ આવક છે જ નથી. મદ્રસાના બાળકો મસ્જિદના સહેનમાં બેસી પઢે છે. લગભગ ૩૦૦ ઘરોની આબાદી છે. બીજો કોઈ ચારો નથી. સખી દાતાઓને મદ્રસાના બાંધકામ માટે મદદની અપીલ છે.

**સંપર્ક કરો :–** મદ્રસા ખૈરુલ ઉલૂમ ગૌષિયા, ૯૬–મુહમ્મદ રફીક વકીલ, મુ. રાજગઢ પાલ્લા, તા. ઘોઘંબા, જિ. પંચમહાલ

★ ✪ ✪ ☆

**ભરૂચ :** બાયપાસ જંબુસર રોડ ઉપર સરફરાઝ પાર્કમાં ગુલામભાઈ બોમ્બેવાળા તરફથી "મસ્જિદે ફાતિમા"ની પૂરે પૂરી તામીર કરી એમના મર્હૂમોને સવાબ માટે અહલે સુન્નત વલ જમાઅત માટે વકફ કરેલ છે. અલ્લાહ તઆલા તેના હબીબે પાક ﷺ ના સદકામાં કબૂલ ફર્માવે. એમની નેક દિલી દુઆઓને કબૂલ કરે. *(તંત્રી : બરકાતે ખ્વાજા)*

### ★ હઝરત મૌલાના શફીઅ ઓકાળવીનાં બયાનોની C.D. મેળવો ★

મશહૂર સુન્ની મુકર્રિર મૌલાના શફીઅ ઓકાળવી સાહબ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ નાં ૧૦૦ જેટલાં બયાનો તેમજ સાથોસાથ દિલકશ નઅતિયા કલામની ત્રણ C.D. નો સેટ કેવળ સુન્નિયતના પ્રચાર અર્થે જનાબ હાજી રઈસ અહમદ સાહબે તૈયાર કરેલ છે. એનો લાભ લેવાનું ચૂકશો નહીં. ઈમાન તથા અમલની પુખ્તગી માટે અણમોલ ખજાનો એમાં છે. C.D. દીઠ રૂા. ૪૦/– અને ત્રણ C.D.નો સેટ મંગાવનાર રૂા. ૧૨૦ M.O. કરશે તેને કુરીયર ચાર્જ ફ્રી.

**સંપર્ક કરો : Haji Raees Ahmed**
Sanjari Traders, Azizuddin Road, Steelcentre Bldg, Bunder-Mangalore.
Ph. : 425162-443821

**જંબુસર :** જનાબ અલ્લારખા મલેક ફુટવાળા (મુઆવિને સુન્ની દા'વતે ઈસ્લામી) લખી જણાવે છે કે મૌલાના મહબૂબ હસનવલી સરનારવી સાહબે (યુ.કે.) તેમના વાલિદૈન તથા મોટાભાઈ, ભાભી મુબારક હજ્જના ફરીઝાને અદા કરવા જતા હોઈ તેની ખુશીમાં **બરકાતે ખ્વાજા (માસિક)ને રૂા. ૧૦૦/– નો તોહફો** મોકલાવ્યો છે. (મુબારકબાદ ! મૌલા તઆલા તેઓને તંદરુસ્તી અને સલામતી સાથે રાખે, તેમની હજ્જને હજ્જે મબરૂર ફર્માવે. *–તંત્રી : બરકાતે ખ્વાજા*

**નવી સાયર :** ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા) સંચાલિત મદ્રસાના વિઝિટર જનાબ હાફેઝ મહબૂબ ઝંઘારવી જણાવે છે કે નવી સાયર તા. કરજણ મુકામે મદ્રસાની વિઝિટ તેમજ સુન્ની દા'વતે ઈસ્લામીનો ભરૂચ ખાતે વાર્ષિક ઈજતેમા હોય જેની દા'વત આપવા આવ્યો હતો. ગામમાંથી જાણવા મળ્યું કે નકુમ સિદીક ઈકબાલ જેની ફક્ત ૮ વરસની ઉંમર છે, જે બાળકે પૂરા મહીનાના રોઝા પણ રાખ્યા અને ૨૦ મા રોઝાથી એ'તેકાફમાં પણ આ બાળક બેઠો હતો જે ઘણી ખુશીની વાત છે. અલ્લાહ આ બાળકને તેમજ તેનાં મા બાપને બેહતર બદલો આપે તેમજ નેક બનાવે એ જ દુઆ છે. *–હાફેઝ મેહબૂબ (કરજણ)*

**ડભોઈ :** થી હાજી ઈસ્માઈલ હાજી મુહમ્મદઅલી ડોકટર જણાવે છે કે તેમના ૧૨ વર્ષના પૌત્ર આરિફ હુસૈને રજબ, શાબાન, રમઝાન તથા શવ્વાલના કુલ સાડા ત્રણ માસના રોઝા રાખ્યા છે. આ પુર ફિતન દૌરમાં ઔલાદને નેક આદતો પાડવી એ જેહાદનું કામ છે ! મુબારકબાદ !

*–(તંત્રી : બરકાતે ખ્વાજા)*

## ★ જજ તરીકે પસંદગી પામતાં મુબારકબાદ ! ★

**અમદાવાદ** : સરખેજના મેહબૂબ મુહમ્મદભાઈ શેખ સીવીલ જજ અને જુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસમાં પસંદગી પામીને જજ તરીકે સુરેન્દ્રનગરમાં નિમણૂંક થઈ છે. મુબારકબાદ ! હાઈકોર્ટોના બાહોશ સ્વતંત્ર જજોની પેનલ મારફત તેમની પસંદગી ઉપરાંત અનુભવી ઉમેદવારોમાંથી બહુ આગળના ક્રમે પસંદગી પામવામાં ભાગ્યશાળી થયા છે.

હાલમાં તેઓ શરૂઆતની બેચમાં જ હાઈકોર્ટમાં એકસપર્ટ જજોની દેખરેખમાં કેસો ચલાવવાની તા'લીમ લઈ રહ્યા છે. જ્યાં શરૂઆતમાં જ તેમને કેપીટલ પનીશમેન્ટ ઉપર લેકચર આપવાનું માન મલ્યું છે.

તેમના સદ્નસીબે જનાબ મુહમ્મદ સરદાર શેખ સાહબ (માજી આસી. લેબર કમિશ્નર) સ્વતંત્ર ન્યુટરલ ઈન્સાફ પસંદ જીવનવાળા તેમના પિતાજીએ બચપણથી જ તા'લીમ ઉપર ધ્યાન આપી દીન અને દુનિયાની તા'લીમ આગળ વધારેલ. નમાઝ, રોઝા, હાલાલ કમાઈની ખાસ તા'લીમ વારસામાં મળેલ છે. હાઈકોર્ટની સખત તા'લીમ દરમ્યાન પણ ત્રીસ દિવસના રોઝા નમાઝની પાબંદી સાથે હાઈ કોર્ટમાં રેગ્યુલર હાજરી તેનું દષ્ટાંત છે. જ્યાં તેઓશ્રીને ટૂંક સમયમાં ઉચ્ચ દરજાના જજોની અને હિંદુ મુસ્લિમ સહ કાર્યકર જજોની ચાહના મેળવેલ છે.

તેઓ તયબાહ, અલ મુઈન, બરકાતે ખ્વાજાના ચાહક અને સુન્ની મસ્લક પર અટલ છે. દર રમઝાનમાં વેલફેર મિશન દયાદરા અને દારુલ ઉલૂમની મદદને યાદ રાખે છે. જઝાકલ્લાહ ! "વેલ્ફેર મિશન"ના પ્રમુખ, દા.ઉ થામના ટ્રસ્ટીઓ અને મેમ્બરો તેઓને મુબારકબાદી સાથે નાની ઉમરમાં જજ થયા પછી પોતાની લાયકાત પુરવાર કરીને હાઈકોર્ટ જજ સુધી આગળ તરકકી કરવાની હાર્દિક શુભેચ્છા પાઠવે છે. અને દુઆ ગુજારે છે. આમીન. *(–તંત્રી : બરકાતે ખ્વાજા)*

**થામ** : દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ તા.જિ. ભરૂચની દાન ફાળાની બુક સીરીઝ નંબર **R.૧૨ રસીદ નંબર ૫૫૧ થી ૬૦૦ નંબરની બુક ગુમ** થઈ છે. મુબારક માસ રમઝાનમાં કોઈ ચાલાક માણસે તેનો લાભ લીધો હોય અને આ રસીદ ઉપર ફાળાની રકમ આપી હોય તથા રસીદ સાચવી રાખી હોય તો અમોને મોકલી આપશો. અને અમને જાણ કરશો. અમો આપના આભારી થઈશું. એવું સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

## ★ ઈદની ખુશી જેવો અંક ! ★

અસ્સલામુ અલૈકુમ ! સલામ બાદ, શબ્બીરભાઈ ! અમો બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક છીએ. ડિસેમ્બરનો અંક તો ૧૨ મહિનાની જાણે ઈદની ખુશી જેવો અંક છે. ખૂબ જ પસંદ પડેલ છે. આપનો ખૂબ ખૂબ આભાર. *–સૂર્યા ઓસામા મુહમ્મદ અલ્તાફ–સૂરત*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

કોસંબાથી હાજી મુહમ્મદ ઈકબાલ કુરૈશી લખે છે કે અમારા મોટાભાઈ હાજી અબ્દુલરહીમ અબ્દુલકરીમ કુરૈશી (ગાઝીલેન્ડ કોર્પોરેશન) તા. ૨૭/૧૦/૨૦૦૪ ને ચાંદ ૧૨ માહે રમઝાનના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચી ગયા છે. મર્હૂમ મિલનસાર સ્વભાવના સુન્નિયતને માટે હમેશાં સક્રિય રહેતા. સૌ પ્રથમ ૧૯૮૦ માં "વાલેપીર દરગાહ"માં એક નાના જૂથ સાથે સુન્ની મસ્જિદની સ્થાપના કરી. તેમના પ્રયત્નોથી આજે કોસંબા (આર. એસ.) ખાતે અહલે સુન્નત વલ જમાઅતની ચાર મસ્જિદો અડીખભ ઊભી છે. સુન્ની મસ્જિદોને જીવંત રાખવા પોતાનો મહત્વનો ભોગ આપ્યો છે તેમણે પોતાની આખી જિંદગી સુન્નિયતના પ્રચારમાં ગુજારી સુન્ની મદ્રસાઓને જીવંત રાખવા ઘણા પ્રયત્નો કર્યા છે તથા અહલે સુન્નત વલ જમાઅતના મદ્રસાઓને ચાલુ કરાવ્યા છે.

અલ્લાહ તઆલા એના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતુલ ફિરદોસમાં આ'લાથી આ'લા મકામ અતા ફર્માવે. *(–તંત્રી : બરકાતે ખ્વાજા)*